# RAMUZ-E-DILPASAND.

BY

A. D. MOONSHI.

00051617

398-6
Mool Ram
51617




Digitized with financial assistance from
Hemendra Kothari
on 06 November, 2019

27-7-28

# RAMUZ-I-DILPASAND

OR

## PLEASANT RIDDLES

FROM VARIOUS USEFUL WORKS

COMPOSED BY

ARDASEER DOSSABHAEE MOONSHEE

Translator and Publisher of the History of the Ancient Parsis.

51617

LIBRARY OF THE BOMBAY BRANCH OF THE ROYAL ASIATIC SOCIETY.

Dx. 2. 4

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS.

1893.

ORI
Guj 398.6
Moo/ Ram
51617

00051617

# રમુઝે દીલપસંદ

અથવા

## દીલને રીઝવનારા ટુચકા.

જુદી જુદી કેતાબો મધેથી ચુંટી કાહાડેલા.


રચનાર,

**અરદેસર ડોસાભાઈ મુનશી,**

તે આગલા ધરાની પારસીઓનાં ધતિહાસનો ફારસી મધેથી
ગુજરાતીમાં તરજુમો કરી છપાવી પ્રસિધ્ધ કરનાર.



મુંબઈ મધે,

દફતર આશકારા છાપાખાનામાં
એદલજી માણેકજી વારછાએ છાપ્યું છે.

કોટ—કાવસજી પટેલ સ્ટ્રીટ, નં૦ ૮૭.

૧૮૯૩.

# દીબાચો.

હરએક સારૂં કામ આરંભતી વખત આ જગતના પેદા કરનાર પાક પરવરદેગારનું મુબારક નામ લેવું સઝાવાર છે તે પ્રેરણે અમો કરીને કારશાઝની મદદ માંગી આ નાની કેતાબ અમારા દાનેશમંદ વાંચનારાંઓ સનમુખ ધરીછે.

આ ચોપડી પ્રગટ કરવાનું અમારા ખ્યાલમાં પણ ન હતું, પણ તે નિચલા સંજોગથી બની ગયુંછે. અમોએ કોઇબી વખત પૈસા કમાવાના વિચારથી આ કામ માથે લીધું નથી પણ આશરાને યોગ્ય જણાતા ગ્રંથકારોને મદદ આપવામાં મશહુર થયલા સખાવતે બાહદુર સર દીનશાજી માણેકજી પીટિટ, બેરોનેટ સાહેબની ખાયશથી તે માથે ઉઠાવી લીધુંછે.

આ કીતાબ બાહેર પાડવા સારૂં અમોએ જુદી જુદી ફારસી, ગુજરાતી, અંગ્રેજી તથા ઉરદુ કેતાબો મધેથી સંગ્રહ કરયોછે અને વાંચનારને પસંદ પડતી કરવા સાથે દીલને રમુઝ આપવા સારૂં અમોએ અમારી મકદુર માફક બનતી કોશેશ કીધીછે અને અમારા મરહુમ મુરબ્બી બાવાજી શેઠ ડોશાભાઇ સોરાબજી મુનશીની હાથની લખેલી બયાઝ એટલેજે ફારસી તથા ઉરદુ બેતોનો સંગ્રહ કીધેલી કેતાબ મધેથી જે જે અમને વાંચવાજોગ લાગ્યું તે ચુંટી કાહાડી આ કીતાબમાં દાખલ કીધુંછે, જે આશા છે કે વાંચનારને મનપસંદ થઇ પડશે.

બીજું—આ કીતાબમાં જ્યાં જ્યાં ઇંગ્રેજી Z અને ફારસી ; ض અને ظ નો ખપ પડયો ત્યાં ત્યાં હમોએ

ગુજરાતી ઝ વાપરેલોછે અને તે ઉચ્ચાર બરાબર કરવા સારૂ નીચે પ્રમાણે ઝ ની જગોએ ઝ઼ લખ્યોછે તે વાંચનારે યાદ રાખી જ્યારે આ મીંડાંવાળો ઝ આવે ત્યારે તેને ઈંગ્રેજી Z અને ફારશી ز અને ظ નો ઉચ્ચાર કરવો કે તેથી શુદ્ધ ઉચ્ચાર કરે, જેમકે زیور ઝ઼ેવર زورآور ઝ઼ોરાવર مضبوط મઝ઼બુત અને ظالم ઝ઼ાલીમ વગેરે વગેરે. જો આપણ ઉપલા ચાર શબ્દ જેવર, જોરાવર, મજબુત અને જલમ એ પ્રમાણે લખ્યે તો તે અશુદ્ધ ઉચ્ચાર થાય.

ત્રીજું—હમોએ હમારી બનતી શક્તિથી આ નાનકડાં પુસ્તકને લોકપ્રિય બનાવવાની તજવીજ કીધીછે, પણ તેમ કરતાં જો કાંઇ ભુલ ચુક અથવા ખામી નઝ઼ર આવે તો મેહરબાનીની રાહે વાંચનારે તે દરગુજર કરવી કારણકે દરેક માણસ ભુલચુકને પાત્ર હોયછે. જેમકે મુસલમાનોનાં પેગમબર સાહેબ હઝ઼રત મહમદે પોતાની હદીસે સરીફમાં લખેલુંછે કે الانسان مرکب من السهو والنسیان માણસ ભુલ ચુકથી ભરેલું છે. એને મળતી ઈંગ્રેજીમાં પણ એક કેહવત ચાલેછે કે To err is human એટલેજે માણસ ભુલ વગરનું નથી. પણ તેની સાથે હમારી ૮૨ વરસની જૈફી અને અમારી બચગીની વખતના કેળવણીનાં સાંધનો કેવાં હતાં એ બાબદેાપર વિચાર કરશો તો ટીકા કરવાનું કારણ થોડુંજ રેહશે.

ચોથું—આ કેતાબ પ્રગટ કરવામાં ઘણાએક પેહલે વાંધેના પારસી ગ્રહસ્થો અને તેવીજ મોટે ખાનદાનની બાનુઓએ તેમજ મોટા મોટા હીંદુ, મુસલમાન, ખોજા, મેમનોએ હમોને આશરો આપ્યોછે, જેથી આ તકે તેઓનું મોટું હેશાન માન્યે છીયે. પણ એ આશરો આપનારાઓમાં મુખ્ય સર જમશેદજી જીજીભાઇ ત્રાન્સલેશન ફંડના ત્રસ્ટી સાહેબો, હાલના સર જમશેદજી જીજીભાઇ, સખા-

વતના સાગર સર દીનશાજી અને એવણના બંને સાહેબઝાદા શેઠો ફરામજી અને બમનજી, મરહુમ શેઠ નોશીરવાનજી પીટિટની વટી તેમનાં વિધવા બાઇજી સાહેબ બાઇ દીનબાઇજી, આનરેબલ શેઠ નવરોજી નશરવાનજી વાડીઆજી તથા શેઠ બેરામજી નશરવાનજી સીરવાઇ અને બીજા ઘણાએક સાહેબો છે કે જેમનો ખાશ આભાર માનવાની આ કિમતી તક અમો હાથથી જવા દેઇ શકતા નથી.

આ કેતાબના આગળા ભાગમાં અમારા મરહુમ મુરબ્બી શેઠ ડોસાભાઇ સોરાબજી મુનશીની તસ્વીર અને એવણનું જન્મ–ચરિત્ર જે "ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુઝ" માં છપાયલું હતું તે આ ગ્રંથમાં ઉતારી લેવાની લાલચ અમો ફકત એટલાજ વિચારથી થોભાવી શકતા નથી, કે મરહુમને સ્વર્ગવાસ થયાને પા સદી ગુજરી ગયલી હોવાથી, તેમનાં કામો તથા કૃતજ્ઞનો કાંઇક ખ્યાલ હાલ જમાનાના જુવાનિયાઓને મળે.

મુંબઇ, તા૦ ૧ લી આગસ્ટ ૧૮૯૩.

**લા૦ શેવક અરદેશર ડોસાભાઇ મુનશી.**

[*From the Illustrated London News, 28th February*, 1863.]

# DOSSABHOY SORABJI, MOONSHEE.

DOSSABHOY SORABJEE, a man of Oriental learning and considerable literary talent, belongs to a respectable priestly family. Among the Parsees priesthood is hereditary; and as nobility amongst most nations is regarded as conferring distinction on a family, so the sacerdotal order is viewed by Parsees in a somewhat similar light.

Dossabhoy was born in the year 1786, in the city of Broach, in the province of Guzerat. His father had received such education as was within his reach in those days. It sufficed, however to enable him to appreciate the advantages resulting from a sound education, and prompted him to leave his native country for Bombay, in order that to his only son, the subject of this memoir, such learning might be imparted as the resources of the now renowned capital of Western India could then furnish. Accordingly, in 1798, Dossabhoy, at the age of twelve years, was brought to Bombay by his father; and his mother, who was a daughter of the late Dustoor Kamdeen, the then celebrated High Priest of the Parsee community of Broach, also accompanied her son. He was immediately placed in the Persian seminary conducted by Hajee Maho-

med Kayem, one of the learned natives of those days. Here Dossabhoy attracted great notice by his passion for books and his aptitude for learning. For about seven years he pursued his studies with unwearied assiduity and the closest application. His most intimate schoolfellows at this time were Mahomed Syeed Rogay, a brother of Mahomed Ali Rogay, and Mahomed Ibrahim Muckba. It is, indeed, a pleasing circumstance to record that in after years these three promising young men became worthy citizens and useful members of society, and promoters of Oriental literature.

In the year 1803 Dossabhoy left the seminary for the busy scenes of active life. He was first employed as a Persian teacher by the late Wadia Hormuzjee Bomanjee, Esq., and several young gentlemen of that eminent and ancient family were placed under his tuition. One of these pupils was the late Mr. Dossabhoy Jamsetjee Wadia, whose high attainments as a Persian scholar shed a lustre on both the pupil and his teachers. From this illustrious family Dossabhoy obtained the title of Moonshee. His knowledge of Persian, as well as of Gujaratee and Hindustani, became at this time well known in Bombay. Not only was his knowledge of the languages great, but he possessed the rare faculty of being able to impart knowledge to others. At this time,

however, Dossabhoy was labouring under a very serious disadvantage. There was then no English school in Bombay. But Dossabhoy, with his wonted application, surmounted this difficulty. He began to study English in his leisure hours at home by himself; and though, being thus self-instructed, he had not the advantage of a systematic English training, yet he acquired a tolerably good knowledge of the English language, which was subsequently greatly improved by his constant and unremitting intercourse with Europeans.

About this period several Armenian merchants who had settled in Bombay from Persia placed their sons under Dossabhoy's tuition. Our readers may not be unaware that the Armenians resident in Persia use, like the rest of the inhabitants, the Persian language. Dossabhoy's fame as a first-rate Oriental teacher now attracted the attention of English gentlemen in the late Honourable East India Company's service. The first British officer who studied Persian under Dossabhoy was Captain Robert Taylor, who for many years was Resident at Bagdad. On his arrival at the Presidency of Bombay he began to read with Dossabhoy "The History of Scinde" in the Persian language. On the annexation, in 1817, of Poonah to the British dominions in the East, and during, as well as subsequent to, the administration of the late

Hon. Mount Stuart Elphinstone, who was Governor of Bombay from 1815 to 1827, many young cadets and civilians placed themselves under Dossabhoy's tuition in Bombay for the study of the native languages in which they had to undergo an examination.

Dossabhoy's character as a judicious and efficient teacher soon became well established, and his popularity among the Europeans and native communities was the natural result of his pleasing manners. It would be tedious to mention all the names of Dossabhoy's distinguished pupils. Suffice it to say that in the list of his scholars appear the names of Messrs. Warden, Simpson, Le Geyt, Reeves, W. E. Frere, Sir Bartle Frere, Messrs. Hebbert, Bellasis, Gibbs, Robertson, Ellis, and many other civil, military, and medical officers.

Dossabhoy is the author of several works. In the year 1808 he published a Gujaratee translation of a small Persian treatise called "The Kadeem Namah." It gives a very brief outline of the ancient history of Persia, and a cursory account of the emigration of the Persian progenitors of the present Parsees of India. In 1818 Dossabhoy published, at the express wish and through the support of the late Framjee Cowasjee, Esq., a translation of an excellent Persian work entitled the "Tazkaratul-Hukama," which embodies the life,

writings, and moral doctrines of the ancient Grecian and modern Mohammedan philosophers. In 1827 and 1833 he translated two Persian works, respectively, "Shawahiel-un-Nafisah-Fi Isbatil Kabisah," and "Daf-eel Hazl," published by the late learned Hajee Mahomed Hoshim Isfahanee, on the subject of the leap year in the Parsee religion. In 1832 he published a translation of another Persian work, called "Gawahud Kabeesah Dur. Deen-i-Zartoshtiyeh," on the same subject. The publication of these translations increased greatly Dossabhoy's reputation. Soon after the conversion of two Parsi youths, in 1839, Dossabhoy published a work called the "Taleemi-Zartosht; or, the Doctrines of Zoroaster." This work was a complete success, and its publication gained for Dossabhoy much popularity among the Parsee community. In 1843 he published his famous "Idiomatical Sentences in English, Hindustani, Gujaratee, and Persian." This book contains useful and popular phrases on military, medical, judicial, mercantile, and miscellaneous subjects. In the publication of this polyglot work the author had the benefit of the distinguished patronage of the late much-lamented Sir Jamsetjee Jeejeebhoy, Bart. In 1846 he published, at the express wish of Burjorjee Muncherjee Wadia, Esq., a translation of an English work entitled "The

Catechism of Health." In 1849 he issued a translation of three excellent Persian works, viz.: the "Khishtah," the "Zar-i Dost Afshar," and the "Zindah Rood." The first-mentioned book treats of rational and theological doctrines in proof of the existence of an everlasting Providence, &c. The second and third treat of metaphysical doctrines. These translations, together with the original Persian, have been published at the expense of the Sir Jamsetjee Jeejeebhoy Translation Fund. Last year Dossabhoy was elected a member of the Sir Jamsetjee Jeejeebhoy Parsee Institution, and in 1855 he received from Government the commission of one of her Majesty's Justices of the Peace for Bombay. In 1860 The Hon. W. E. Frere, now a member of Council at Bombay, got Dossabhoy's likeness photographed at his own expense, in token of his feeling of high respect and regard for his old moonshee.

Dossabhoy is in the seventy-fifth year of his age, and in the enjoyment of good health and all his mental faculties. He is a poet, as well as a prose-writer, having composed a number of verses on various subjects in Persian and Hindustani.

# મરહુમ ડોસાભાઈ સોરાબજી મુનશી.

(ઈલસ્ટ્રેટેડ લંડન ન્યુઝમાંથી, તા૦ ૨૮ મી ફેબ્રુઆરી ૧૮૬૩).

ડોસાભાઇ સોરાબજી, જેવણ પૂર્વ તરફની ભાષાઓના એક વીદ્વાન, અને બેહલી વીદ્યાભ્યાસની શક્તી ધરાવનારા પુરૂષ છે, તેવણ એક આબરૂદાર મોબેદ કુટુંબના છે. પારસીઓમાં એક ધર્મગુરૂનો ઓધો વંશપરંપરા ઉતરી આવેલો હોયછે; અને જેમ ઘણીખરી પ્રજાઓ અમીરીપદને એક કુટુંબ ઉપર નામના બખશતું ગણેછે, તેમ પારસીઓ પોતાના ધર્મગુરૂઓ વર્ગને પણ કાંઇક તેવીજ રીતે ગણેછે.

ડોસાભાઇનો જન્મ ૧૭૮૬ નાં સાલમાં, ગુજરાત પ્રાંતના ભરૂચ શેહેરમાં થયો હતો. તેવણના બાવાએ તે વખતમાં જે કેળવણી મળી શકતી હતી તેવી મેળવી હતી. પણ તે એટલીતો પુરતી હતી કે તેવણ સંગીન કેળવણીથી ઉપજતા ફાયદાઓની ખુબીઓ સમજવાને શકતીવાન હતા, અને તેથી પોતાનું સ્વદેશ છોડી મુંબઇ આવવાને તેમનું મન થયું, જેથી કરીને પશ્ચીમ હીંદુસ્તાનની હવે પ્રસીદ્ધ થયલી રાજધાણી જે કેળવણી પુરી પાડી શકે, તે સઘળી કેળવણી તેવણ પોતાના બેટાને આપવાને સામર્થવાન થાય. તેટલામાટે, ૧૭૯૮ માં જ્યારે ડોસાભાઇ બાર વરસની ઉમરના હતા, ત્યારે તેવણના બાવા તેમને મુંબઇ લઇ આવ્યા; અને તેમનાં માતાજી, જેવણ ભરૂચની પારસી કોમના તે વેળાના વડા દસતુર, મરહુમ કામદીનજીનાં દીકરી હતાં, તેવણ પણ તેમની સાથે મુંબઇ આવ્યાં. તુરતજ તેવણને એક ફારસી મદરેસામાં મેલવામાં આવ્યા. જે મદરેસા તે વખતના એક વીદ્વાન દેશી, હાજી મહમદ કાયમના હાથ હેઠલ ચાલતી હતી. વિદ્યાને માટેની પોતાની



મરહુમ શેઠ ડોસાભાઈ સોરાબજી મુનશી,—ઉમર વરસ ૮૬.

લાયકાતથી, અને ચોપડીઓ પાછલના પોતાના બેહદ પ્યારથી, ડોસાભાઇએ બહુ ધ્યાન ખેંચ્યું. સાત વર્ષ સુધી બેહદ કાળજી અને ખંતથી તેવણ પોતાના અભ્યાસ પાછલ મંડી રહ્યા. તે વખતના નીશાળના તેમના ઘણા અતલગના દોસ્તો મહમદ સૈયદ રોગે, જે મહમદઅલી રોગેનો એક ભાઇ હતો, અને મહમદ ઇબ્રાહીમ મકબા હતા. ખરેખર, આ એક નોંધી રાખવા માટે ખુશકારક બીના છે કે પાછલા વખતમાં, આ ત્રણ ઘણી સારી આશા આપનારા જવાનો, ઘણા લાયક શેહેરીઓ નીવડયા, અને મંડળીને ઉપ્યોગી અને પૂર્વ તરફની વીદ્યાઓના વધારનાર થઇ પડયા.

૧૮૦૩ નાં સાલમાં ડોસાભાઇએ મદરેસા છોડી, અને જીંદગીના ઘસડબોરામાં પડયા. પેહલવેહેલે, તેવણને મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ ફારસી શીક્ષક તરીકે રોકયા, અને આ ઉંચાં અને અસલી ખાનદાનના કેટલાક જવાનોને તેમના હાથ હેઠલ તાલીમ લેવા બેસાડવામાં આવ્યા.

આ ચેલાઓમાં એક મી૦ ડોસાભાઇ જમશેદજી વાડયા હતા, જેવણની ફારસી ભાષાના અભ્યાસી તરીકેની મોટી ચાલાકી, ઉસતાદ અને ચેલા બંનેને જેબ દીએ એવી હતી. આ નામાકીત કુટુંબ તરફથી ડોસાભાઇને મુનશીનો ખેતાબ મળ્યો. ફારસી ભાષાનું, તેમજ ગુજરાતી અને હીંદુસ્તાની ભાષાઓનું તેવણનું જ્ઞાન આ વખતે મુંબઇમાં સારીપેઠે જાણીતું થયું. એ ભાષાઓનું તેવણનું જ્ઞાન બોહોલુ હતું એટલું જ નહી પણ બીજાઓને જ્ઞાન આપવાની ઘણી અસાધારણ શકતી તેવણ ધરાવતા હતા. તોપણ આ વખતે, ડોસાભાઇને એક ઘણું ગંભીર નુકસાન ખમવું પડતું હતું, કેમકે મુંબઇમાં તે વેળાએ એક પણ

ઇંગ્રેજી નીશાલ ન હતી. પણ પોતાની હંમેશની ખંતથી ડોસાભાઇએ આ મુશકેલી પણ દુર કરી. પોતાના ફુરસદને વખતે, ઘરમાંજ પોતાને હાથે તેવણે ઇંગ્રેજીનો અભ્યાસ કરવા માંડયો; અને જોકે આ પ્રમાણે તે પોતે પોતાનો ઉસતાદ હોવાને લીધે, એક રીતસરની ઇંગ્રેજી કેળવણીનો લાભ તેવણને મલી શકયો ન હતો, તોપણ ઇંગ્રેજી ભાષાનું કંઇક સારૂં જ્ઞાન તેઓ મેળવી શકયા, જે જ્ઞાન પાછળથી યુરોપીઅનો સાથના તેઓના બોહોલા અને જાથુકના વેહેવારને લીધે બહુ વધી ગયું.

આ વખતે કેટલાક આરમીનીયન વેપારીઓ, જેઓ ઇરાનથી મુંબઇ આવી રહ્યા હતા, તેઓએ પોતાના દીકરાઓને ડોસાભાઇના હાથ હેઠલ શીખવા મેલ્યા. હમારા વાંચનારાઓને ખબર તો હશે કે ઇરાનમાં વસતા આરમીનીયનો, બીજા ત્યાંના રહેવાસીઓની મીસાલ, ફારસી બોલી વાપડેછે. એક પેહેલા વર્ગના ફારસી શીક્ષક તરીકેની ડોસાભાઇની કીર્તીએ હવે બાજી ઇસ્ત ઇંડીઆ કંપનીની નોકરી બાહેલા ઇંગ્રેજ ગ્રહસ્થોનું ધ્યાન ખેંચ્યું. જે પેહેલ વેહેલા બ્રીટીશ અમલદારે ડોસાભાઇના હાથ હેઠલ ફારસીનો અભ્યાસ કીધો તે કેપટન રોબરટ તેલર હતો, જે ઘણાં વર્ષ સુધી બગદાદ ખાતેનો રેસીડંત હતો. મુંબઇ ઇલાકામાં આવી પુગયા પછી ફારસી ભાષામાં "સીંધની તવારીખ" એ નામની એક ચોપડી તેણે ડોસાભાઇ સાથ વાંચવા માંડી. ૧૮૧૭ માં જ્યારે પુણાને પુર્વ તરફના અંગ્રેજી સંસ્થાનો સાથ જોડવામાં આવ્યું ત્યારે, અને મરહુમ એાનરેબલ મોંટ સ્ટુઅરટ એલફીનસટન, જે ૧૮૧૫—૧૮૨૭ સુધી મુંબઇનો ગવરનર હતો, તેના રાજ કારોબારની વખતે તેમજ તે પછી ઘણાક જવાન કેડેટો અને સીવીલીયનો, જે દેશી ભાષાઓમાં તેમને પરીક્ષા

આપવી હતી તે ભાષાઓનો અભ્યાસ મુંબઈમાં ડોસાભાઈની શાગેરદી હેઠલ ચલાવતા હતા.

એક વીચારવંત અને લાયક શીક્ષક તરીકેની ડોસાભાઈની વર્તણુક થોડા વખતમાં સઘળે જાહેર થઈ, અને યુરોપીયન અને દેશી કોમો વચ્ચે જે પ્રીતી તેઓ ભોગવેછે, તે તેઓની અનપસંદ રીતભાતોનું એક ખુદરતી પરીણામ છે. ડોસાભાઈના સઘળા પ્રખ્યાત ચેલાઓનાં નામ દેવાં તે ઘણું લંબાન થઈ પડે. આટલું જ કહેવું પુરતું થશે કે તેના ચેલાઓના લીસ્ટમાં, મેશર્સ વોરડન, સીંમસન, લીજીટ, રીવ્સ, ડબ્લયુ. ઈ. ફ્રીઅર, સર બારટલ ફ્રીઅર મેશર્સ હેબરટ, બેલોસીસ, ગીબ્સ, રોબર્ટસન, એલીસ, અને બીજા ઘણાક સનદી, લશકરી અને ડાકટર અમલદારોનાં નામો જોવામાં આવેછે.

ડોસાભાઈએ કેટલાંક પુસ્તકો રચ્યાંછે. ૧૮૦૮ નાં વરસમાં એવણે "કદીમનામેહ" નામની એક ફારસી કેતાબ નો ગુજરાતી તરજુમો બહાર પાડયો. તે કેતાબ ઈરાનની અસલી તવારીખનો એક ટુક ઈતેખાબ આપેછે, અને હીંદુસ્તાનના હાલના પારસીઓના વડવાઓના નહાસી આવવાનો એક ટુંક હેવાલ સમાવેછે. ૧૮૧૮ માં મરહુમ શેઠ ફરામજી કાવસજી બનાજીની ખાસ ઈચ્છાથી અને તેમના આસરા હેઠલ ડોસાભાઈએ "ટઝકરત ઉલ હોકમા" નામની એક ઉતમ ફારસી કેતાબનો તરજુમો છપાવ્યો, જેમાં અસલી યુનાની અને હાલના મુસલમાન ફીલસુફોની જીંદગીના હેવાલ, તેમનાં લખાણો અને તેમના વીચારો સમાવવામાં આવ્યાછે. ૧૮૨૭ માં એઓએ "શવાહીદ-અલ-નફીસેહ-ફી-ઈસબાટીલ-કબીસેહ" એવે નામની ફારસી ચોપડીનો અને ૧૮૩૩ માં "દફ-ઈલ-હઝલ" નામની

કેતાબનો તરજુમો છપાયો, જે પુસ્તકો મરહુમ વીદ્વાન હાજી મહમદ હાસીમ ઇસફાનીએ પારસી ધર્મમાં કબી સાનાં સાલની બાબદ ઉપર પ્રસીદ્ધ કીધાં હતાં. ૧૮૩૨ માં "ગવાહુદ કબીસેહ દર દીને ઝરતોશતીયેહ" નામની એક બીજી ચોપડીનો તરજુમો છપાયો, જે પણ તેજ બાબદ ઉપર લખાયલું પુસ્તક છે. આ તરજુમાઓના છપાવાથી ડોસાભાઇની કીર્તી બહુ વધી. ૧૮૩૯ માં બે પારસી જવાનો ના વટલી જવા પછી તુરતજ ડોસાભાઇએ "તાલીમે ઝરતોશત" અથવા "ઝરતોશતના વીચારો" નામની ચોપડી પસ્ધીદ્ધ કીધી. આ ચોપડી એક પુરેપુરી ફતેહ હતી, અને તેના છપાવાથી ડોસાભાઇએ પોતાની પારસી કોમમાં બહુ પ્રીતી મેળવી. ૧૮૪૩ માં તેણે "ઇડીએમેટીક સેંતેસીસ ઇન ઇંગલીશ, હીંદુસ્તાની, ગુજરાતી એંડ ફારસી" નામ ની પ્રસીદ્ધ ચોપડી રચી. આ ચોપડીમાં લશકરી વૈદ્યને લગતા, કાયદાને લગતા, વેપારી અને બીજી બીજી બાબદ ઉપરના ઉપ્યોગી અને સાધારણ રીતે વપરાતાં વાકયો સમા વવામાં આવ્યાંછે. આ સર્વોપ્યોગી પુસ્તક છપાવવામાં, તેના કર્તાને મરહુમ સર જમશેદજી જીજીભાઇની માનવંત સાહેતાનો લાભ મલ્યો હતો. ૧૮૪૬ માં, તેણે શેઠ બર જોરજી મંચેરજી વાડીયાની ખાસ ઇચ્છાથી "કેતેચીઝમ ઓફ હેલ્થ" નામની એક ઇંગ્રેજી ચોપડીનો તરજુમો કીર્યો. ૧૮૪૯ માં ત્રણ નામાંકીત ફારસી પુસ્તકો "ખીશ-તાબ," "ઝર-એ-દુસ્ત-અફશાર" અને "ઝીંદેહ રૂડ"નો તરજુમો છપાયો. આ તરજુમાઓ, તેમજ તેમનું અસલી ફારસી લખાણ, સર જમશેદજી જીજીભાઇ ત્રાન્સ્લેશન ફંડ ને ખરચે છપાવવામાં આવ્યાંછે. ગયે વરસ ડોસાભાઇને સર જમશેદજી જીજીભાઇ પારસી ઇનસ્ટીટ્યુશનનો એક મેમબર ચુંટી કાહાડવામાં આવ્યો હતો, અને ૧૮૫૫ માં

તેઓને મુંબઇ ખાતેના નામદાર મહારાણીજીના જસ્ટીસ આફ ધી પીસ નેમવામાં આવ્યા હતા. ૧૮૬૦ માં આન રેબલ ડબલ્યુ. ઇ. ફ્રીઅર, જે હમણા મુંબઇની કાઉનસીલ માં બીરાજેછે, તેણે પોતાના જુના મુનશી તરફના પોતાનાં માન અને મોહબતની ઇધાણી તરીકે, પોતાને ખરચે ડોસા ભાંઇની તસ્વીર ઉતરાવી હતી.

ડોસાભાઇ હાલ પંચોતેર વરસની ઉમરમાં છે. તેવણ સારી તનદરોસ્તી ભોગવેછે, તેમજ તેમની મનશકતીઓ પણ સલામત રહી શકીછે. જેમ તેણે ચાલુ એબારતમાં લખાણો કીધાંછે, તેમ તે એક કવી પણ છે, કેમકે ફારસી તેમજ હીંદુસ્તાની ભાષાઓમાં જુદી જુદી બાબદો ઉપર તેણે કેટલીક કવીતા રચીછે.

# સાંકળી ઊં.


| | પૃષ્ઠ. |
|---|---|
| પાદશાહ, તેની ત્રણ બેગમો અને દરવીશ..... | ૧ |
| જેવી નસલ તેવી અકલ..... | ૬ |
| ગધેડાનો માણસ બન્યો, અને કાઝીની ગાદીએ બેઠો.... | ૧૦ |
| વઝીર બુઝરચે મેહેરની દાનાઇ..... | ૧૩ |
| ઇનસાફે મહમુદશા ગંઝનવી..... | ૧૫ |
| સોશીઆને એક મત..... | ૧૮ |
| ખીરબલની દાનાઇથી એક સોદાગરનો બચેલો જાન.... | ૨૩ |
| નોશીરવાન આદેલ અને વઝીર બુઝરચેમેહેર..... | ૨૬ |
| કાલી ભેંસ, કાલી હંડી ..... | ૨૮ |
| એ તે માન..... | ૨૯ |
| શાહ મલિક અને એક વેપારી ..... | ૩૦ |
| અગમ બુઢયા વાણીઆ અને પશ્ચિમ બુઢયો ચોર .... | ૩૧ |
| શાહ ફખ્ર-ઉદ્દ-દીન અને એક કામેલ શાએર ..... | ૩૪ |
| શાહ નોશીરવાન આદેલ અને વઝીર બુઝરચેમેહેર .... | ૪૦ |
| ઉજ્જૈન દેશનો ઓદાબખ્શ ..... | ૪૨ |
| ઓદા મેહરબાન તો દુશ્મન સરગરદાન ..... | ૪૫ |
| એનું નામ તે અદલ ઇનસાફ ..... | ૪૭ |
| ઓરાશાનનો શાહ હેદરશાહ અને તેનો વઝીર શાહબુદ-દીન ..... | ૪૯ |
| ભણ્યા પણ ગણ્યા નહી ..... | ૫૧ |
| ખલીફ હારૂન અને રાજા દીરપાલ..... | ૫૫ |
| એતો તમારેજ ઓળો ..... | ૫૫ |
| સંતોષની ધર્મશાળા ..... | ૫૬ |
| આંધળે બેહરું કુટાવું..... | ૫૮ |
| વાણ્યો અને ભીખારી ..... | ૫૯ |
| જો કોઇની સાથે ટકોર કરવી તો તેની સામી ટકોર ખમવી. | ૬૦ |
| નેકી બરબાદ, ગુનાહ લાજમ ..... | ૬૦ |
| મરવા કોઇને ગમે વારૂં ? ..... | ૬૨ |

| | સફે. |
|---|---|
| ખરો બખીલ ગેાલામહુસૈન..... | ૬૪ |
| મેાચીનાં સીવેલાં મેાચીને વાગાં ..... | ૬૫ |
| દુન્યાં દેારંગી ..... | ૭૧ |
| શું ? નઝરે જોયલી બાબત પછવાડેથી ખેાટી ઠરી શકે ? | ૭૩ |
| શેરને માથે સવાશેર ..... | ૭૯ |
| એક પાદશાહ અને તેનેા હાઝરજવાબી લડંવેા..... | ૮૧ |
| પાસે પૈસા હેાય અને સખાવત નહીં કરે તેા માણસ નહીં પણ ગધેડેા ..... | ૮૨ |
| એલમની સાથે હેાનર શીખવામાં કેવેા મેાટેા ફાએદેા છે. | ૮૩ |
| એલમ શીખેા તેની સાથે અદબ પણ શીખેા. એલમ શીખી તેપર અમલ કરવેા તેપણ શીખેા ,..... | ૮૯ |
| પારસીઓના આગળા પાદશાહેા માહેલા જમશેદ પાદશાહનેા હેવાલ ..... | ૯૩ |
| તનદરેાસ્તી હજાર નેયામતછે..... | ૯૫ |
| ચઢ જા બેટા સુલીપર, અલ્લા ભલા કરેગા ..... | ૯૯ |
| પાદશાહ જમશેદનેા નવેા મેહલ તેમાં એક બુઢયા ગવલનની ઝુંપડી..... | ૧૦૪ |
| જો રૈયત સારી દેાઆ માંગેતેા રાજાનું ભલું થાય નહીતર સત્યાનાશ થાય ..... | ૧૦૫ |
| ઘી ખાના સક્કરસે ઔર દુન્યા ખાના મકરસે ..... | ૧૦૭ |
| એક નુર મુખરા, સૌ નુર કપરા ઔર હજાર નુર નખરા. | ૧૦૯ |
| કામ શીંપવું જોઇ—કે પાછલથી હસી ન કરે કેાઈ.... | ૧૧૭ |
| શું દીનદારી કે શું દુનીયાદારી સરવે કામમાં મધ્યમપણું જોઇયે ..... | ૧૧૮ |
| ૨મુજી ટુચકા ..... | ૧૧૯ |
| ઈંગ્રેજી ટુચકા..... | ૧૨૩ |
| લશ્કરનેા બુડેા અને ઝનાનખાણાનેા પરદેા—જનાનખાનેા (સીક) ..... | ૧૨૯ |
| બાધાપીધામાં પરહેઝી રાખવા વીશે ..... | ૧૨૯ |
| બુઢાપામાં માણસને ઝનુન ચહડે તે વીશે ..... | ૧૩૧ |
| પાછળ આપેલાં ફારસી તથા ઉરદુ લખાણેાનેા ગુજરાતી તરજુમેા ..... | ૧૩૩ |

આ પુસ્તક ઇંસવી સન ૧૮૬૭ ના ૨૫ માં કાયદા પ્રમાણે
"રેજીસ્ટર" કરાવ્યું છે.

بنام ایزد بخشاینده بخشایشگر مهربان

# રમુજે દીલપસંદ.

## પાદશાહ, તેની ત્રણ બેગમો અને દરવીશ.

આગળા વખતમાં બદખશાન નામનાં શેહેરમાં આદીલશાહ નામનો પાદશાહ રાજ ચલાવતો હતો. પાદશાહ પોતે સખી અને હાતમ ખવાસનો હતો. ઇનસાફમાં ગોયા બીજો નોશીરવાન હતો. પોતાની રૈયતનાં દુખ દર્દોનું નિવારણ કરતો, દરવીશો ઉપર ઘણુંજ વાહાલ રાખતો, તેઓને માન આપતો અને તેઓના દરેક સવાલ બજા લાવવાને ખંતી હતો.

આદીલશાહની ત્રણ બેગમો હતી, જેઓ ખુબસુરતી અને એલમમાં તે વખતની ઓરતો કરતાં બેશક ચહડીઆતી હતી. આ ઓરતોપર શાહ આદીલનું ઘણુંજ હેત હતું. વડી બેગમનું નામ જહાનબેગમ, બીજીનું નામ હૈયાત-બેગમ અને ત્રીજીનું નામ ફનાબેગમ હતું.

એક દીવસ બાદશાહી મેહેલનાં મોટાં દીવાન-ખાનાંમાં શાહ આદીલશાહ મોરનાં તખ્તપર શોભી રહ્યો છે. તેની દરબાર તે વખતના મોટા રજપુતો, અફગાનો, બલુચીઓ અને ટુકમાં પચરંગી જાતોના મહાન નરોથી ખીલી રહીછે, એટલામાં બાદશાહનો ખાસ હજુરીઓ દરબારમાં દાખલ થયો અનેં શાહનાં કદમ આગળ સર

નમાવી બેહદ તાઝીમ તવાઝોથી બોલ્યો, "આલમપરવર શાહ! એક પરહેજગાર દરવીશ દેવડી આગળ આવી બાપોકારથી બોલેચ કે 'આદેલ બાદશાહ આદીલને એક અર્જ કરવા હું આઝુંમંદ છેઉં.' આલમ પરવરનો હોકમ હોય તો દાખલ કરૂં."

શાહે તે દરવીશને દરબારમાં એકદમ દાખલ કરવા હોકમ કીધો. બુઝરગ દરવીશ મજબુત કદમે દરબારમાં દાખલ થયો. શાહે તેને સોનાની ખુરસી આપી બેસાડયો, અને ઘણીજ મમતાથી પુછ્યું કે મુજથી શું મોરાદ ચાહેછે?"

દરવીશ દુઆના પાક કલામ પઢતાં બોલ્યો, "બેટા! હું એક દરવીશ છેઉં. મેં એવી હકીકત સાંભળીચ કે શેહેરે બદખશાનનો શાહ આદીલશાહા સખાવતમાં શુરો છે. તેમજ દરવીશોની મોરાદ બર લાવવામાં એવો તો બેશક અવ્વલ છે કે કોઇબી દરવીશ પોતાની મોરાદે પોંહોંચ્યા વિના શાહની દેવડી આગળથી પાછો ફરતો નથી. તે સાથે શાહ ત્રણ એવી તો બેગમો ધરાવવાને નસીબવંત છે કે તેઓની ખુબસુરતી અને કાબેલીચ્યતનો ના કંઇ સુમાર! તો સુણો આ શાહ કે તું ખરેજ સખાવતમાં શુરો હોય, તું ખરેજ બોદાઇ દરવીશોનો નેગેહબાન હોય તો આ પલે તારી દરબાર સનમુખ સાબેત કર! મારી અરજ મંજુર રાખ. તો જાણુ કે અલ્લાહ તારો નીગેહબાન થશે! ત્રણ ઓરતોનો તું નસીબવંત ખાવીંદ છે તો ફકત એકજ બેગમ મને સપુરદ કર. કેમ કબુલ? બેટા! તારૂં દીલ ચાહે તે બેગમ મને બક્ષ!"

દરવીશની આ અજબ જેવી માગણીથી આખી દરબાર દંગ થઇ ગઇ! શાહ આદીલ એક પલ મુગો બેઠો. દરવીશ તો પોતાની બગલાં જેવી સફેદ દાહડી પસવારતો ગંભીરાઇથી ચોતરફ નિહાળતો હતો.

શાહ આદીલે દરવીશને આવતી કાલે જવાબ દેવાનું કહી, પોતાના વજીરને હોકમ કીધો કે દરવીશની પુરતી મોહાફેજત કરે. એટલું બોલ્યા પછી પાદશાહ જનાનખાનાંમાં ગયો, જ્યાં પોતાની બેગમ જહાનબેગમને દરવીશની અજબ જેવી અરજ કહી સંભળાવી.

બેગમ બોલી, "આદીલશાહ જેવા આદેલ શાહનો સખ્તમાં સખ્ત હોકમ બજા લાવવાને હું હાજર છેઉં. પણ મને તે દરવીશના હસ્તકમાં સોંપો તે આગમજ મારે તમોને 'બે બોલ' કેહેવાછે."

બેગમની આ અરજ સાંભળવાને શાહે પોતાની મરજી દેખાડવાથી જહાનબેગમ નીચે પ્રમાણે બોલી :—

تو پادشاہ جہانی جہان ز دست مدہ
کہ پادشاہ جہان را جہان بکار آید

તો પાદશાહે જહાની, જહાન ઞ દસ્ત મદેહ
કે પાદશાહે જહાંનરા જહાંન બકાર આયદ.

**અર્થ.**

તું **જહાંન**નો પાદશાહ છે, માટે **જહાંન**ને હાથમાંથી જતી ના મુક, કારણકે **જહાંનના** પાદશાહને **જહાંન** ઘણી કામ લાગેછે

આ કવીતા સાંભળી પાદશાહની ખાતરી થઇ કે જહાનબેગમનું બોલવું તદ્દન રાસ્ત છે. જહાનબેગમ પાસે આ ઉપલી બેત લખાવી લઇ તે પોતાની બીજી બેગમ હૈયાતબેગમ પાસે ગયો, અને દરવીશની અરજ તેમજ જહાનબેગમે કહી સંભળાવેલી. કવીતા રજુ કીધી. હૈયાતબેગમે શાહને કહ્યું, "એ આલમપરવર આદીલશાહ! તું તારી બેગમ હૈયાતબેગમનો માલેક છે. હું તું જેવા સરફરાઝી પામેલા શાહને માટે મારા જાનનોબી ભોગ આપવાને

ચુકું નહીં, તો દરવીશના હાથમાં જવાનો તારો હોકમ તે હું કેમ ના પાડી શકું ? તોપણ મને દરવીશને સ્વાધીન કરો તે આગમચ હું એક અરજ રજુ કરવા માગું છું." શાહ બોલ્યો, "શાબાશ ! હૈયાતબેગમ ! તારી ફરમાનબરદારીથી હું ખરેજ મગરૂર છેઉં. બોલ તારી અરજ શી છે ?

હૈયાત બેગમ બોલી :—

جہان خوش است و لیکین حیات میباید
اگر حیات نباشد جہان چہ کار آید

જહાન ખુશ અસ્ત વ લયકીંન હૈયાત મી બાયદ,
અગર હયાત ન બાશદ જહાન ચે કાર આયદ ?

**અર્થ.**

**જહાન** રળીઆમણી છે ખરી, પણ વળી **હૈયાત**ની ઘણીજ જરૂર છે, અગર **હૈયાત** ન હોય તો **જહાન** શું કામ લાગવાની છે ?

હૈયાતબેગમની આ દાનાઇભરેલી બેત સાંભળી શાહ વિચારમાં પડયો. કેમકે આ બેગમની બેતથી તેનાં મનપર પુરતી અસર થઇ હતી. તે ઉઠયો અને ફના—બેગમ પાસે ગયો. તેણીને પણ દરવીશનો હેવાલ કહી સંભળાવ્યો, તે સાથે જહાનબેગમ અને હૈયાતબેગમની દીલકશ બેતો પણ રજુ કીધી. તમામ હકીકત સાંભળી ફના—બેગમ તાઝીમ તવાઝો કરી બોલી, "એ જહાન આશકાર શાહ ! ગર જમીનની રૂજ તારા હોકમને તાબેછે તો મારામાં તે શું એટલી તાકાત કે તું જેવા રૈયત પનાહ શાહથી હું મારૂં સર ફેરવી શકું ? તારો હોકમ થતાંજ આસમાનની બુલંદ ઉંચાઇએ પુગેલા પેલા મીનારાની ટોંચ પરથી કુદકો મારવાને હું હરગીઝ ડરૂં નહીં, તો એક

બેદાપરસ્ત દરવીશના તાબામાં જવું એમાં તે શું મોટી વાત ! તોપણ, દરવીશની પનાહ હેઠલ હું જાઉં તે આગ-મચ એક માહરી છેલ્લી અર્જ સાંભળી લે ! ”

શાહે તે અર્જ સાંભળવાની ખુશી દેખાડી અને ફના-બેગમ નીચે મુજબ બોલી :—

جہان و حیات و ہمہ بیوفاست
فنارا نگہدار کہ آخر فناست

જહાનો હૈયાતો હમે બેવફાસ્ત,
ફનારા નેગેહદાર કે આખર ફનાસ્ત.

અર્થ.

જહાન અને હૈયાત અંતે સર્વે બેવફા છે,
ફનાને જાળવી રાખ, કેમકે આખરે તો ફનાજ છે.

આ અકલપસંદ કવીતાથી શાહ આદીલ વિચારમાં પડયો. ગમખ્વાર જીગરે તે ત્યાંથી ઉઠયો. બીજે દીવસે શાહે પેલા દરવીશને પોતાના ખાનગી ઓરદામાં બોલાવી મંગાવ્યો. જે વખતે બેગમોએ કહી સંભળાવેલી કવીતા શાહે કહી સંભળાવી. હવે શું ઈલાજ કરવો તે દરવીશથી સાંભળવાને શાહ ચીંતાતુર થઇ ઉભો. દરવીશ કવીતા સાંભળી ખુશીમાં આવી જઇ બોલ્યો, “ હા ! આફરીન સદહઝાર ! આફરીન બેશક ! એ આદીલશાહ તું ખરેજ આદેલ શાહ છે. જે હકીકતો મેં કાને સાંભળી હતી, તે આ પલે નજરો નજર જોઉંચ. બેશક તું અને તારી પાકજાદ બેગમો ખરેજ દુન્યાંનાં લોકોની તારીફને લાયક છે. હવે હું આઇનાની માફક જોઉંચ કે આપ હઝરત એક ખરેખરા સખી મર્દ છેએ. તેમજ તારી પાકજાદ બેગમો બેશક આકેલ, કાબેલ અને ફાઝેલ ઓરતો છે. બેટા, જા, તારીપર, તારી બેગમોપર, તારી રૈયતપર, અને તારાં

આ બોહોળાં રાજપર તે અલ્લાહ મેહેરબાન હોજો. તારાં દરેક સુખમાં સદ હઝાર મરતબે વધારો થાએ! એજ મારી દોઆ છે." એટલું બોલી, શાહ તેને ઉપકારનાં સબુનો કેહે તે આગમચ તો તે બેગમોની કવીતા લઇ "અલ્લાહ! અલ્લાહ!" કરતો દરબારમાંથી બહાર નીકળી પડયો.

## જેવી નસલ તેવી અકકલ.

### શાહને ગમી તે રાણી અને છાંણાં વીનતી આણી.

શાહનશાહ અકબરના બેટા સલીમને માટે એવું કેહેછે કે તે ઘણો સ્ત્રીલંપટ હતો. તેણે પોતાનો જનાનખાનો ઘણીક ખુબસુરત અને જવાન ઓરતોથી ભર્યો હતો. આ સઘળી ઓરતોમાં ત્રણ રાણીઓ વધારે માનીતી હતી. જેમાં અફગાન જાતની સ્ત્રી રજીઆબેગમ નામની હતી; બીજી રાનકુંવરબાઇ નામની રજપુતાણી સ્ત્રી હતી; અને ત્રીજી સ્ત્રી શાહનશાહ સીકંદરની ઓલાદથી ઉતરી આવેલી મોગલ જાતની હતી. આ ત્રણ ઓરતો ઉપર શાહ સલીમની ઘણી પ્રીત હતી. તેઓ દરેકને જુદા જુદા મેહેલો બંધાવી આપી રાખી હતી. જ્યાં અવારનવાર તેઓની મોલાકાત લેતો હતો.

એક દીવસ શીકારથી પાછા ફરતાં શાહ સલીમે ઘણાજ હલકા વર્ગની એક હીંદુ સ્ત્રીને એક ઝાડ હેઠળ છાણાં થાપ્તી બેઠેલી જોઇ. આ સ્ત્રીનો દેખાવ જોઇ સલીમ મોહી પડયો અને છોકરીને પુછવા લાગો કે તારાં માબાપ કયાં છે? તેણીએ જવાબ દીધો કે પેલી ઝુપડીમાં રેહેછે. પાદશાહે કહ્યું કે ચાલ મહને તેઓ પાસે લઇ જા. પેલી છોકરી શાહને ત્યાં લઇ ગઇ. શાહ તેણીનાં માબાપને બોલાવી કેહેવા લાગો કે આ તમારી છોકરીને મારી રાંણી તરીકે મેહલમાં રાખું તમારી ખુશી છે? તે સાંભળી બાપ બે હાથ

જોડી કેહેવા લાગેા કે અમારાં અને આ છોકરીનાં મેાટાં ભાગ્યેગ કે તમેા જેવા શાહની બેગમ મારી દીકરી થાગ્યે. આ પછી ઘણીજ ધામધુમથી શાહ તેણીને શેહેરમાં લાવ્યેા. જ્યાં તેણીને માટે એક ખાસ શેાભાયમાન મેહેલ બંધાવ્યેા. ત્યાં દેશ અને રાજની કશી પણ પરવાહ કીધા વિના મહિનાના મહિના તેણીની સાથે ગુઝારવા લાગેા.

પ્રજા નારાજ થતી ચાલી. શેહેરમાં ચેારી, ફસાદ અને ખુનેા વધવા લાગ્યાં. પ્રજા ઇનસાફને માટે ત્રાહે ત્રાહે કરતી હતી. રસ્તામાં ટેાલેટેાલાં એકઠાં થતાં, અને એવાં અંધેર રાજ વીશે બેહદ ચકચાર ચલાવતાં.

શાહ સલીમનેા વઝીર ઘણેાજ દુરઅંદેશ અને કાબેલ હતેા. તેણે પાંચ બુઝરગ દરબારીઓને પેાતાની સાથે લીધા અને જોકે મેહેલમાં કેાઇનેબી આવવાની સાફ મના હતી તે છતાં તે મેહેલમાં ગયેા. અને ઘણીજ તકરાર થયા પછી શાહે બીજી સહવારે દરબારમાં આવવાને કબુલ કીધું.

બીજી સહવારે કબુલાત મુજબ શાહે દરબાર ભરી. લેાકેા જરા શાંત થયાં. શેહેરમાં ફેલાયલેા ગભરાટ જરા નરમ પડયેા.

પણ કેહેવત છે કે 'કુતરાની પુછડી વાંકી તે વાંકીજ.' તેજ પ્રમાણે શાહ સલીમે કીધું. વઝીરને પેાતાના ખાનગી ઓરડામાં બેાલાવી પેલી સ્ત્રી આગળ પાછેા જવાનેા પેાતાનેા ઇરાદેા જણાવ્યેા. વઝીરે નવી બેગમની નીચ ઓલાદ વીષે ઘણેાબી સમજાવ્યેા પણ ફેાકટ! જેમ સંગપર ગરમ યા થંડું સઘળું એકજ હેાયછે, તેજ પ્રમાણે દાનાવ વઝીરની સલાહથી શાહનાં ભમાયલાં મગજપર લેશભાર પણ અસર થવા પામી નહીં.

**સલીમ**—મારા દાનાવ વઝીર તું શું એમ કેહેવા માંગેચ કે મારી નવી બેગમ નીચ ઓલાદની છે? કદી

નહીં! તેણીની મનહરણ સીકલજ ગવાહી આપેચ કે તે ઘણીજ બુલંદ ઓલાદની છે. વળી તું શું એમ કેહેવા માંગેચ કે મારી મુખ્ય ત્રણ રાણીઓ કરતાં એલમમાં ઉતરતી છે? નહીં કદી નહી. તેં મારી નવી બેગમને આવું હરહરતું અપમાન આપ્યું ચ તો તેનો કીનો તારીપર લેવાને મને લાઝીમ છે! નવી બેગમપર મુકેલાં બોહતાંન બે દીવસમાં સાબેત કર, નહીં તો સુલી તારો સેવટનો અંજામ જાણ!"

**વઝીર**—નામવર શાહ, તું નામવર નવી બેગમની નીચ ઓલાદ જાણવા માંગેચ તો આજ રાતે તારી એક વખતની માનીતીજણ હાલમાં વીસારી મુકેલી રાણી રજીઆ-બેગમ પાસે જા. અને જે વખતે તું બીછાને જાય તે વખતે તું તેણીને કેહી મુકજે કે સહવારે બડી બામદાદમાં શીકારે જનાર છું, માટે ચાર ઘડી રાત બાકી રેહેને જાગરૂત કરે. જ્યારે બેગમ તું નામવરને જાગરૂત કરવા આવે ત્યારે તું સવાલ કરજે કે 'તેં કેમ જાણ્યું કે હવે બાકી ચાર ઘડીજ રાત રહી?' એજ મુજબ તારી ચારે રાણી પાસે જજે. પછી તું આપ નામવર આ સવાલના જવાબથી જોશે કે નીચ ઓલાદ કોણની છે ને ખ્યાર લાયક કોણ ઓરતો છે?"

સલીમે તે પ્રમાણે કીધું. અને રજીઆબેગમના મેહે-લમાં ગયો. લાંબી મુદતે શાહના દીદાર જોવાથી બેગમ એટલીતો ખુશીમાં આવી ગઇ કે શાહને ઝવેસતથી વધાવી લીધો. અને એવીતો ઉમદા આગતા સ્વાગતા કીધી કે શાહ જાણે એકદમ બેહેસ્તના બાગમાંજ પોહોંચ્યો હોય! આ પછી શાહે વઝીરની શીખવણી મુજબ બેગમને ચેતાવ્યું, અને શાહ નીંદને વશ થઇ ગયો.

જેવી ચાર ઘડી રાત બાકી રહી કે બેગમે શાહને જાગરૂત કરી કહ્યું કે "ઉઠો, રાત ચાર ઘડી બાકી છે."

**સલીમ**—તું ને કીસ તરેહ જાના કે રાત ચાર ઘડી બાકી હય!

**બેગમ**—નથકે મોતી થંડે લગતે હૈં!

શાહ તરતજ ત્યાંથી ઉઠયો, અને પોતાની રજપુતાણી બેગમ રાજકુંવરીના મેહેલમાં ગયો. રાજકુંવરીએબી શાહને પેહેલી બેગમના જેવો આવકાર આપ્યો અને મોતીથી વધાવી લીધો. શાહે પેહેલી બેગમને જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણે રાજકુંવરબાઈને પણ વઝીરની શીખવણી મુજબ કહ્યું. જ્યારે ચાર ઘડી રાત બાકી રહી ત્યારે બેગમ શાહને જગાડવા આવી.

**શાહ**—તું ને કીસતરેહ દરીઆફ્ત કીયા?

**રાજકુંવરબાઈ**—પાન ફીક્કા લગતા હય!

શાહ તરતજ ઉઠયો અને બાદશાહી ખાનદાનથી ઉતરી આવેલી પોતાની મોગલાણી બેગમના મેહેલમાં ગયો. તેણીએ શાહને જોતાં વાર હીરાથી વધાવી લીધો, અને શાહની બેહદ મદારત કરવામાં કંઈ ખામી રાખી નહી.

આ ત્રીજી બેગમને પણ પોતાને જલદીથી ઉઠાડવાનો હોકમ કરી શાહ મીઠી નીંદની લેહેરમાં પડયો. ચાર ઘડી રાત બાકી રેહેવાથી આ ત્રીજી બેગમ શાહની નજદીક આવી બોલી, "નામવર શાહ! બીદાર હો. રાત નીપટ થોડી હયે."

**શાહ**—તું ને કીસ રાહસે માલુમ કીયા?

**બેગમ**—હઝરત સલામત, ચેરાગકી જોત મંદ હો ગઈ.

ત્રીજી બેગમ આગળથી શાહ ઉઠયો, અને લાગલો પોતાની નવી આતીતી રાણીના મેહેલમાં ગયો. જ્યાં જોયચ શું કે હજુર તે બીછાના પર૦૪ પડેલીછે. શાહે તેણીને પ્યારથી બેદાર કીધી. પણ નવી બેગમે તો શાહને કશો

પણ આવકાર દીધો નહી, કેમકે કેટલાક દીવસ થયા શાહુ તેણીની મોલાકાતે જતો નહી હતો.

જેમ તેમ સમજાવતાં બેગમ અંતે રાહપર આવી અને પોતે શીકારે જવાનો છે, માટે રાત ચાર ઘડી બાકી હોય તેમ જગાડવાને ફરમાવી ઉંઘાઇ ગયો.

બીજી સહવારે છ વાગી ગયા, પણ શાહને નવી બેગમે તો જગાડયો વટીક નહી. અંતે નવી રાણીની આંખ ઉંઘડી અને રાજા કને આવી મોટેથી જગાડવા લાગી.

શાહુ—રાત કીતની રહી હોગી ?

બેગમ—નીપટ થોડી હયે.

શાહુ—તું ને કીસ તરેહ જના ?

બેગમ—જહાંપનાહ, હાજતખાનેમેં જનેકા મેરા ઇરાદા હુવા હય.

નવી માનીતી બેગમના આ જવાબથી બાદશાહની પક્કી ખાતરી થઇ કે બેશક નવી બેગમ ખરેજ નીચ બુની-આદનીજ હોવી જોઇએ. વઝીરની માહોશી અને ચાલાકી માટે શાહે એક નાનું ગામ ભેટ આપ્યું અને પેલી નવી રાણીને થોડીક દોલત આપી શેહેરથી બાહર કાહડી મુકી અને પોતાનાં રાજની લગામ અસલ મુઆફેક રાસ્ત ઇન-સાફથી ચલાવવા લાગેા.

---

## ગધેડાનેા માણસ બન્યેા,
### અને
## કાજીની ગાદીએ બેઠેા.

બગદાદ શેહેરમાં એક ધોરના ઓટલાપર એક મુલ્લાંજી છોકરાઓને એલમની તાલીમ આપતા હતા. એક દીવસ એક છોકરાનેા બાપ મુલ્લાંજી આગળ આવી ફરીયાદ કરવા

લાગેા કે, "મુલ્લાં સાહેબ! મેરે લડકેકેા આપને કુચ્છ તરબીયત ન દી. દેખેા, વેાહ લડકા અબતક ગલીયાં ગલી છેાકરેાંકે સાથ ખેલતા ફીરતા હય."

પેાતાના ચેલાના બાપને મેાેહેાડેથી આવા સખુન સાંભળી ઉસ્તાદજીનેા મીજાજ હાથથી ગયેા. તેં ખફા થઇ બેાલ્યેા, "હું! સાહેબ! મેહેનત બરબાદ ઔર ગેાનાહ લાઝીમ! મયને એક બરસ તક મહેનત, મશક્કત કરકે લડકેકેા લીખાયા, પઢાયા, ગધેસે આદમી બનાયા. ઔર તુમ ઐસી બાત કરતે હેા?"

ઉસ્તાદજીને આ પ્રમાણે ગરમ થઇ ગયલા જોઇ પેલેા બાપ તેા ત્યાંથી સટીન ગયેા, અને મુલ્લાંજી ચેલાઓને સબક પઢાવવામાં રેાકાયા.

ઉસ્તાદજી અને ચેલાના બાપ વચ્ચેની ઉપલી વાત એક ધેાબી અને તેની બાયડીએ સાંભળી. આ જોડાંને કંઇબી ફરજંદ હતું નહીં, પણ તેઓ મેાટી દેાલતના માલેક હતાં. બંને કેળવણીથી બેનસીબ હેાવાને લીધે વેહેમી અને મુર્ખ રહી ગયાં હતાં, તેથીજ તેઓ મુલ્લાંજી અને છેાકરાના બાપ વચ્ચે થયલી વાતચીતથી ભેાલવાયાં. ગધેડા જેવા કમઅક્કલ હેવાનને આદમી બનાવવાનેા એલમ ઉસ્તાદજીના હાથમાં છે એવું જ્યારે તેઓએ જાણ્યું ત્યારે તેઓની ખુશાલીનેા કંઇ શુમાર રહ્યેા નહીં. તેઓ એકદમ મુલ્લાંજી પાસે ગયાં, અને હાથ જોડી કહ્યું કે, "એ ધર્મ-અવતાર! અમારી પાસે ઘણેાજ ફરબે ગધેડેા છે માટે જેમ હમણાજ વાત કરી ગયલા બાપના ગધેડાને તમારા એલમ-થી આદમી બનાવી આપ્યેાછે, તેમ અમારા ગધેડાનેબી આદમી બનાવી આપેા તેા તમે તમારી મેહેનતનું જે દામ માંગશેા તે અમેા ખુશીથી આપશું."

આ દેહેકાણીઓની આવી મુર્ખાઇભરેલી વાત સાંભળી મુલ્લાંજી મનમાં ખુશી થવા લાગા કે લક્ષ્મી ચાંલ્લોજ કરવા આવેચ તો લાઝીમ છે કે મોહોડું ધોવા જવું નહીં.

પક્કા મુલ્લાંજીએ પોતાની મેહેનતનાં દામ તરીકે દસ હજાર રૂપીઆ માંગ્યા, જે રકમ ભોલા ધોબીએ ખુશીથી કાહાડી આપી. મુલ્લાંજીને એક ગધેડો લાવી આપ્યો જેને આદમી બનાવી આપવા માટે ધોબી પાસે એક વરસની મેહેતલ માંગવામાં આવી. આવી રીતે સાટું નક્કી કરી ધોબી અને ધોબણ ખુશી થતાં પોતાનાં મકાનપર ગયાં.

એક વરસ તો પાણીના રેળા માફક પસાર થઇ ગયું.

ધોબી અને ધોબણ મુલ્લાંજી આગળ આવ્યાં અને આદમી બનેલા ગધેડા વિષે પુછ્યું. મુલ્લાંજી બડો ઠાવકો હતો. તે બોલ્યો, "ભાઇ, ઇત્ના દ્યેર કયું કર કીયા? દો દીન ખેલે આતે તો ઉસ્સે પાતે. અબતો વ્હો ગધા આદમી હોકે બસરાકા કાઝી હુવા હય!"

આ ખુશ ખબર સાંભળી પેલો અક્કલનો દુશમન બોલી ઉઠ્યો, "ભાઇ વોહ કાઝી બના હુવા ગધેકો મય કીસ તરેહ પાવું?"

મુલ્લાંજીએ સલાહ આપી કે હાથ પગ બાંધવાનું દોરડું અને ચણા ખાવાનો એક તોબરો **જો** તે કાઝીને દુરથી દેખાડવામાં આવશે તો જરૂર તે ચેતી જશે. તે તમોને દમ આપી પુછશે કે એમ કરવાની શી મતલબ? તો તમો આંખમાં આસું લાવી સઘળો હેવાલ કેહેજો. તે છતાં નહીંજ માને તો ત્યાં શોર પોકાર કરી આખું શેહેર તમારી ફરિયાદથી ગજાવી મુકજો.

બંને ધણી ધણીઆની બસરા જઇ પુગાં, અને તેઓ મુલ્લાંજીનાં ફરમાન મુજબ દોરડું અને તોબરો કાઝીને

દુરથી દેખાડવા લાગ્યાં. કાઝીએ તેઓ બંનેને પોતાની પાસે બોલાવી કહ્યું કે, "તુમ લોગ યહ કયા કરતે હો ?"

ધોબીએ કાઝીને દુર લઇ જઇ સઘળો હેવાલ કહ્યો. કાઝી બડો શ્યાનો હતો. તેણે દરીઆફત કીધું કે આ બીચારાં ભોલાં જોડાંને કોઇ બદમાશે સજ્જડ ઠગ્યાંછે. પણ જ્યાંસુધી હું આ વાત કબુલ નહીં કરશ ત્યાંસુધી એ લોકો મારો પીછો હરગીઝ છોડવાના નથી અને નાહક શેહેરમાં મારી રૂશવાઇ થશે.

**કાઝી**—હા, મીયા ! મય ખ્હેલે તો ગધા થા, લેકીન વોહ મુલ્લાંજી કે ઇલમસે ગધેકા આદમી બનકે બસરાકા કાઝી બનાહું ! પર અબ તુંમ મેરેસે કયા ચાહતે હો ?

**ધોબી**—દેખો, હમ બેઔલાદ હયૈં. મેરા કોઇ ફરજંદ નહીં. અબતો અમારે માલ અમવાલકા વારીશ હોકે મેરા ફરજંદ બનકે રહેના આપકો લાઝીમ હયૈં ! મેરે મરનેસે મેરી દૌલતકી નીગેહબાની કરો યેહી હમ ચાહતે હૈં.

આ પ્રમાણે 'આઇતા દલ્લો' કબુલ કરવાની કાઝીને ફરજ પડી, અને ગરીબ બીચારૂં ભોલું જોડું ખુશી થતું ઘેર ગયું. આ પછી કાઝી મન સાથે બોલ્યો, "હુવા સો હુવા ! મુફતકા માલ બીસમીલ્લાહ !"

---

## વઝીર બુઝરચે મેહેરની દાનાઈ.

બાદશાહ નોશીરવાન આદેલે એક દીવસ ખુબ લેહેરમાં આવી પોતાના વઝીર બુઝરચે મેહેરને પુછ્યું કે "એ દાનાવ વઝીર, આ જહાનમાં તે પેદાના કરનાર ગેબી સાહેબે આદમ ઝાતને માટે કરોરો ચીજો પેદા કીધીછે તે તમામ ચીજોમાં કહી કહી ચીજે વધારે અગતની અને ઉત્તમ કેહેવાયછે ?"

વઝીર—નામદાર શાહ હું ફકત ત્રણ ચીઝોને બીજી તમામ ચીઝોપર સરસાઇ આપું ચ. પેહેલી **ઓરત,** બીજું **મોત,** અને ત્રીજી **હાજત** :

શાહુ—અએ વઝીર બુઝરચે મેહેર તારી બુઝરગી અને તારી દાનાઇ પર મને હસવું આવેચ. તું દાનાવમાં ખપી પોતાને તું વઝીર કેહેવાડેચ પણ એક નાદાન બચ્ચાં કરતાં પણ તારામાં અક્કલનું ગોહર કોતાહ માલમ પડેચ ! ખ્યાલ કર કે તે નીરંજન નીરંકાર સાહેબે ખાકી આદમને માટે આ જહાનમાં કરોરોબંધ ચીજો પેદા કીધીચ તેમાં શું ફકત ત્રણ નજીવી ચીજોને તું સરદારી આપવા માંગેચ ? તદન ગલત ! બેશક ગલત !

વઝીર—એ ઇરાનના શાહ ! અગર આ ત્રણ ચીજોનું શ્રેષ્ટપણું હું સાબેત કરૂં તો ?

શાહુ—તો ! મારી ભુલ કબુલ કરી તારી માફી ચાહાવશ.

વઝીર—આદેલ શાહ પેહેલી ચીજ **ઓરત** છે. જો આ જહાંનમાં તે પેદાના કરનાર સાહેબે ઓરતને પેદા કીધી નહીં હોતે તો તું જેવો આદેલ શાહ આ જહાનમાં પેદા નહીં થતે ? બીજી ચીજ **મોત** છે. મોત જેવું આ જહાનમાં નહીં હોતે તો દરીઆફત કર એ શાહ કે તારી આગમચ હઝારો શાહનશાહો થઇ ગયા તે સઘળાઓ મોતને વશ ન થતે તો ઇરાનની આ મોટી સલતનતપર તું નામદાર કેમ આવવા પામતે ! ત્રીજી ચીજ **હાજત** છે. દાનાવ કીરતારે ફુરઅંદેશી નહીં વાપરી આ જહાનમાં હાજત જેવું પેદા ન કીધું હોત તો હું આ પ્રમાણે મારા બંને હાથો જોડી તું નામદારની સેવામાં ઉભો રેહેતે નહીં.

વઝીર બુઝરચે મેહેરની આ દાનાઇ ભરી દીલપસંદ રમુજથી શાહ નોશીરવાન બેહદ ખુશી થયો અને મોટી નવાજેશથી વઝીરને નેહાલ કરી નાખ્યો.

## ઈનસાફે મહમુદશા ગઝનવી.

એક રાતે સુલતાન મેહમુદે પાદશાહી બીછાના ઉપર મીઠી ઉંઘમાં આરામ કીધેલો હતો. અરધી રાત પસાર થઇ એટલામાં તે એકાએક ઝપકી ઉઠયો. તેને ઘણી બેકરારી લાગવા માંડી. એકવાર ફરીથી મીઠી ઉંઘમાં પડવાને તેણે ઘણાબી ફાંફાં માર્યાં પણ એક વખત છેડાયલી ઉંઘ પાછી આવી શકી નહીં. રાત શાંત અને બીહામની લાગતી હતી. આખા મેહેલમાં રાતની શાંત ચુપકીદી ફેલાયલી હતી એટલામાં શોકાતુર અવાજ સુલતાનના કાને પડયો. આ અવાજ દુરથી આવતો હતો. આથી સુલતાનની પક્કી ખાતરી થઇ કે કોઇ જુલમગાર બદમાશ મારી રૈયતના કોઇ નિર્દોષ માણસપર જુલમ કરેચ અને જો તે જુલમગારના પંજામાંથી તે નિર્દોષને નહીં બચાઉં તો હું મારી રૈયતનો પાસબાન કેમ કેહેવાઉં ? એટલું બોલી કમરબંધમાં ખંજર ખોસી મેહેલમાં કોઇબી માણસને જગાડયા વગર ઘોડાપર બેસી જે તરફથી પેલો શોકાતુર અવાજ આવતો હતો તે તરફ ચાલ્યો.

થોડા વખતમાં સુલતાન એક ઉજડ જગામાં આવી લાગેા. જયાં જોયછે શું કે એક નવજવાન શખ્સ જમીન પર ઉંધે મસ્તક પડી વીલાપ અને જારી કરેછે. સુલતાને જવાનને ઘણી કોશેશથી થંડો પાડયો, અને આટલીબધી માહેતમ અને જારી કરવાનું કારણ પુછ્યું.

પેલો જવાન બોલ્યો, "હઝરત સલામત, હું એક ધર્મગુરૂ છું. મારી ઓરત જવાન અને ઘણી ખુબસુરત છે, તે સાથે પતીવરતા છે. પણ તમારી દરબારનો એક મોટો અમલદાર અવારનવાર જબરીથી મારાં મકાનમાં ઘુસી આવેછે. તેની મતલબ ઘણી નીચ છે. તે મારી વફાદાર ઓરતની પાકદામાનને નાપાકીનો દાધ લગાડવા માંગેછે.

મારી ઓરત તેને જેમ તેમ સમજાવી બાહર કહાડેછે, પણ એ ઇનસાફી બાપ એ પ્રમાણે કયાંસુધી નીભશે ? મારી ઓરત સાફ કેહેય કે હવે હું વધુ વાર આવો જુલમ તામેાશ કરી શકશ નહી. તે અમલદાર થેાડા વખતમાં મારાં મકાનમાં આવશે તેા જરૂર મારી ઓરત આપઘાત કરી મરશે માટે એા સુલતાન ! તમેા મારી દાદને નહી પેાંહેાંચશેા તેા કયામતને દાહડે તે અલ્લાહની સનમુખ ઉભા રાખી આ જુલમાતભર્યા ગેરઇનસાફનેા તમારી પાસેથી જવાબ લેવશ.”

જયારે સુલતાને આવા સખ્ત સખુનેા સાંભળ્યા ત્યારે શાહનું લેાહી ઉકળી આવ્યું અને દરબારના પેલા અમલદારને એકદમ જબેહ કરવાના ત્યાં કસમ લીધા.

સુલતાન જરા શાંત થઇ બેાલ્યેા કે, “પેલેા મુઝી શખ્સ તારાં મકાનમાં જે વખતે આવે તેજ વખતે મને ખબર કરવા તું વીજલી ઝડપે મારા મેહેલમાં દેાડયેા આવી મને ખબર કરજે.”

સુલતાન મેહમુદના આવા સખુનથી પેલા જવાનને ઘણી હીમત આવી. અને શાહને કુચ્ચા દેતેા પેાતાનું મકાન જે શાહના મેહેલથી થેાડેજ તફાવતે હતું ત્યાં આવી લાગેા. તે જવાને પેાતાની વફાદાર ઓરતનેબેા સુલતાન સાથે થયલી વાતચીતથી વાકેફ કીધી. જેથી તે ઓરતનેબી ઘણેા સધીઆરેા મલ્યેા.

આ બનાવને ત્રણ દીવસ પસાર થયા. સુલતાનની દરબારનેા પેલેા અમલદાર ત્રીજી રાતે પેલા જવાનનાં મકાનમાં બેઢડક ધુસ્યેા. આ જેઇ પેલેા જવાન, સુલતા-નને તેના મેહેલમાં મલ્યેા, અને પેલા અમલદારના આવવાની ખબર કરી બેાલ્યેા, “નામવર શાહ પેલેા હેરેમન મારાં મકાનમાં કેાઇનેાબી ડર કર્યા વગર આવી રાતને સમે આવ્યેાછે. પણ મારી વફાદાર ઓરતે તેને થંડેા પાડી વાતે બેસાડયેાછે.

સુલતાને કહ્યું, " ઠીક છે. જા હું તારી પછવાડે આઉંચ. પણ તારી બાયડીને ચેતાવજે કે જ્યારે તેણી મારા આવવાનો સંસારો સાંભળે કે તરત કંઈ બાહનું કાહડી પેલા અમલદાર આગળથી ઉઠી જાય."

આ પ્રમાણે ચેતવણી આપી પેલા જવાનને વીદાય કીધેા. તેજદાર તલવાર પેાતાની કમર પર લટકાવી સુલતાન પેલા અમલદારને તેના ફેયેઝે પુગાડવા ચાલ્યેા.

ઘેરમાં દાખલ થતાંજ પેલેા જવાન મળ્યેા. તેણે ખબર આપી કે હજીરસુધી મારી ઓરતે તેની કરપીન નેમમાં થેાભાવ્યેાછે. અને આ પાસેના ઓરડામાં બંને જણ વાતે બેઠાંછે.

સુલતાન કંઈબી જવાબ આપ્યા વગર પાસેના ઓરડામાં ધસ્યેા ગયેા, અને ચેરાગ એકદમ બુજાવી નાખી પેલા બેઇમાન દરબારીનું માથું તનથી જુદું કીધું.

સુલતાને બતી મંગાવી પેલા અમલદારનું મેાંહડું જોયું અને પરવરદેગારની જનાબમાં શુકરાના કીધા. પછી પેલા જવાનને હેાકમ કીધેા કે તારી પાસે હાલમાં જેબી કંઈ ખાવાનું મેાજુદ હેાય તે મારી આગળ લાવ કેમકે હું ઘણેા ભૂખેા છેઉં.

પેલા ઘેરધણીની ઓરતે એક મેાટી સુકકી રેાટી ને લેાટામાં થેાડું દુધ લાવી હાજર કીધું, જે ખેારાક સુલતાને ઘણી લેહેજતથી ખાધેા.

જ્યારે સુલતાને ખાવાથી હાથ ખેંચ્યેા, ત્યારે પેલા ઘેરધણીએ હાથ જોડી અરજ કીધી કે, "એ નેક કેરદાર શાહ મારીપર આટલીબધી નવાજેશ કરી મેાટા જુલમથી અમેાને છેાડવ્યાં, તેા હવે પુરી નવાજેશ કરી એટલેા ખુલાસેા કરવાની મેહરબાની કર કે એક સુકકી રેાટી અને દુધ તેં મેાટી રૂચી સાથે ખાધું તેનું શું કારણ ? બતી પેહેલાં બુજાવી

નાખી તેનું શું કારણ ? અને જ્યારે પેલા કરપીણનું મોહડું જોયું ત્યારે બેાદ્દાનેા પાડ માનવાનું શું કારણ ?"

સુલતાને જવાબ દીધેા, "જ્યારે તેં મારેથી દાદ ચાહી, ત્યારે મેં મારાં દીલથી પક્કી ઠરાવ કીધેા હતેા કે જ્યાંસુધી તારાં સરપરથી બલા ટાલું નહીં ત્યાંસુધી અનાજનેા એકબી દાણેા મારાં મેાંહેાપર મુકું નહીં. બતી બુઝાવવાનું કારણ એ કે હું ધારતેા હતેા કે તારાં મકાનમાં આટલીબધી હદ સુધી બેઅદબી કરવાની હીમત કરનાર કેાઈજ નહીં, પણ મારેા પેાતાનેા બેટેા હેાવેા જોઇયે. તેથીજ મેં બતી બુઝાવી નાખી, કે અમેા બંને બાપ દીકરાની નજર એક થાય નહી અને હું મારી પાક ફરજ બજાવતાં અટકું નહીં. પણ જ્યારે બતી મંગાવી મેં મેાંહ ઉપર નજર કીધી ત્યારે મેં જાણ્યું કે આ બદકાર મારેા બેટેા નથી પણ મારા વઝીરનેા બેટેા હતેા. અને તેથી મેં બેાદ્દાનેા પાડ માન્યેા, એવી મતલબથી કે મારેા બેટેા આટલી બધી હદ સુધી બદકાર બન્યેા નથી.

---

## શેા શીઆને એક મત.

અકબર બાદશાહ એક ખુશનુમા દીવસે પેાતાની રાજગાડી પર બીરાજમાન થયેાછે. દરબારમાં અમીર ઉમરાવેા પેાતાના દબદબાથી દીપી નિકળ્યાછે. દરબારના રાજકવીઓ બાદશાહની તારીફનાં બાંકાં કુંકવામાં એક કરતાં એક સરસ નિવડવાની જરાસામાં પડયાછે. શાહ અકબર આવી ઉમદા રીતની પેાતાની તારીફ થતી સાંભળી ખુશ મીજાજમાં હાથીની માફક મસ્ત બની આમથી તેમ હેાલા ખાતેા બેઠેાછે અને ખુશ મશકેરીની ધુંઇમાં ઘેલેા બની રહ્યેાછે.

લહુઓ હરદાસ આ સઘળો રંગ રાગ બારી આંખે જોતો હતો તે એકદમ બોલી ઉઠયો, "આલમ પરવર, બેઅદબી માફ છે, પણ તમારી દરબારના એકે એક કવી ખુશામતખોરા, ખાલી અને પોકળ છે. એઓ દરબારમાં પોતાને કવી કેહેવાડેછે, પણ કવી નામને તદન નાલાયક છે. હું એમ પુછું કે એ બડેખાંઓ મારા સવાલનો જવાબ આપી શકશે ?

લહુઆના આ પ્રમાણેના બોલવાથી શાહ અકબર તેમજ આખી દરબાર દંગ થઇ રહી, રાજકવીઓ તો ફીક્કા ફચ બની એકએકનું મોંહ ટીકતા બેઠા, રાજકવી ગંગ પોતાની પર મેળાયલાં તોહમતનો જવાબ આપવા જતો હતો એટલાંમાં શાહ અકબર બોલી ઉઠયો, "બેશક ! મારા રાજકવીઓની તારીફ હદથી જયાદા થાયછે, તોપણ જો લહુઆ હરદાસના સવાલનો જવાબ દેવાને તેઓ અશકત માલમ પડયા તો દરએકનાં માથાં જલ્લાદની તલવારને સપુરદ થશે." આટલું બોલી લહુઆને તેનો સવાલ કેહેવાને હોકમ કીધો.

લહુઓ બોલ્યો "બોલો ઓ રાજકવીઓ, કે જુદાં જુદાં માણસો જુદી જુદી અક્કલ ધરાવેચ કે નહી ?"

લહુઆના આ સવાલથી દરબારના કવીઓમાંથી કવી ગંગ મુછ પર મરોડથી હાથ ફેરવતો ઉઠયો, અને શાહ પર ફુઆના બોલો પઢી બોલ્યો, "ઓ બુલંદ સેતારાના શાહ ! લહુઆએ ભર દરબારમાં રાજકવીઓને પોતાની ટેંટેં કરતી લુલીથી હલકા પાડી નાખ્યાછે, રાજકવીના મોટા ઓદ્ધાને ન છાજતો સવાલ પુછવામાં ફકત રાજકવી-નેજ હીણું લગાડવાની મતલબ નથી પણ ખુદ દીલ્હીના માનભરેલાં શાહાનશાહતનેબી હીણું લગાડવાની છે. ઓ દીલ્હી જેવા શાહાનશાહતના બુલંદ મરતબાના બુલંદ

શાહાનશાહ! ગર અમો લહુઆનો સવાલ આસાનીથી આસાન કરી આપ્યે તો?

અકબર દમામથી બોલ્યો, " તો રાજકવીઓનાં માથાંને બદલે લહુઆનું માથું જલ્લાદની ખુનખાર તલવારને હવાલે થશે. અને એની આલ્બોલાદને હાથીના પગ હેઠળ કચડી નાખવામાં આવશે."

લહુઓ ગભરાયો. જે જીવલેણ ખાહી તેણે રાજકવીઓ માટે બોડી હતી તેજ ખાહીમાં પડવાનો પોતાનો વખત પાસે આવેલો તેણે જાણ્યો.

રાજકવીઓ લહુઆના સવાલની મસલહતમાં રોકાયા. તેઓએ એકમતે કબુલ કીધું કે 'દરએક માથાંમાં જુદી જુદી અક્કલનો સમાવ થયલોછે.' આ જવાબ શાહ અકબરને તેમજ આખી દરબારને પસંદ પડયો. અને જલ્લાદને હોકમ થયો કે 'લહુઆનું માથું તેનાં ધડથી એકદમ જુદું કરે, કે ફરીથી મારા રાજકવીને ભર દરબારમાં કોઇ અપમાન કરવાની તાકાત ધરાવે નહીં.'

મોહતના ખુનખાર પંજામાંથી છુટવાને ઘણીબી કળા લહુઆએ વાપરી જોઇ, પણ શાહ અકબર આ વખતે ગુસ્સાથી ગોયા થેલો બન્યો હતો. કોઇબી દરબારી શાહની સામે એક હરફ વટીક બોલવાને હીંમત કરી શકયો નહીં. આખી દરબારમાં શાંત ચુપકીદી ફેલાઇ ગઇ. રાજકવીઓ મુછપર મરોડથી હાથ ફેરવતા આ ગંભીર ચુપકીદીમાં મજાહ લેતા બેઠા હતા.

જલ્લાદને છુપી ઇસારત થઇ. આ ઇસારતની રૂએ જલ્લાદનો મજબુત હાથ લહુઆની ગરદનપર જઇ પડયો. બોલ બોલતાંમાં લહુઆની આંખપર પાટા બાંધી લેવામાં આવ્યા. જેવો જલ્લાદનો સફાઇભર્યો હાથ લહુઆની ગરદન પર ફરવાની તૈયારીમાં હતો તેજ પલે વઝીર

બીરબલ દરબારમાં દાખલ થયો. શાહે જલ્લાદને બે ચાર પળ થોભવાનો હોકમ કીધો અને સઘળો હેવાલ બીરબલને શાહે જણાવ્યો. આ સઘળું સાંભળી લઇ બીરબલ શાહને નમી બોલ્યો, "એ ધર્મ અવતાર ! ગરીબ બીચારો લહુઓ પોતાના પ્યારા જનથી નાહકનો બરબાદ થાયછે. જેમ રાજકવીઓ ખરા છે, તેમ હું હીંમતથી કહું ંય કે રાજકવીઓ ખોટાબી છે. માટે લહુઆનો જાન લેવો તદ્દન નારવા છે. હું ખાતરીથી કેહું ંય કે 'સો શીઆના એકમત.' એટલે સો શીઆના માણસોનું મત કોઇ કોઇવાર એકજ આવેછે."

બીરબલના આ પ્રમાણે બોલવાથી શાહના ગુસ્સાનો પાર રહ્યો નહીં. રાજકવીઓનો બડબડાત ચાલુ થયો. તેઓ મનમાં બોલતા કે બીરબલ ઢાયલો કયાંથી ફુટી નીકળ્યો કે આવીને નવું રમખાણ જગાડયું !

શાહ બોલ્યો, બીરબલ આજની તારી ચાલથી આખી દરબારને તેં નામોશીમાં ગર્ક કીધીછે. જલ્લાદ, એકદમ લહુઆને બંધથી ખલાશ કર. અને એની જગાપર આ કમઅકલ બીરબલને મુસકાટાટ કર, કે ફરીથી કોઇ મારી સામે અને આખી દરબાર સામે બોલવાને હીંમત કરે નહીં. તું જો તારો જાન બચાવવા માંગતો હોયતો તારૂં કેહેવું તું કાલને કાલ સાબેત કર, નહીંતો જરૂર તાહરૂં સર જલ્લાદને સ્વાધીન થશે."

આવી રીતે રંગમાં ભંગ જેવું થઇ દરબાર બરખાસ્ત થઇ. સઘળા દરબારીઓ બીરબલની દયા ખાતા ખાતા પોતપોતાનાં મકાન પર ગયા. લહુઓ બીરબલ પર દુઆના કલામો પઢતો નીરાંતે ઘેરમાં સુતો. વઝીર બીરબલ શાહાનશાહની ખાતરી કેમ કરવી તેના વીચારમાં ગુટાયો. તેણે શાહના હોકમથી દીલ્હી શેહેરમાં જાણીતા થયલા સો દાઢા

માણસોને તેડાવી મંગાવ્યા અને તેઓને શાહની હાજરીમાં કહ્યું કે શાહનો તમોને એવો હોકમ છે કે મેહેલની પાસેની ખાલી હોજમાં આજ રાતે એકકો ઘડો ભરી દુધ નાખવું.

સો ડાહ્યા માણસો આ હોકમ બજા લાવવાનું કહી પોત પોતાને મકાને ગયા. શાહ અકબર અજબ થવા લાગો કે આવા રમુજી હોકમથી "સો શીઆના એકમત" ની જીકર મને કેમ સાબેત કરી આપશે?

બીજે દીવસે બીરબલ શાહને પેલી હોજ આગળ લઇ ગયો. અકબરે હોજમાં નજર કીધી તો દુધને બદલે તદ્દન પાણી. અકબરની અજાયબીનો ના કંઇ શુમાર કે ના કંઇ પાર!

શાહે બીરબલને પુછ્યું "બીરબલ! એ કયા?"

"ઝનાબે આલી! અહે સો શીઆને એકમત!"

"એટલે?"

"એટલે? એનો ભેદ પેલા સો શીઆનાઓથીજ માલમ પડશે." બીરબલ મુછમાં હસ્તો હસ્તો બોલ્યો.

દરબારમાં પેલા સો શીઆનાઓને ઉભા કરવામાં આવ્યા. બીરબલ શાહને ખાનગી ઓરડામાં લઇ ગયો, અને ત્યાં સો શીઆના માણસમાંથી એકને બોલાવી મંગાવ્યો.

શાહ અકબર ગુસ્સો કરી બોલ્યો, "કેમરે એ બુઢા તું મારાં શેહેરમાં એક અક્કલવંત માણસ તરીકે ખપેચ ને મારો હોકમ તું આવી રીતે બજા લાવેચ? રાસ્ત બોલ!"

પેલો શીઆનો હાથ જોડી બોલ્યો, "જહાંપનાહ! મેં જાણ્યું કે હોજમાં નવાણું ઘડા દુધ નમાશે તેમાં હું એક ઘડો પાણી નાખશ તો કંઇ જણાવાનું નથી. એવાજ વીચારથી મેં દુધને બદલે પાણીનો ઘડો નાખ્યો." શાહ અકબર આ અક્કલથી હસી પડયો અને તેનો ગુનાહ માફ કીધો. બીજાને બોલાવ્યો, જેણેબી પેહેલાનીજ માફક જવાબ

દીધેા અને આ પ્રમાણે સેા શીઆનાઓએ એકજ જાતનેા જવાબ દીધેા.

શાહ અકબરે બીરબલની દાનાઇની ખુબ તારીફ કીધી અને દેાલત અને સરપાવથી ખુબ નવાજી નેહાલ કરી નાખ્યેા. "સેા શીઆંના એકમત" ની કહાણી અકબરને એટલી તેા પસંદ પડી કે પેાતાના તખ્તની સામે સેાનેરી અક્ષરથી તે કેાતરાવવાનેા હેાકમ કીધેા.

## બીરબલની દાનાઈથી એક સેાદાગરનેા બચેલેા જાન.

અકબર બાદશાહ એક દીવસ 'બરી બામદાદ' માં બીછાનેથી ઉઠી બારી આગળ ગયેા અને બારીની બાહર જોયછે તેા એક હીંદુ વેપારી નજરે પડયેા. આ વેપારી ઉજન નગરીનેા સેાદાગર હતેા, અને પેાતાનાં બેાહલાં કુટુંબનું આબરૂ દરકારથી ગુજરાન કરતેા હતેા.

અકબર બાદશાહ તેજ દીવસે પેાતાનાં માણુસેા સાથે શીકારે ગયેા. શીકાર કરતાં એક હરણ નજરે પડયું, જે પર પેાતાની નેમ ટાંકી એક તીર છેાડયેા, પણ હરણુનાં સારા ભાગ્યે તીર હરણુને લાગુ પડયા વિના છટકી ગયેા. આ જોઇ હરણે ચાર પગે દેાડવા માંડયું. અકબર બાદશાહએભી પેાતાનેા તેજ ચાલનેા ઘેાડેા વીજલી પેરે દેાડાવ્યેા અને માર્યું કે પેલાં ખુબ મસ્ત બનેલાં હરણુને તીરથી જમીન પર પટકે.

શાહના તીરના ભાથરામાંથી એક પછી એક તીર છુટવા લાગા, પણ ધાર્યું મુજબ હરણ બેજાન થયું નહીં. એમ કરતાં તે પેાતાનાં માણુસેાથી છુટેા પડી ઘણેાજ દુર નીકળી ગયેા. હરણ પણ નજર ચુકાવી એકાદ પાહડની કઢણુમાં ભરાઇ ગયું. અકબરની નાશીબાશીનું શું પુછવું ! પેલાં હરણની ઉપર એટલેા તેા ક્રેાધાયમાન થઇ ગયેા કે

હમણાં જો તે હાથમાં આવે તો રેજે રેજ કરી નાખે! અંતે ભુખ અને થાકથી અધમુવો બની શાહે પોતાના મેહેલ તરફનો રસ્તો લીધો.

શીકાર ગયલાં માણસોબી શાહની રાહ જોઇ આખરે મેહેલ તરફ પાછાં ફર્યાં, પણ શાહ અકબર તો છેક મોડી રાતે રખડતો રઝડતો મેહેલમાં આવી પુગો.

બીજે દીવસે બાદશાહે હોકમ કીધો કે પેલા ઉજન નગરીવાળા હીંદુ સોદાગરને એકદમ મારી સનમુખ હુંડી લાવો!

શેહેરમાં ચો તરફ માણસો દોડી પોહોંચ્યાં અને પેલા સોદાગરને દરબારમાં અકબર આગળ ઉભો કીધો.

શાહ—જુવો દરબારીઓ, કે ગઇ કાલે 'બરી ફજર' માં આ બદબખ્ત સોદાગરનું મેં મોહોડું જોયું, જેથી આખો દીવસ મને ભુખું રેહેવું પડયું. આવા બદબખસલત આદમીને તો જલ્લાદની તેજ શમશીરજ સજાવર છે. જલ્લાદને મારૂં ફરમાન છે કે આ શીહા બળાનું બદબખ્ત સર તેનાં પાપી તનથી એકજ ફટકે એકદમ જુદું કરે!"

આ હોકમ સાંભળી ગરીબ બીચારો સોદાગર રડવા અને જારી કરવા લાગો. અને કપાલ કુટી પોતાનાં હીણાં નસીબને કહુવા દેવા લાગો. એકેએક દરબારી આ બીન તકસીર પણ કમનસીબ સોદાગરની દયા ખાવા લાગો, પણ શાહનાં મનપર જરા પણ અસર થઇ નહીં.

એટલામાં બીરબલ વઝીરની દરબારમાં પધરામણી થઇ. એક હીંદુની આંખપર જલ્લાદને પાટા બાંધતાં જોઇ બીરબલે શાહને તે કમનસીબ સોદાગરનો હેવાલ પુછ્યો.

શાહે બરાડ મારી કહ્યું, "બીરબલ, આપણાં શેહેરમાં આ કાફર જેવા બદબખ્ત આદમીઓ વસેચ તે મેં કાલેજ જાણ્યું. તું જાણેચ કે હું કાલે શીકારે જવાનો હતો. તેથી મારા ધારા કરતાં ઘણીજ જલદીથી મેં મારૂં બીછાનું

છોડયું અને મેહેલની બારીની બાહર જોઉંચ તો આ મુરદાલ મારી નજરે પડયો ! એનો ચેહરો જોઇ હું શીકારે નીકળ્યો તો હાડમારી અને મુશીબત શીવા મેં બીજું કશું જોયું નહીં. તમામ દીવસ મને ભુખો અને પ્યાસો રેહેવું પડયું. તેનું કારણ એજ કે બડી ફજ્જરમાં આ કમબખ્તનો ચેહરો મારી નજરે પડયો. ચાલ જલ્લાદ, મારો હોકમ બજા લાવ."

બીરબલે જાણ્યું કે આ બોકરૂં નાહકનું રેંહેસાઇ જાયચ, માટે એને કંઇબી કરી બચાવવો તો જોઇએ !

બીરબલ—પાદશાહ સલામત, સોદાગર બીચારો નાહકનો માર્યો જાયચ. એ બીન તકસીર છે. માટે એને કતલ કરવો લાઝીમ નથી.

બીરબલના આ પ્રમાણે બોલવાથી શાહના ગુસ્સાનું શું પુછવું ? એક જખમી થયલા સીંહ માફક છેડાઇ પડી બોલ્યો, "બીરબલ, આજ પળ સાબેત કર કે આ કાફરને કતલ કરવો સઝાવર નથી. નહીંતો તારાંબી સર ઉપર જલ્લાદની શમશીર ફરેલીજ જાણ."

**બીરબલ**—આલમ પરવર, સાબેત કરવાને તૈયાર છું. પણ ગુસ્સો તો નહીં કરો ?

**શાહ**—ના ! સાબેત કર !

**બીરબલ**—પાદશાહ સલામત, તમોએ એની સુરત જોઇ તો આખો દીવસ ફકત રોટી નહીં મળી, પણ એ બાપડાએ તમારી સુરત જોઇ તો બીચારો જનથી બેજાન થાયછે ! તો હવે બોલો શાહ કે બદબખ્ત કોણ ?"

આ હાજર જવાબીથી શાહ અકબર હસી પડયો. પેલા સોદાગરને મોટું ઇનામ આપી છુટો કીધો, બીરબલને એક મોટો સરપાવ આપી નેહાલ કીધો અને દરબાર હશી ખુશીમાં બરખાસ્ત થઇ.

## નૌશીરવાન આદેલ અને વઝીર બુઝરચેમેહેર.

એક દીવસ શાહ નૌશીરવાન આદેલ પોતાના બુઝરગ વઝીર બુઝરચેમેહેર ઉપર એકાદ નજીવાં કારણ માટે એટલો બધો તો ગુસ્સે થઇ ગયો કે દરેક દરબારીએ ખાતરીથી માન્યું કે બુઢા વઝીરની કમબખ્તી આવી ખરી અને તેમજ થયું.

શાહ એક વીફાળ સિંહ માફક બરાડ મારી બોલ્યો, "એ બુઢા વરૂ, તારી તકશીર એટલી બધી તો હદ વીનાની છે કે ફાંસીના માચરા શિવાએ તારો અંજામ લાવવો એ હેમાકાત ભરેલું છે. તોપણ આટલાં વરસની મારી તરફની તારી સેવા તારાં બુઢાં હાડ પર દયા કરવાને મને લલચાવેચ. આજથી પાંચ દીવસની મુદ્દત અંદર મારી સલતનતમાંથી તારૂં નેહેસ્ત કદમ સદાનું દુર કરવું, અગરજો એ મુદ્દત બાદ તાબે હેઠલના મારાં કોઇબી શેહેર કે ગામમાં તારી શીહા સુરત જમતી માંલમ પડશે તો તુંને અને તારી આલ ઓલાદને હાથીના પગ હેઠલ કચડી નખાવશ, જા દુર થા."

બર દરબારમાં થયલો શાહનો આવો ધાટકી હોકમ વઝીર બુઝરચેમેહેરને માટે જોકે ઘણો અપમાનભરેલો તો હતો, તોપણ વઝીર કંઇ વધુ બોલી શાહને વધુ ગુસ્સે કરવાને બદલે તરતજ દરબાર છોડી ચાલતો થયો.

વઝીરના દેશનીકાલ થવાની વાત આખાં ઇરાન શેહેરમાં વીજળીક ઝડપે ફેળાઇ ગઇ, અને તમામ પ્રજા દલગીર થઇ.

વઝીરને દેશનીકાલ કીધા પછી શાહ નૌશીરવાન પોતેબી કંઇ થોડો દલગીર નહીં હતો, પણ કરે શું ? એક વખત કીધેલી શીક્ષા તે પાછી ફેરવી શકે એવો નહીં હતો. તોપણ કોઇ કોઇ વખત શાહને વઝીર બુઝરચેમેહેર યાદ આવી જતો તો શાહના ચેહેરા પર ગમગીની દીપી નીકળતી હતી.

આવા ગમથી કંટાલી શાહે શીકારગાહ પર જવાનો ઠરાવ કીધો કે જેથી વઝીરનો ગમ ભુલી જાય. તે પોતાનાં માણસો સહિત શીકાર કરવાનાં મેદાન પર આવી લાગો.

પાદશાહની નજર તરતજ એક ઝાડનાં છાંયડાં હેઠળ બેઠેલા પોતાના વઝીર બુઝરચેમેહેર પર પડી. વઝીરે પણ શાહની સવારી આવતી જોઈ. હવે શું ઉપાય કરવો તે વઝીર માટે બહું મુશકેલ થઈ પડયું. તેનેથી નહાસી શકાય એમ નહીં હતું, કેમકે શીકાર કરવાનાં ચોગાનમાં એક નહાસ્તું માણસ તરતજ માલમ પડી આવેછે. જે ઝાડનાં છાંયડામાં તે બેઠેલો હતો તે ઝાડ ઘણુંજ બુલંડ હતું. આ ઝાડ પર તે બેાદાનું નામ દઈ ચહડતો હતો એટલામાં શાહ ઘોડો દોડાવતો તે ઝાડ આગળ આવી લાગો. વઝીરે પોતાનું મોત નક્કી માની લીધું, પણ શાહની હાજરીથી તે અંજાણેાજ હોય તેમ હીમત રાખી ઝાડ પર ચહડતોજ ગયો.

પાદશાહનો આગળો ગુસ્સો પાછો ઉસકેરાઈ આવ્યો, અને એક બરાડ મારી વઝીરને હોકમ કીધો કે ઝાડ પરથી એકદમ નીચે આવે. જાણે શાહને વઝીરે હમણાજ જોયો હોય તેમ તે થર થર ધુજવા લાગો, અને પાદશાહનાં ફરમાનને તાબે થઈ નીચે ઉતરવા લાગો.

"કેમ એા ચંડાલ, મારા હોકમને તું એમ માન આપેચ કે? મેં તુંને સાફ મના કીધી હતી કે પાંચ દીવસ પછી મારી સલતનતમાં તારી સીહા શીકલ જણાવવી નહીં જોઈયે, પણ આજે છઠ્ઠો દીવસ થવા છતાં મારાં શેહેરનાં ખુદ પાયતખ્તનાં શીકારગાહમાં ભટકવાની તું કેમ હીમત કરી શકેચ? રાસ્ત કેહે, એા બુઢા વઝીર, કે હજુર સુધી મારી સલતનતમાં કેમ? અને આ બુલંડ ઝાડ પર શા માટે ચહડતો હતો?"

વઝીર બુઝરચેમેહેર ગુંથણીએ પડી બોલ્યો, "એ દાનાવ શાહ, તારી સલતનતમાંથી સદાનો દુર થવા પાંચ પાંચ દીવસ થયાં હું ભટકું ંચ પણ જયાં જાઉંચ ત્યાં તારી સલતનત, જયાં ભટકું ંચ ત્યાં તારૂંજ રાજ. અંતે લાચાર અને ગમખ્વાર થઇ હમણાજ આ શીકારગાહમાં ભુખ્યો અને પ્યાસો હું આવી લાગેા."

**શાહ**—પણ કમબખ્ત તું આ ઝાડ પર કાંય ચહડતો હતો ?

**વઝીર**—શું કરૂં સાહેબ, જયારે મેં જોયું કે આજે છ છ દીવસ થયાં ભટકું ંચ, પણ તારી સલતનતથી દુર થવાતું નથી, ત્યારે તારા ડરને લીધે આ બુલંડ ઝાડ પર ચહડીને રહ્યો સહ્યો આસમાનનો રસ્તો લેતો હતો, કે તમો નામવરની સલતનતથી સદાનો દુર થાઉં.

વઝીરની આવી દાનાઇ ભરી વાત સાંભળી શાહ નૈશીરવાનને હસવું આવી ગયું અને વઝીરનો ગુનાહ માફ કીધો. શાહ ધણીજ ધામધુમથી તેને શેહેરમાં લાવ્યો, અને પાછી વઝીરાત બક્ષી તેની માફી ચાહી.

---

## કાલી ભેંસ, કાલી હંડી.

હૈદરાબાદમાં એક મુસલમાન દુધવાળો રેહેતો હતો. તે બીચારો ઘણેાજ કમનસીબ હતો, કેમકે થેાડા થેાડા મહિનાને તફાવતે એક પછી એક ભેંસો મરી જતી હતી. એક દીવસ એજ પ્રમાણે બાકી રહેલી એક ભેંસ પણ મરણ પામી. આ બનાવથી ગરીબ બીચારો દુધવાળો રડવા અને કુટવા લાગેા, અને પોતાનાં બદબખ્તને કદુઆ દઇ હાય અને અફસોશ કરતો બેઠો. એટલાંમાં એક પડોસી ત્યાં આવી ચહડયો, અને તેને રડવાનું કારણ પુછવા લાગેા.

ગરીબ બીચારા દુધવાળાએ પોતાનાં કમનસીબની દુખદાયક કહાણી કહી સંભળાવી કહ્યું કે, "ભાઇ એન ભેંસ પર મારો અને મારાં કુટુંબનો આધાર હતો. હવે મારાં નાનાં બચ્ચાં કેવા ટવલી ટવલી મરશે! હાય! હાય!" એટલું બોલી પાછો વીલાપ અને જારી કરવા લાગો.

પડોસી—ભાઇ, રોનેસે અબી કયા ફાયદા હોગા? હમકો ઔર તુમકો કાલી ચીઝસે લ્હેના નહીં હય, તો ભાઇ કયા કરના?

દુધવાળો—તેરીભી ભેંસ મર ગઇ કે?

પડોસી—અરે ભેંસકો કયા આગ'લગાતે હો, મેરી પકાનેકી કાલી હંડી ફુટ ગઇ, ઔર તેરી કાલી ભેંસ મર ગઇ, યેહ સબ યેકહી હુવા!

---

## એ તે માન.

ગધેડા ચરાવનાર એક દેહેકાણીની છોકરી પોતાના બાપનાં ઘેરથી સાસરે જવા નીકળી. બંને ગામ વચ્ચે ચાર કોસનો તફાવત, માટે બાપે પોતાના છોકરાને કહ્યું કે તારી બેહેનને માટે એક ગધેડું લઇ આવ કે તે પર બેસીને સાસરે જાય, પણ ખબર કાહાડતાં માલમ પડયું કે તમામ ગધેડાં ગામની બાહાર ચરવા નીકળી પડયાં હતાં. આથી બાપ ઘણો દલગીર થઇ ગયો અને પોતાની બેટીને કહ્યું કે "બેટી હું ઘણો દલગીર છેઉં કે મારી પાસે આટલાંબધાં ગધેડાં છતાં તારે માટે હું એકબી ગધેડું ફાજલ પાડી શકતો નથી."

આ સાંભળી દીકરી બોલી, "બાવા, એમાં શું મોટી વાત! તમે કેવા છો? તમે પોતે સો ગધેડાંની ગરજ સારે, એવા છો."

## શાહ મલેક અને એક વેપારી.

એક દીને મલેકશાહ પાદશાહ મોટી સવારી લઇ શીકારગાહે નીકલ્યો. એક હરણનો શીકાર કરવા જતાં તાકેલો તીર હરણને લાગવાને બદલે ત્યાં શીકાર કરવા આવેલા એક સોદાગરના જવાન છોકરાને અચાનક લાગી ગયો.

આવો બનાવ બનેલો જોઇ પાદશાહ મલેકશાહ ઘણો દલગીર થઇ ગયો, અને તેના હોશ ઉડી ગયા. મરણ પામેલા છોકરાના બાપને બોલાવી મંગાવવા મારતે ઘોડે કોટવાલને શેહેરમાં મોકલ્યો. શાહે પોતાના વઝીરને હોકમ કીધો કે એક ચરૂ તરત લાવી હાજર કરે. આ ચરૂ સોનાની મોહરથી ભરવામાં આવ્યો અને તેની ઉપર તેજ ધારની એક તલવાર મુકવામાં આવી.

આ પ્રમાણે તૈયારી ચાલી રહીછે એટલામાં મરનાર છોકરાનો બાપ ત્યાં આવી લાગો, અને હાય અને અફસોસ કરવા લાગો.

**શાહ મલેક**—અએ ભલા સોદાગર! આ તારા જવાન અને એકપુરા બેટાનો ખુની હું પોતે થડયોછું, જને માટે હું મારી જેટલી દલગીરી બતલાઉં તેટલી થોડી છે, માટે આ પેલો સોનાની મોહરથી ભરેલો ચરૂ એક દંડ દાખલ તુંને હું આપવા માંગુંચ, તે જો તારી લેવાની મરજી હોય તો લે. અગર નહીં તો એજ ચરૂ પર મુકેલી તલવાર તારા હાથમાં લે અને કંઇબી ધાસ્તી વગર તારા બેટાનાં ખુનમાં મારૂં સર મારાં તનથી જુદું કર.”

આ સાંભળી સુલતાન મલેકનાં તમામ માણસો સુલતાનના ઇનસાફથી અજબ થયાં, અને હવે સોદાગર શું કરેચ તે જોવા ઇંતેજાર થઇ ઉભાં.

પેલા ગમખ્વાર બાપે જવાબ દીધો, “એ ઇનસાફી શાહ! તારા ભલા ઇનસાફથી મારી પર એવી તો અસર થઇચ

કે આ સઘળી દોલત અને આ મારો એકપુરો બેટો તું જેવા શાહ ઉપર કુરબાન કરૂં તો મને કોઇ હેમક કેહેશે નહીં. તું નામવર શાહે મારી દલગીરીમાં ભાગ લીધો એજ મારાં નાતવાન અને જખમી જીગરને હદ વીનાનો દીલાસો છે."

સોદાગરના આવા દાનાઇભર્યા જવાબથી સુલતાન પર અને તેના માણસો પર જબરી અસર થઇ. સુલતાનની આંખમાંથી આંસુ ટપકવા લાગાં, તેણે પોતાના વઝીરને હોકમ કીધો કે ખજાનાથી ભરેલો આ ચરૂ સોદાગરને ઘેર પોંહોંચાડે અને એક ગામ જાગીર તરીકે આપે.

આ પછી સોદાગરને દીલાસો આપી ગમખાર જીગરે શાહે પોતાના મેહેલ ભણીનો રસ્તો લીધો.

## અગમ ખુઢ્યા વાણીઆ અને પશ્ચમ ખુઢ્યો ચોર.

જે વખતે સુરત શેહેરમાં નવાબી રાજ ચાલતું હતું, તે વખતે સુરતના નગર શેઠને ત્યાં એક રાતે ખાતર પાડી ચોર ભરાયા અને પેટી પેટારા ભાંજફોડ કરવામાં રોકાયા. ઘેરમાં થતી અફાડ ઝીખથી નગરશેઠ જાગી ઉઠયા, અને અલીને જગાડી ચોરોના આવ્યાની ખબર કીધી.

વાણીઓ જબરો થાવકો હતો. તેણે અલીને કાનમાં કહ્યું, "અલી આપ્યે રોંડના લુટારા ભરાણા છે અને જો આપણે કંઇ તાલતલાવત નહીં કરીશું તો આવતી કાલે તો આપણે બચ્ચાં કચ્ચાં સહિત રડી રેહેવાનાં. માટે જે હું તુંને તાલ સુંઘવું તે પર તારા બંને કાન આલ." એટલું કહી ઘણેજ ધીમે સાહડે તે શું તાલ કરવા માંગતો હતો તેની મતલબ કહી સંભળાવી.

અલી જબરી ચગોર હતી અને જેમ મોરનાં ઈંડાં ચીતરવા પડતાં નથી તેમ અલીને વધુ ભણાવવાની જરૂર રહી નહીં.

નગરશેઠનાં ઘેરની આસપાસ કાઝી અને મુલ્લાંજીનાં ઘેર આવેલાં હતાં.

"અલી, હો અલી, જાગેછે કે, અરે આપણો દીકરો મુલ્લાં તો ખાટલી પર જણાતો નથી ! મધરાત થવા આવી ને હજુર ઘેરે આવી પોહડી જવાનું તેને ભાન કેમ નથી આવતું ! હવે એ પોરીઓ હળવે હળવે બહુજ લાંબાં પગલાં ભરતો જાયછે."

અલી બોલી. "શીદને એટલા જીવને સંતાપોછો ! તમારો દીકરો મુલ્લાં કંઇ હવે નાનકડું બાળ નથી, કે એટલા ગભરાઓ છો ! તે તો આપણા વચલા દીકરા કાઝી સાથે નવાબને ત્યાં નાચ રંગ થાયછે તે જોવા ગયોછે. આપણો નાનો દીકરો ચોરલાલ ઘણોજ રડયો અને ના પોતે વાળું લે કે ના મને વાળું લેવા દીયે, તેથી મેંજ આપણા બંને દીકરા મુલ્લાં અને કાઝીને કેહું કે 'તમારા નાના ભાઇ ચોરલાલને શીદને રડાવોછો, જાવો તમેબી જાવો અને ચોરલાલનેબી સાથે લેતા જાઓ."

**વાણીઓ**—હાય ! હાય ! અલી તું શું કરવા બેઠીછે ! શીવ ! શીવ ! બેહુ દીકરા મુલ્લાં અને કાઝીને મોકલ્યા તો ભલે, પણ આપણા નાના દીકરા ચોરલાલને શીદને મોકલ્યો ! નાનો દીકરો ચોર મને બહુ વાહલો લાગે છે. એજ દીકરો મારૂં નામ રાખશે. પણ દીકરો મુલ્લાં ને દીકરો કાઝી સૌ જોવાનાજ.

**અલી**—એ ત્રણે પોરીઆઓ આવતાજ હશે, તમે બારણા આગળ જઇ જરા હાંક મારો કે પડુકરી મારતા એઓએ આવશે.

**વાણીઓ**—રોંડ ! આવડી મોડી રાતે હાંક મારૂં તો કોઇ મારા ઠઠા કરશે ને ! આડોસી પાડોસી ઉંઘમાંથી

જાગી ઉઠશે ને મને ગાળો ભાંડશે તેનું કેમ! અરે રોંડ ડાકણ મારા નાનેરા દીકરા ચોરલાલને શીદને મોકલ્યો?"

અંતે વાણીઓ અલીની જીદ આગળ આજીજ થયો હોય તેમ કંટાલીને બોલ્યો, "લે આ આલ્યો હાંક મારવા, હીંડ, તુંબી હાંક મારવા લાગ."

આટલું બોલી બંને બારણું ઉઘાડી બાહર આવ્યાં અને ધાંટો પાડી બોલ્યાં, "અલ્યા મુલ્લાં, કાઝી, ચોર? ઓ મુલ્લાંરે મુલ્લાં, ઓ કાઝીરે કાઝી, ચોર, ચોર, ઝટ આવો રે ઝટ આવો."

ચોરો સમજ્યા કે વાણીઓ અને તેની અલી મુલ્લાં, કાઝી અને ચોરલાલ નામના પોતાના ત્રણ છોકરાઓને ખરેજ ધાંટા પાડી બોલાવેછે, જેથી તેઓએ અપસ અપસમાં વીચાર કીધો કે વાણીઆના ત્રણ છોકરાઓ આવશે ને બધાં ઉંધાઇ જશે તે વખતે બધી દોલત ઉથાવી નાહાસી જઇશું; માટે ત્યાંવેર તેઓએ ભરાઇ રેહેવાનોજ ઠેડાવ કીધો.

વાણીઆ અને તેની અલીના પોકારથી પાસેના પડોસી મુલ્લાં અને કાઝી ઉંઘમાંથી જાગી ઉઠયા અને પોતાના પડોસી વાણીઆને ચોરની બુમો મારતા સાંભળી પોતાનાં માણસો સહિત ઉતાવળે વાણીઆનાં ઘરમાં ધસી આવ્યા અને બોલ બોલતાંમાં ચોરોને પકડી લીધા.

બીજે દીવસે તેઓનો ઇનસાફ થયો અને વાણીઆની હીકમતથી તમામ દોલત જતી બચી.

## શાહ ખુખર-ઊદ-દીન અને એક કાબેલ શાએર.

تو خوش خُفته بودي و من كرده رفت
ثنا و دعا بوقت سحر
ترا كرده‌ام هم زنت را كنم
چنان خدمت مادران را پسر
ميانِ دورانِ تو خواهم نهاد
يكي اسپِ تازي دگر زينِ زر

તો ખુશ ખાફતે ખુદીઓ મન કરદે રફત
શનાઓ દોઆહા બવકત શહર
તોરા કરદેમમ હમ ઝનતરા કુનમ
ચુંનાંખેદમતે માદરાંરા પેસર
મીયાને દો રાને તો ખાહમ નેહાદ
એકીઅસપે તાઝી દીગર ઝીને ઝર

### અર્થ.

જહાંપનાહ તો મીઠી ઉંઘમાં બેખબર પોઢેલા હતા. બામદાદનો વખત હતો ત્યારે જનાબેઆલીના હકમાં સેંકડો તારીફના શબ્દો અને હઝારેા હઝાર દોઆ બરી બામદાદને વક્તે બોદા પાસે માંગી તમારી ઉંઘમાં હરકત ન પડે તેથી હું ચાલી ગયેા. (જાણવું કે બામદાદની દોઆ જલદીથી કબુલ થાયછે.) જેમ એક પ્રમાણીક, વફાદાર અને તાબેદાર દીકરેા પોતાના માબાપની ચાકરી કરે તેમ હું તારી અને તારી બેગમની બેદમત બજા લાવશ.

એક તો અરબી ઘોડો અને બીજું તો સોનેરી થાઝનું ઝીન તારી સ્વારીને વાસ્તે લાવશ.

(ઉપલી ત્રણ બેતો, તેનો ઉચ્ચાર અને ગુજરાતી તરજુમેા અમોએ ઉપર આપ્યોછે, તે અમારા દાનેશમંદ વાંચનારાઓએ ખુબ ધ્યાનમાં રાખવું. એ બેતોમાં કાંઇ

પણ ઉંધાડી વાત નથી કે જેથી અમારા વાંચનારનો જીવ કચવાય. ફારસી જબાંનનો એક કાયદો છે કે જ્યારે કોઇ શખ્સ એક બેત બોલે તેના પેહલો મીસરો વાંચી અર્થ સમજવાની ઉતાવળ કરવી નહીં, કારણ કે જ્યાંસુધી બંધે મીસરા વાંચો નહીં ત્યાંસુધી અર્થ બરાબર સમજે નહીં; અને જો તેમ ન કરો તો પેલા ફખર-ઉદ્દ-દીન પાદશાહની મુવાફેક ગોતું ખાવું પડે. હવે આ બેતો કહ્યા શાએરે બનાવ્યા અને કહી જગોપર વાપર્યા અને તેનું પરીણામ શું આવ્યું તે સરવેનો ખોલાસો નીચે આપેલોછે).

એક શેહેરમાં ફખર-ઉદ્દ-દીન નામે ઘણો આદેલ અને રૈયતપરવર પાદશાહ હતો. તેના તાબામાં એક ઘણુ મોટા વીસ્તારનું શેહેર નામે નૌબાહાર હતું. તે શેહેરથી થોડાએક કોસ દુર એક મોટી ટેકડી હતી, તે ટેકડીની ટોંચ-પર જવાનો રસ્તો બહુ બીકટ અને અતીશે ભાગોટુટો, ઢેફાં ઢરીઆંથી ભરેલો હતો. કોઇ ગાડી કે ઘોડો બલકે ગધેડાં પણ જઇ શકે નહીં. મગર કોઇ શખ્સ અફ-લાતો ઝીંકાતો ટોંચની ઉપર જાઇ પુગે તો તેની મેહનત અને ઝેહમતનો બદલો મળી આવે. કારણકે મથાળે મોટા વીસ્તારની સપાટ જમીન હતી. ત્યાંની હવા ઘણી દીલપસંદ અને તંદરોસ્તીના બાબમાં ઘણી વખાણવાલેગ હતી. તે સાથે તરેહતરેહના પક્ષી અને ભાંતભાંતનાં ચોપગા શેકાર મળી આવતા હતા. એક દીને પાદશાહ ફખર-ઉદ્દ-દીનનાં મનમાં આવ્યું કે ઉપલી ટેકડીપર શેકાર કરવા જવું. આ પાદશાહનો એક અમીન-ઉદ્દ-દીન નામે ઘણો ડાહ્યો અને દુન્યાંની ઉંચ નીચ સમજનારો અનુભવી વઝીર હતો.

પાદશાહે હોકમ કીધો કે વઝીર અમીન-ઉદ્દ-દીનને બોલાવી લાવે. જ્યારે વઝીર હઝુરમાં હાજર થયો ત્યારે પાદશાહે પોતાનો શેકારધામાં જવાનો વીચાર કહી સંભ-

ળાયો. અમીન-ઉદ્દ-દીન વઝીર સાંભળતાંને વાર છ છણી પડયો અને કેહવા લાગેા; "અરે એા મારા નેક પાદશાહ, આ ઘેલેા વીચાર તારાં મનમાં કેમ આયો? હા ખરી વાત છે કે ઉપરની સપાટ જમીન ઘણી રળીયામણી છે, પણ સવાલ એ છે કે ઉપર પોંહોંચવું એ ન બને એવું છે. રસ્તેા ભાગેા ટુટેા છે તેા છે પણ વળી ઢળાવદાર છે. નથી ગાડી ઉપર જઇ શકતી કે નહીં ઘેાડાપર સ્વારી કરી શકાતી. વળી ગધેડે બેસી જવા ચાહીએ તેા તે પણ બનતું નથી. વાસ્તે એ બેહુંદેા વીચાર માથાંમાંથી દુર કરેા." આ વાત સાંભળી પાદશાહ છેડાઇ પડી બેાલ્યેા, "વઝીર તું ઘણેા બીહકણુ છે. મને હીમ્મત આપવી જોઇયે તેને બદલે તું મને નાહીમ્મત કરેચ? વાસ્તે મારેા હેાકમ માન્ય કર. આપણાં શેહેરમાં ઘણા શાએરેા વસેછે તેઓમાંથી જે ઘણેાજ પુરવીન હેાય તેને મારી પાસે તેડી લાવ, કે હું પેાતે તેની સાથે બંદેાબસ્ત કરૂં."

વઝીર શેહેરમાં ગયેા અને એક ઘણા કાબેલ ફારૂેલ સાએરને પાદશાહ પાસે લઇ આવ્યેા. શાહે પેાતાનેા વીચાર કહી સંભળાવતાં કહ્યું કે "તમેાને હું મારી સાથે શેકારધામાં લઇ જવા ચાહું છું તેનેા સબબ એ જે રસ્તેા ઘણેા બીકટ છે. તમેા જો સાથે સાથે પાહાડ ઉપર ચહડતા જાવેા અને કાંઇ સારી સારી બેતેા બેાલેા તેા આપણેા રસ્તેા કપાઇ જાય અને થાક ચહડી નહીં આવે. આ વાત સાંભળી શાએરે જવાબ દીધેા કે "એા નામવર શાહ તારેા હેાકમ બસરેાચશમ કબુલ રાખું છું, પણ હું એક શરત કરવા માગું છું તે એકે આ ટેકરીપર ચહડવાનેા પટ લાંબેા છે. હું એકેક મીસરેા બેાલતેા જવશ ને ઉપર ચહડતા જઇશું. માટે તમેા સાહેબે એકજ મીસરેા બેાલું તેનેા અર્થ સમજવાની ઉતાવળ નહીં કરવી. કારણકે ફારસી કવીતાનેા

કાનુન છે કે બંધે મીસરા સાથે સાથે વાંચો નહીં ત્યાંસુધી અર્થ સમજવાને તળપી જવું નહીં અને પેહલ્લો મીસરો સમજમાં ન આવે તો બીજાજ ખોવો નહીં." આ બંદોબસ્ત અને કોલકરાર વઝીરે પાદશાહને સમજાવ્યો તે શાહે કબુલ રાખ્યો અને શાએરને કહ્યું આંવતી કાલે કુચ કરવાની છે માટે બામદાદે હાજર થવું. શાએર કુરનીસ બજાવી રવાના થયો અને ડેડવેલે દાહાડે સહવારમાં શાએર પોતાનું ગોદડું તકયો ખાંધપર મારી પાદશાહની બેદમતમાં હાઝર થયો. પાદશાહ શાએરનો આવો શોવાંગ જોઇ મુછમાંને મુછમાં મલકરી કરવા લાગો.

પછી શાહ, વઝીર, શાએર તથા કેટલાક હઝુર્યા, નોકરો ડેરાં, તંબુ અને સફરનો સધળો સરઅંનજામ લઇ પેલી ટેકડી તરફ રવાના થયા, જ્યારે પેલા પાહાડની દામનમાં પોંહતા ત્યારે શાહે નોકરોને હોકમ કીધો કે તમો ઘણી સંભાળથી સરંજામ સાથે ઉપર જાવો અને ડેરાં, તંબુ ઉભા કરી અમારી રાહ જોતા બેસો. એ પ્રમાણે સર્વે નોકર ચાકરોને રવાના કીધા. માત્ર બે હઝુરીઆ સાથે રાખ્યા. બીજે દીને શાહ તથા સાથવાળાઓએ એકેક લાકડી ટેકાને સારૂં લઇ પાહાડપર ચહડવાનું શરૂ કીધું. થોડું એક ચહડયા પછી પેલો શાએર બોલી ઉઠયો—

تو خوش خفته بودي و من کردم رفت

તું તો ભર હુંગમાં હતો અને હું કરીને ગીયો.

આ મીસરો સાંભળી પાદશાહને કચવાટ પેદા થયો. વઝીરની તરફ ગોસ્સા ભરી આંખે જોઇ બોલ્યો, "આ અપટ અને અનઘડને તું કયાંથી શોધી લાયો. એ કેહ્ય કે તું તો સુતેલો હતો અને હું કરીને ચાલી ગયો. શું એનું બેથર કરીને ચાલી ગયો ? એ બેતમાં કાંઇ

દમ કે શાંશ ખળે નહીં, માટે એને કેહ કે ઝાંથી નીચે ઉતરો જાએ." વઝીર ડાહ્યો અને હીમ્મતવાન હતો. તે લગાર મોટે આવાઝે કેહવા લાગો "અરે હઝરત તમે કેમ ભુલી ગયા ? આ ધણીએ તમારી સાથે પ્રથમજ કોલકરાર કીધાછે કે એક મીસરો બોલું" તો અરથ સમજવાની ઉતાવળ કરવી નહીં, માટે બીજો મીસરો બોલ્યા પછી તમારો વીચાર બાંધજો." આ વાત સાંભળી પાદશાહને પેલો કોલકરાર યાદ આયો ત્યારે ધુંકરાએલા જેવા ચેહરાથી આગળ ચાલયો. લાકડી ટેકતા ટેકતા ઉપર ચહડયા કે પેલો શાએર બીજો મીસરો બોલી ઉઠયો :—

ثنا و دعا بوقت سحر

સાહેબતો પોહોડેલા હતા અને હું તો તમારી સેંકડો તારીફ અને બામદાદની વખતે હઝારો દોઆ દેતો દેતો ધેર ગયો.

આ બીજો મીસરો સાંભળી પાદશાહને જરા ખલકરી થઇ અને આગળ ચાલવા માંડયું. ચહડતાં ચહડતાં વળી એક ભયંકાર મીસરો પેલો શાએર બોલ્યો.

ترا کردم ام زنت را کنم

તુંને તો મેં કીધું પણ હવે તારી બેગમને પણ કરશ.

હાએ હાએ ! બઇરીનું નામ સાંભળી પાદશાહતો ઘેલો દીવાનો થઇ ગયો અને મોહોડું લાલ આતશના ગોળા જેવું થઇ ગયું. આ ઘેલાપણાંની ઝુંમમાં કમ્મરમાંથી ખંજર કાહાડી ચાહેછે કે શાએરની છાતીમાં આરપાર વીંધી નાખે. વઝીરે હાથ પકડી લીધો અને જેમ એક નહાંના બચ્ચાંને ધમકાવે તેમ પાદશાહનો ઝાહાડીઓ કાહડી કેહવા લાગો, "તમો આ શું કામ કરોચ ? શેહેરની બદનામીતો લેશો તો લેશો પણ આખી આલમ તમને બદનામ કરશે કે 'આ કેવો પાદશાહ છે કે અગાઉથી કોલકરાર કરી પછવાડેથી

તે ભુલી જાયછે." આ વાત ચાલતી હતી તેવામાં પેલો શાએર ડાહાપણ ખરચી શેતાન ડાભો કરી થોડે છેટે જઇ ઉભો. પછી પાદશાહને દુન્યાંની અગમ પછમ સમજાવી ઠંડા પાડયા. વઝીરે અશારત કરી શાએરને પાસે બોલાવ્યો અને પાછું ઉપર ચહડાવાનું શરૂ કીધું. અરધો રસતો કાપ્યા પછી પેલો બાકીનો મીસરો શાએરે કહી સંભળાવ્યો.

چنان خدمت مادران را بسر

જેમ એક તાબેદાર, વફાદાર અને પ્રમાણીક દીકરો પોતાના માબાપની ચાકરી કરે તેમ હું તમારી ચાકરી અને તમારી બેગમની બેદમત બજા લાવશ.

આ બેત સાંભળી શાહતો ખશયાંનો પડી ગયો અને મુગા મુગા લાકડીનું ટેકણ દઇ ઉપર ચહડવા માંડયું. જ્યારે થોડું ચહડવાનું બાકી રેહયું કે પેલો શાએર બોલી ઉઠયો.

میان دو ران تو خوابم نہاد

તારી બે ટાંગની વચ્ચે મુકશ.

આ વખત શાહે કાંઇ કચવાટ કીધો નહીં. કારણ કે પેલી ઉપલી બે બેતોથી ખાતરી થાઇ હતી તેથી ચુપકીદી પકડી બાકીનો પાહાડ ચહડવા માંડયો. જ્યારે ટોંચની બરોબર આવી પુગા કે શાએરે બાકીનો મીસરો કહી સંભળાવ્યો. તારી બે ટાંગ વચે શું મુકશ ?

یکی اسپ تازی دگر زین زر

એકતો અરબી ઘોડો અને બીજું સોનેરી ઝીન.

આ સાંભળી પાદશાહને ખરખર હસવું આવ્યું. એક દાહડો આશાએસ લઇ બીજે દીને શેકારે ગયા ત્યાંથી ઘણાં પક્ષી—તેમાં મોર તીતર વગરે હતાં અને ચોપગામાં શીંહ, વાઘ, જંગલી ભેંસ, જંગલી કુક્કર વગેરે હતાં તે સર્વે

લઇ શેહેર તરફ ઉતરવા માંડયું. નીચે આવી સવારી તૈયાર હતી તેમાં સવાર થઇ મેહેલ તરફ આવ્યા. પેલા શાએરને ઘણું માન આપ્યું અને બીજે દીને એક મોટી દરબાર ભેગી કીધી. ત્યાં પેલા શાએરની ઘણી સ્તુતી ગાઇ એક મોટી કીમતનો શરોપાવ આપ્યો અને શરવરે–શો–એારા سرور એટલે જે શાએરોનો સરદાર એવો ખેતાબ એનાએત કીધો અને હોકમ કીધો કે હમેશ કચેરીમાં હાજર થયા કરે.

---

## શાહ નૌશીરવાન આદેલ અને વઝીર બુઝરચે મેહેર.

બાદશાહ નૌશીરવાન આદેલના ગરમ સ્વભાવથી કંટાળીને વઝીર બુઝરચેમેહેર વઝીરાત છોડી ખોદાની એબાદત કરવામાં કલાકના કલાક સુધી મશગુલ રેહેવા લાગેા. એક દીવસ નૌશીરવાન આદેલ ઘેાડા પર સવાર થઇ વઝીરનાં મકાન પર ગયેા. જોકે આ વખતે પણ વઝીર બુઝરચે-મેહેર ખોદાની બંદગીમાં રોકાયલેા હતેા, તેાપણ પેાતાના બાદશાહને જોતાંવાર બંને હાથ જોડી હોકમનેા આજ્ઞાંબંદ થઇ ઉભેા.

બાદશાહ નૌશીરવાન આદેલ એક ખંખાર મારી બેાલ્યેા, "એા મારા દાનાવ વઝીર, એવી તે શું મારામાં તેં એબ જોઇ કે મારી વઝીરાત છોડી બેઠેાછે ?

વઝીર—એા બાદશાહેાના બાદશાહ નૌશીરવાન આદેલ, હવે મને કેહેવાને દર નથી કે મેં તારી વઝીરાત સદાની છોડી છે. કેમકે તું નામવર કરતાં મને વધુ જોરેબંદ શાહનશાહ હાથ લાગેાછે. હવે ફકત તેનીજ સેવા કરવામાં હું મારી બાકીની જીંદગી ખતમ કરશ.

શાહ—મારી નોકરી છોડી એક બીજા શાહનશાહની નોકરી પસંદ કરવાનેા કંઇ સબબ ?

**વઝીર**—સબબ! બેશક એ દાનાવ શાહ, સબબ વગર હું તું નામવરની નોકરી તજી જાઉં એવો હું નીમકહરામ નથી. મારી પાસે મુસ્તકીમ સબબ મોજુદ છે.

**શાહ**—તો તે સબબ જાહેર કર.

**વઝીર**—સાંભળ એ નેક કેરદાર શાહ, કે તું નામવરની નોકરી છોડવાના મારી પાસે પાંચ મુસ્તકીમ કારણો છે. પેહેલું કારણ એ કે જયારે તું નામવર બેસતો હતો તે વખતે મને તારી ખીદમતમાં ઉભો રહીને વાત કરવાની ફરજ પડતી હતી. પણ હાલના મારા આશમાંનના શાહનશાહનો હોકમ છે કે તેની સેવા બજાવતાં હું બેસી શકું. બીજું કારણ એ કે જયારે તું નામવર શાહ જમવા બેસતો હતો તે વખતે મને તારી નીગેહબાની કરવી પડતી હતી, પણ હાલમાં મને એવો શેઠ મલ્યોચ કે તે પોતે ખાતો નથી પણ મને ન્યામત ખાણું પુરૂં પાડેચ. ત્રીજું કારણ એ કે જયારે તું નામવર શાહ બીછાનાં પર આરામ કરતો હતો તે વખતે મને તારી પાસબાની કરવી પડતી હતી, પણ હાલનો મારો નવો શાહનશાહ એવો તો દયાલુ છે કે જયારે હું આરામ કરૂંછું ત્યારે આખી રાત મારી નીગેહબાની કરેછે. ચોથું કારણ એ કે તારા દુશમનોથી મને હમેશ બીહીવું પડતું હતું, પણ હાલમાં તેમ નથી, કેમકે હાલમાં હું જે નવા શાહનશાહની નોકરી કરૂંછું તેનો કોઇબી દુશમન હૈયાત નથી. પાંચમું કારણ એ કે મારી એક નજીવી ભુલથી તું નામવરે મને તારાં શેહેરથી દેશનીકાલ કીધો હતો, પણ હાલનો મારો શાહનશાહ એવો તો દાનાવ અને સમજુ છે કે એક આખા દીવસમાં મારેથી હજારો તકશીર થાયેછે તોબી તે મને માફ કરેછે, અને કદીબો દેશનીકાલ કરતો નથી.

વઝીરની આવી વાત સાંભળી શાહ નૌશીરવાનની આજાયબીનો કંઇ સુમાર રહ્યો નહીં, તોપણ હીંમતથી

બોલ્યો, "એ દાનાવ વઝીર, એવો તે તારો શાહનશાહ કોણ છે કે આટલીબધી હદ સુધી તારી પર મેહેરબાન છે? તેનું નામ? તેની નીશાન?"

**વઝીર**—એ નામવર શાહ, હાલના નવા શાહનશાહની નોકરી મેં કબુલ કીધીછે તે કોઇજ નહીં પણ બંને જહાનને પેદાનો કરનાર સાહેબ **ખોદા** છે.

વઝીર બુઝરચેમેહેરની આવી અક્કલપસંદ દાનાઇથી ભરેલી વાતો શાંભળી શાહ નૌશીરવાન પર જબરી અસર થઇ. તેણે પોતાની આગળી તકસીરની વઝીર તરફથી માફી ચાહી અને એકવાર ફરીથી વઝીરાત કબુલ કરવા ઘણાબી કાલાવાલા કીધા પણ દાનાવબુઝરચેમેહેરે નાથી હા પાડી નહીં. આથી શાહ નૌશીરવાને ગમગીન જીગરે પોતાના મેહેલ તરફનો રસ્તો લીધો.

## ઉજ્જૈન દેશનો ખોદાબખશ.

ઉજ્જૈન દેશમાં એક ઘણોજ પ્રમાણીક, નીતીમાન મુસલમાન રેહેતો હતો. તેનું નામ **ખોદાબખશ** હતું અને તે થોડીઘણી ફારશી ભાષા લખી વાંચી જાણતો હતો. **ખોદાબખશ** વેપારી હતો તે સાથે સરાફી કરતો હતો અને લોકોને ત્યાંજે નાણું ધીરતો હતો. **ખોદાબખશ** જાતે દયાલુ હતો, તે ઘણાં ગરીબ લોકોનાં કામ કરી આપતો, અને જો તેવાં કોઇ લાચાર માણસોને કાંઇક નાણાંની મદદ જોઇતી હતી તો તે પોતાની ગીરોથી કરતો હતો. અગર કાંઇ મોટી રકમ કોઇને જોઇતી હોય તો તે પોતાના વગવસીલાથી તેનું કામ પાર પાડતો. આવાં કારણોને લીધે તે સરવે લોકમાં જાણીતો અને માનીતો થઇ પડયો હતો, તેનું કહેવું એવું હતું કે પોતાના ભાઇબંદ બંદાઓ કાંઇ આફતમાં અથવા પૈસાની તંગીમાં આવી પડયા હોય તો તેને સંકટમાંથી મોકલો કરવો. શક્તિવાળાં માણસોને ઘટમાન

બલકે ફરજ છે કે તેને મદદ કરવી. **ઓદાબખશ** કેહતો કે દરેક માણુસે નીચલો વચન યાદ રાખવો.

અગર જરસે ન હો શકે તો ઝુ. બાનસે કર.

اگر زر سے نہ ہو سکے تو زباں سے کر

એટલેજે તારી ગુંજાસ ન હોએ તો બીજા શક્તિવાળા આગળ જઇ પેલા ગરીબનું કામ કરી આપજે. વળી **ઓદાબખશનું** કેવું એવુંબી હતું કે જ્યારે કોઇ મોટું માણુસ આસમાનની ગરદેશથી દુખી થઇ પડયો હોએ તો બીજાએા કરતાં તેને મદદ પેહલે કરજે કે જેથી તેનાં દુખમાં ઘટાડો થાએ.

જ્યારે **ઓદાબખશની** ઉમર પાંતરીશ વરસની થઇ ત્યારે તેની ઘણીજ નેક અને ડાહાપણવાળી ઘણીએાની કાલેરાની બીમારીથી અચબુચ ગુજરી ગઇ, જેથી **ઓદાબખશને** જબરો **ઘા** લાગો, કારણકે મરનાર એકલે હાથે ઘેરનો સઘલો ખટરાત પોતે માથે લઇ પાર પાડી આપતી. એવાજ ગમને લીધે **ઓદાબખશની** ઉમર સાઠ વરસની થઇ તોબી બીજું ઘર કીધું નહીં.

એજ રીતે અમીના નામની એક પરહેઝગાર અને પતીવરતા ઓરત ચોવીસ વરસની ઉમરમાં રંડાઇ પડી, પણ અમીનાએ પણ બીજું ઘેર કીધું નહીં, અને મન મારીને પોતાના મરનાર ઘણીની મીલકત પર ચાળીસ વરસની ઉમર થાઇ ત્યાંસુધી સબુરી રાખી ગુજરાન ચલાવ્યું. જ્યારે તે મરનાર ખાવીંદનું મુકી ગએલું દઇવત પુરૂં થઇ ગયું ત્યારે અમીનાને ગુજરાનની ચીંતા પેદા થાઇ.

સારાં નસીબે અમીનાની **ઝેરન** નામની એક બુઢી માસી હતી. તેણી પોતાની દાલરોટીથી સુખી હતી તેથી **અમીનાને** સમજાવી પટાવી પોતાને ઘેર લઇ ગઇ અને ઘણા દીવસ સુધી અમીનાનું ગુજરાન માસી **ઝેરને** કીધું.

એક દીને માસી ભાણેજ સાથે વાતપર વાત કરતાં સંસારી વાત વચમાં લાવી કેહવા લાગી કે "**અમીના** અલ્લાહ તાલાનો હોકમ છે કે મરદે પોતાની બાજુની કમાઇથી બાયડી છોકરાંનું પાલણ કરવું અને બાયડીનો ધરમ એ છે કે પોતાના ભરથારનું ઘર સંભાળવું, કરકસરથી કામ લેવું અને બચ્ચાંને ઉધારવું. હું તારે સારૂ એક આબરૂદાર મરદ જે પોતાનું, પોતાની પરણેતર અને છોકરાંનું પાલણ કરવાની કુદરત ધરાવતો હોય તેની સાથે તારા નીકા કરાવી આપું. જો તું મારૂં કેહેવું કરશે તો તુંને આલમનાં લોકોમાં એક ઘેર ધણીઆંણી દાખલ માન મલશે.

"**અમીના** આ મારી વાત પરથી તું એમ ના સમજતી કે માસીને કકડો રોટી ખવાડવી પડેચ તેથી થંડે પાણીએ કાસર પતાવેચ."

અંતે ઘણુંએક સમજાવતાં **અમીના** રાજી થઇ ત્યારે **ખેરન** માસી પેલા પ્રખ્યાત ભલા શોદાગર **ખોદાબખશને** ઘર ગઇ, અને કેહેવા લાગી કે "**ખોદાબખશ,** હું તમારી સાથે બે વાત કરવા માગુંચ. અગર રજા આપોતો કહું. **ખોદાબખશે** હા કહ્યું. આ ઉપરથી **ખેરન** માસી હીમતથી બોલી, "**ખોદાબખશ,** તમો સવારથી સાંજ સુધી તમારા ધંધા ધાપાંમાં માંથુ દુખવોચ અને સાંજનાં ઘેર આવી ઘર ખટલામાં જેજું ચેરવોચ. એથી તમારી દેહને નુકસાન પુગેચ. માટે મારૂ ગરીબનું કેહેન કરી ઘેર ધણીઆંણી લાવો તો ઘેર ખટલાનું માંથાદુખન તે કરે, અને તમો તમારો ધંધો કરો અને ઘેરનાં કામથી મોકલા થઇ જાવો. માટે મારી ભાણેજ **અમીના** સાથે નીકા કરો, કેમકે તે પણ તમારા જેવી દીનદાર અને પતીવરતા છે તે સાથે ઘણી કરકસરવાળી અને મેહનતુ છે."

આ સઘળી વાત શાંભળી ખોદાબખ્શ બોલ્યો " ઠીક છે, હું એક કાગજ પર મારા વીચાર લખી તમને આપું છું તે તમો માસી ભાણેજ વાચી જોશો તો તમારી ખાતરી થશે. એટલું કહી નીચલો દોહરો લખી મોહોરબંદ કરી ખેરન માસીને આપયો.

بهوكهه گئ بهوجن ملو　　ٹهنڈ گئ ملي ٹيا

جوبن گيو اور تريا ملي　　ان تينون كو آگ لگا

ભુખ ગઇ ભોજન મીલો,　　ઠંડગઇમીલીકમા,(ગરમડગલો)

જોબન ગયો ઔર તીરીઆ મળી,　　૪ન તીનોકો આગ લગા.

## ખોદા મેહરબાન તો દુશમન સરગરદાન.

خدا مهربان تو دشمن سرگردان

### જો ખોદા મેહરબાંનછે તો દુશમન ઉંધે મસ્તકે પડનારછે.

એક પાદશાહની પાસે અબુતમામ નામે એક ઘણો અકલમંદ વઝીર હતો. માઠાં ભાએગે પાદશાહ કાંઇ નજીવાં કારણુથી વઝીર અબુતમામપર કરોધમનદ થયો. વઝીર ચેતી ગયો અને પોતાનો માલ મતા મધેથી જેટલું લઇ સકયો તેટલું લઇ પાદશાહનું શેહેર છોડી બાહેર નીસરી ગયો અને જતાં જતાં એક આલાન નામનાં ઘણા મોટાં શેહેરમાં જઇ પોંહતો. ત્યાંની આબો હવા ઘણી માફક આવી તેથી ત્યાં પડાઉ પડયા.

જયારે પાદશાહ ફીરોઝને ખબર થાઇ કે એક ઘણોજ મોતેબર શખસ આપણાં શહેરમાં આવી ઉતરેલોછે ત્યારે પાદશાહે પોતાના એક ભરોસેદાર માણસને મોકલી અબુતમામને તેડું મોકલ્યું. જયારે અબુતમામ પાદશાહની હજુરમાં જઇ પોંહતો, આ વઝીર કાંઇ નઝરાનું લઇ પાદશાહની ખેદમતમાં હાઝર થયો. પાદશાહે તેનો અહેવાલ પુછયો ત્યારે જે કાઇ

ખરેખરી બીના હતી તે કહી દીધી. પાદશાહે કહયું તમો હમારી દરબારમાં રેહશો તો હું તમારા હકમાં સારૂં કરીશ અબુતમામ આ વાત કબુલ રાખી પાદશાહનો નોકરીમાં રહી પડયો.

ઘણાં દીવસ નહી ગુઝરયા કે એની દાનાઈ અને અકલમંદી અને અગમચેતી જોઇ ત્યારે દરએક કામમાં એની સલાહ લેવા લાગો. એક દીને વઝીર અબુતમામે પાદશાહ પાસ અરઝ કીધી કે તમો સાહેબ મારા ઉપર ઘણોજ વાહાલ રાખોચ તે જોઇ કોઇ હસદખોરો તમારી આગળ જુઠું સાચું લગાવી મારા ઉપર તમોને કોપાવે એવું થવું ન જોઇએ.

પાદશાહે ફરમાવ્યું તમારી ખાતરજમા રાખજો. તમારા વીશે મારો વીચાર ઘણો સારો છે.

હવે આ પાદશાહના બીજા ચાર વઝીર હતા. જારે પાદશાહને આ નવા વઝીરને એટલો બધો પેયારો જોયો ત્યારે પેલા ચારોનાં પેટમાં ચુંકો થવા લાગો અને ચારે જણા સાથે બેસી મનસુબો કરવા લાગા કે હવે અબુતમામનો કાંટો કેમ કાહાડીએ.

ચારે જણ જુદા જુદા ફનફરેબ જોડી કાહાડવા લાગા પણ એકબી ફરેબ પર એકમત થયા નહી ત્યારે એમોમાં એક વઝીર ઘણો મઝરબાજ હતો તેણે આ યુકતી બતાવી કે તુરકસતાંનના પાદશાહની એક અતી ખુબશુરત છોકરી છે તેની ઉપર ઘણા શાહઝાદા આશક થઇ પડેયાછે અને તેવો પોતાના આડત્યા સાથે પરણુવાનો પેગામ મોકલે ત્યારે પાદશાહ તે આડત્યાને ઠાર કરી નાખેચ વાશતે આપણે પાદશાહ ફીરોઝ પાશે પેલી છોકરીની હદથી ઝીયાદા તારીફ કરી નવા વઝીરને પાદશાહ તરફથી પેગામ અને નઝરાંણું આપી મોકળીએ કે એ નવો વઝીર પાછો આવવા પામેજ

નહીં. એ પ્રમાણે પાદશાહ ફીરોઝ આગલ પેલી છોકરીની નહીં હુતી તારીફ કીધી ત્યારે પાદશાહે પુછ્યું કે એ કામ કોણને શોંપુ. પેલા વઝીરોએ નવાં વઝીર અબુતમામનું નામ આગળ મુકયું ત્યારે પાદશાહે નવા વઝીરને એક નીરાલી જગામાં બોલાવી આ શંદેશો કહયો. વઝીર રાઝી થયો અને પાદશાહ ફીરોઝે આપેલુ મોટી કીમતનું નઝરાણું લઇ તુરકસતાંન તરફ રવાના થયો. તુરકસતાંનના પાદશાહે મોટાં માનપાન સાથે એક ઘણાજ કુશાદા અને ઉમદા મકાંનમાં ઉતારો આપયો.

જયારે શફરની થાક ઉતરી ગઇ ત્યારે પેલું નઝરાણું લઇ પાદશાહ પાશે ગયો અને પેલી છોકરીનું માંગુ કહી સંભલાવેયું. આ માંગણી સાંભળતાંજ તુરકસતાનનો પાદશાહ ઘણો ખુશો થયો અને કેહવા લાગો જે ફીરોઝ જેવા મોટા પાદશાહ કરતાં બીજે કોણ લાએક જમાઇ મળવાનો છે. મારી છોકરી પાદશાહ ફીરોઝ સાથે પરણસે તો મારો હરખ મનમાં માયો સમાયો જશે નહી, એમ કહી ઘણુએક મોટી કીમતનું કન્યાદાન અને રીત અને પલ્લાં સાથે છોકરીને પાદશાહ ફીરોઝની ખેદમતમાં રવાના કીધી. પેલી છોકરીને જોઇ પાદશાહ ફીરોઝ મધન છગન થાઇ ગયો અને આ કામ નવા વઝીરે ચાલાકીથી બજાવેયું તેથી ખુશી થઇ એક કીમતી શરપાવ કચેરી ભરી એનાયત કીધો તે જોઇ પુરાના ૪ વઝીરો અગની ચેહમાં બળવા લાગા.

دسمن چہ کند چوں مہربان باشد دوست

જારે ખોદાતાલા દોશત છે તો દુશમન શું કરી શકે.

---

## એનું નામ તે અદલ ઇનસાફ.

કેહેછે કે શેહેર કાશમીરમાં એક શખસ લોકોનો દેવાદાર હતો અને ત્યાંના હાકમના ચાર હજાર રૂપીઆ લેહણાં

હતા. માંઠા ભાગ્યેગે તે દેનદાર શખ્સ ગુજરી ગયો. તેનું જે કાંઇ દઇવત હતું તે સધળું મળી છ સાત હજારનું હતું. તે સધળું શેહેરના કાયદા પ્રમાણે મરનારનાં દેવાંનો ફડચો કરનાર શેહેરનો કાઝી જપ્ત કરી લાયો, ત્યારે શેહેરના હાકમે કાઝીની ઉપર હોકમ મોકલીને કેહવાડીયું કે મરનાર ઉપર મારા ચાર હજાર રૂપીઆ નીકળેછે, વાસતે તમારા હાથમાં મરનારનું દઇવત છે તેમાંથી મારા ચાર હજાર પુરેપુરા મોકલી આપો અને ગામના બીજા લોકોને ફાલા પ્રમાણે વેંહેંચી આપજો, પણ મહને તો પુરેપુરા વીયાજ શીકે જોઇશે. આ ઘેલો હોકમ સાંભળી કાઝીના ગુસ્સાનો પાર રહ્યો નહી. પેલા સંદેશો લાવનારને કહ્યું કે હાકમ સાહેબને મારો ઘણો ઘણો સલામ પુગાડજો અને કેહજો કે તમો જે તમારા લેહણાની આખી રકમ માગોચ તે ઇનસાફની રૂએ તમને મળવાની નથી, કારણકે એ વાત ઇનસાફથી વેગલી જાયછે. વાસ્તે જેમ બીજા માંગનારાઓને ફાલો મળશે તેમ તમને પણ મલશે અને જે દીને પેલો દેનદાર સ્વર્ગ પામ્યો તે દીનેથી તમારૂં અને બીજા માગનારાઓનું વીયાજ બંધ થયલું જાણવું. ત્યારે પેલો શખ્સ કાઝી સાહેબનો સંદેશો લઇ હાકમની પાસે ગયો અને કાઝીની વાત કહી સંભળાવી. પેલા હાકમે ફરી કેહવડાવ્યું કે શેહેરના હાકમને આમ લોકોની બરાબર ગણવો વાજબી નથી, કારણકે તેમ કીધાથી હાકમનો દરજ્જો ઓછો થાયછે. ત્યારે કાઝીએ ફરી કેહવડાવ્યું કે ઇનશાફની વખતે મોટો અને નાહનો દરજ્જો ગણવામાં આવતો નથી. એવી વખતે રાજા અને પ્રજા એકસાન છે. એ સાંભળી હાકમ સાહેબ ચુપ બેઠા અને કાઝીએ પોતાને મળેલી સત્તા પ્રમાણે ફડચો કીધો અને હાકેમ સાહેબને ફાળે આવેલા રૂપીયા મોકળી આપ્યા.

## ખોરાશાનનો શાહ હેદરશાહ અને તેનો વઝીર શાહબુદ્દીન.

કેહેછે કે આગળા વખતમાં શેહેર ખોરાશાનમાં હેદરશાહ નામે પાદશાહ રાજ કરતો હતો. હેદરશાહ ઘણો સ્યાનો તે સાથે અદલ ઇનસાફ કરનાર અને માયાળુ હતો. તેની પાસે શાહાબુદ્દીન નામે એક ઘણોજ અક્કલમંદ અને મેહનતુ વઝીર હતો. આ વઝીરે પોતાને હાથે ઘણી મેહેનત ઉઠાવી શેહેર ખોરાશાન અને તેની આસપાસનાં ગામોમાં આબાદી પાંથરી હતી અને શેહેરની તમામ વેરાન જમીનને ફલદ્રુપ બનાવી દીધી હતી તેથી હેદરશાહનો પ્યાર બીજા દરબારીઓ કરતાં શાહાબુદ્દીન વઝીર ઉપર વધારે હતો. આ કારણથી દરબારના અમલદારો શાહાબુદ્દીન વઝીર ઉપર બળવા લાગા.

દરબારીઓએ એક દીને તક જોઇ પાદશાહ આગળ વઝીર વીશે જુઠું સાચું લગાવી પાદશાહનો મીઝાન બેહકાવી મેલ્યો. માઠાં ભાયગે કશી પુછપરછ વગર તેમજ વઝીરનો ખોલાસો અથવા બચાવ સાંભળ્યા વિના એકદમ શાહાબુદ્દીનને નોકરી ઉપરથી બરતરફ કીધો.

વઝીર ડાહ્યો અને સમયસુચકતાવાળો હતો, તે એક બોલ બોલ્યા વગર દરબાર છોડી ચાલતો થયો. થોડા દીવસ પસાર થયા પછી વઝીર બીહતો બીહતો હઝરતની હુઝુરમાં ગયો. વઝીરને જોઇ પાદશાહ પુછવા લાગો. "કેમરે શાહાબુદ્દીન, કેમ આવ્યો?" વઝીર હાથ જોડી અરઝ કરવા લાગો, "હઝરત સલામત, બંદાએ લાંબી મુદત સુધી વફાદારી અને નીમકહલાલીથી નોકરી બજાવીછે. હાલ બેકારીને લીધે મારાં બોહલાં કુટુંબનું ગુજરાન થઇ શકતું નથી. માટે મારી નમ્રતાઇ ભરેલી અરઝ એ છે કે બોદાવંદના બોહોલાં શેહેરનાં

કોઇ ખુના ખંટોળાંમાં એક કકડો ઉજ્જડ જમીનનો એનાએત કરો તો તેની ઉપર હાતેજાતે મેહનત, મશક્કત કરી જમીન આબાદ કરૂં અને તે ઉપર ખેતીવાડી કરી તેની પેદાશમાંથી મારૂં અને કુટુંબનું પાળણ કરૂં. તમો નામદાર શાહની ઉમરદરાઝી અને દોલતની ફરાખીની દોઆ ખોદાતાલાની દરગાહમાં રાત દીન ગુઝારી મારી બાકીની જીંદગી ખતમ કરશ."

આ અરઝ સાંભળવાથી પાદશાહનું દીલ પીગળી ગયું, અને દરબારના કારોબારીઓને હોકમ કીધો કે " આપણી સલતનત માહે એક વેરાન જમીનનો કકડો શોધી લાવો કે આ બરતરફ થયલા વઝીરનાં નામપર જાગીર તરીકે સનદ કરી આપવામાં આવે."

આવા હોકમથી પાદશાહના કારોબારીઓ, મામલતદારો, તેહસીલદારો, અને ગણોત્યાઓએ શેહરની આસપાસ ગામડાં અને ખેરાંઓમાં ઘણી ખોળ કીધી પણ કોઇબી ઠેકાણે વીંધુ કે અરધાં વીંઘાંની ઉજ્જડ જમીન મળી શકી નહીં. અંતે લાચાર થઇ તેઓએ પાદશાહ આગળ આવી અરઝ કીધી કે " જહાંપનાહ અમોએ વેરાન અને ઉજ્જડ જમીનની ઘણી ખોળ કીધી અને ઘણા ફાંફાં માર્યાં, પણ કેથે ખુને ખંટોળેબી એકબી કકડો અમોને વસ્તી અને આબાદી વગરનો મલતો નથી."

આ વાત સાંભળી પાદશાહે શાહાબુદ્દીનને બોલાવી મંગાવ્યો અને કહયું કે " અરે મારા પુરાના વઝીર, મારા તેહસીલદારો કહેછે કે આખા દેશમાં કોઇબી જગે વેરાન જમીનનો કકડો અથવા ટુકડો મલતો નથી તેથી હું નીશ્ચય દલગીર છું." ત્યારે વઝીર શાહબુદ્દીને હાથ જોડી અરઝ કીધી કે " જહાંપનાહ, વેરાન જમીનની દરખાસ્ત કરવામાં મારી મતલબ એ હતી કે હઝરત મારી મેહનત

અને મશક્કતપર તમો નામદાર ખ્યાલ પોંહચાડો કે શી શી મેહનતે તમારી સલતનતમાં મારા વખતમાં આબાદી પંથરાઇ ગઇછે, કે કકડો વેરાન જમીનનો સોધ્યો મલતો નથી. હવે તમો નામદાર સાહેબને લાઝીમ છે કે મારી જગા એવા શખ્સની ઉપર એનાએત કરવી કે જે ઘણી મારા જેવી ભલાઇ અને બેરખાહી કરી દેખાડે."

આ વાત સાંભળી પાદશાહ ઘણો પસેમાન થયો અને નવેસરથી બેલાતની બખશેશ કરી વઝીરાતનું કલમદાન શાહાબુદ્દીનને હવાલે કીધું.

---

## ભણ્યા પણ ગણ્યા નહીં.

કાબુલનો આગળો અમીર અબુબક્કર ઘણો કાબેલ, ફાઝેલ અને રાજદ્વારી બાબતોમાં ઘણો પુરવિણ હતો. તેને પેટે એકજ બેટાની વૃદ્ધી થઇ હતી; જે કમનસીબે કોઇબી બાબદમાં ચાલાક અને પુરવિણ હતો નહીં.

અમીર અબુબક્કર સારીપેઠે જાણતો હતો કે તેનો બેટો કાબુલનાં રાજની લગામ ચલાવી શકે એવો અક્કલમંદ નથી, તોપણ ભલા ભલા વિદ્વાન ઉસ્તાદોના હાથ હેઠળ તેને સોંપવાની જરાબી કંજુસાઇ કરવામાં આવી નહીં હતી. આ નામાકીત ઉસ્તાદોએ અમીરના બેટાને એલમ હુન્નરથી પુરવિણ કરવાને લાંબા વખત સુધી અથાગ મેહેનત કીધી પણ વ્યર્થ! અંતે એક છેલ્લા ઉસ્તાદે લાચાર બની અમીર આગળ આવી ખાતરીથી જણાવ્યું કે "હઝરત સલામત, તમારા બેટા પાછળ મેં એટલીબધી તો રંજ બેંચી કે ઘાટકી હેવાન વટિક એલમ સંપાદન કરે, પણ આ તમારો બેટો એલમ હાંસલ કરી શકયો નહીં માટે હું લાચાર છું. આજથી તમારો દીકરો તમોને મુબારક!"

જ્યારે અમીર અબુબક્કરે પોતાનાં એકપુરાં ફરજંદ વિષે આવી નાખુશ ખબર સાંભળી ત્યારે તે ઘણો હાય, અફસોસ કરવા લાગ્યો. એટલામાં અમીરની દરબારનો એક વહો દરબારી જે જોતીશશાસ્ત્રમાં ઘણોજ પુરવિણ હતો, તે કંઈ ખાનગી કામસર આવી લાગ્યો. તે પોતાના અમીરને મોટા વીચારમાં ગમગીન બેઠેલો જોઈ બોલ્યો, "ઓ નામવર અમીર, આજે તમે એટલા ગમગીન કેમ!"

અમીરે પોતાના માનીતા દરબારી આગળ પોતાના એકપુરા બેટાની કમનસીબી કહી સંભળાવતાં કહ્યું કે "જ્યારે મારો બેટો આટલોબધો અક્કલમાં કોતા છે તો મારાં મોત પછી મારાં રાજપાટનું શું થશે? મારા વિકાળ દુશમનો મારાં મોત પછી મારાં શેહેરપર ચહડી આવશે અને બેહેસ્તના બાગ જેવાં મારાં શેહેરને લુટીને વેરાન કરી નાખશે! અરે ત્યારે મારી વફાદાર રૈયતના શું હાલ થશે! ખરેજ! મારો બેટો અક્કલમંદ નથી! એની યાદદાસ્ત શક્તિ બેહદ નબળી છે. તર્ક બાંધવામાં ઘણોજ પછાત છે અને રાજદ્વારી કામ તો બીલકુલ સમજતો નથી. ભલા ભલા ઉસ્તાદો મારા બેટાથી હારી ખાઇ બેઠાછે."

અમીર આટલું બોલી હાય અને અફસોસ કરતો બેઠો. પેલા દરબારીને પણ ઘણું લાગી આવ્યું. તે અમીર આગળ હાથ જોડી બોલ્યો કે "ઓ નામવર અમીર, ખરૂં છે કે ભલા ભલા ઉસ્તાદો તમારા બેટાને એલમ આપતા હારી ખાઇ બેઠાછે, પણ હું ખાતરીથી માનું ચ કે આપણો અમીરજાદો એટલોબધો કમઅક્કલ નથી કે એલમ હાંસલ નહીં કરે! માટે ઓ બુલંદ સેતારાના અમીર, જો તું મુજ ફીદવીપર ઇતબાર રાખે તો જોતીશશાસ્ત્ર જેવા નામાકીત એલમમાં અમીરજાદાને પુરવિણ કરૂં."

દરબારીની આ વાત સાંભળી અમીર અબુબક્કર એટલો તો ખુશીમાં આવી ગયો કે બેકીમતી શરોપાવથી પેલા દરબારીને નેહાલ કીધો અને પોતાના પેલા બેટાને દરબારી હસ્તક સોંપ્યો.

છ માસની ટુક મુદતમાં દરબારીએ અમીરના બેટાને વરતારો કાહડવા, શેતારાઓની ગંત્રી કાહડવા, જોતીશશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર વીગેરેની કેળવણી આપી તૈયાર કીધો. આથી ખુશ થઈ પેલો દરબારી અમીર આગળ જઈ કેહેવા લાગ્યો કે 'અમીરજાદો એલમ હુનરમાં પુરવિણ થયોછે.'

અમીર અબુબક્કર આ ખુશ ખબર સાંભળી બેહદ ખુશી થયો અને પોતાના બેટાની પરીક્ષા લેવાનો થેડાવ કીધો.

આવા વીચારથી અમીરે એક ગંજાવર દરબાર ભરી, અને શેહેરના મોટા મોટા બડેખાંઓને નોતર્યા.

અમીરજાદો પોતાના ઉસ્તાદ સાથે હસ્તે ચેહરે દર બારમાં દાખલ થયો. દરબાર ભરવાનું ગંજાવર દીવાન-ખાનું દરબારીઓથી અને નોતરેલા પરોણાઓથી ચીકાર થઈ ગયું હતું. તે સાથે રૈયતના હજારો લોકો મેહેલની બાહર એકઠાં થયાં હતાં. અમીર અબુબક્કરે દરબારી અને બીજાં બડેખાંઓની મરજીથી એક વીટી અમીરજાદો નહી જોય તેમ પોતાની મુઠીમાં સંતાડી રાખી કહ્યું કે "કહો બેટા હમારી મુઠીમેં કયા ચીઝ હૈ?"

અમીરજાદાએ એક પાટયું અને ચાકનો કકડો માગ્યો, જે તુરત હાજર કરવામાં આવ્યો. પાટલાપર ચાકથી વરતારો કાહડી કહ્યું :—

"ઝનાબેઆલી આપકી મુઠીમેં કુચ્છ ગોળ ગોળ ચીજ હય." અમીર અબુબક્કર અને સઘળા હાજર રહેલાઓની ખુશીનો પાર રહ્યો નહી.

અમીર મુછપર તાવ દેતો બોલ્યો, "બેટા, પીછે ?"

વરતારો કાઢવાનું કામ આગળ ચાલ્યું. આખી દરબાર ઈંતેજાર થઈ રહી. એટલામાં અમીરજાદો બોલી ઉઠયો :—

"ઉસકે બીચમેં એક છેડ હય જનાબ."

અમીરની ખુશાલી હદ વિનાની થઈ પડી. આખી દરબારમાંથી વાહ! વાહ! ના પોકારો નિકળ્યા. એટલામાં વડો વઝીર નસરૂદ્દીન બોલી ઉઠયો :—

"ભલા ઉસકા નામ તો કહો!"

અમીરજાદો હીમતથી બોલી ઉઠયો, "ચક્કીકા પાટ." (ઘંટીનું થાલું).

આ સાંભળી આખી દરબાર ખડખડ હસી પડી. આથી અમીર અબુબક્કરને ઘણુંજ ભારી પડી ગયું, અને વઝીરને હોકમ કીધો કે ઉસ્તાદને એકદમ ફાંસીએ લટકાવી દે કે ફરીથી ભર દરબારમાં મારી હસી કરાવે નહીં. આ ધાટકી હોકમની સામે થવાને કોઇએ હીંમત કીધી નહી. તોપણ પેલો ઉસ્તાદ ગુંથણીએ પડી બોલ્યો, "એ નેક કેરદાર અમીર, હું બીનતકસીર છું. તું નામ-વરના બેટા પાછળ ખેંચેલી રંજનો બદલો ફાંસીનો ગળશે એવું જો હું જાણતે તો એટલીબધી રંજ અને ઝહેમત હું ખેંચતે નહીં. તારા બેટાએ સઘળી ગંત્રીઓ તો બરાબરજ કીધીછે. પણ સાધારણ સમજશક્તિની ખામીને લીધે વીટીને બદલે ઘંટીનું પઇ થોકી બેસાડયું. અંતે અમીર પીગળ્યો, અને ઉસ્તાદને માફી બક્ષી.

## ખલીફ હારૂન અને રાજા ટ્રીરપાલ.

ખલીફ હારૂન અલ-રશીદે પોતાના હીંદુ દુશ્મનને હરાવી તેઓના રાજા ટ્રીરપાલને બંદીવાન કીધો. ખલીફે રાજાને કહ્યું કે "મારી તરફથી તું કેવી વર્તણુકની આશા રાખેછે?" રાજા ટ્રીરપાલે જવાબ દીધો, "ઓ નામવર ખલીફ, જો તું એક ખરા શાહનશાહને છાજતી રીતે મારી સાથે લડાઇ કરવા માંગતો હોય તો એકદમ મને બંદથી ખલાસ કર. જો એક વેપારીને છાજતી વર્તણુક ચલાવવા માંગતો હોય તો મારી પાસેથી મોટો દંડ લઇ મારો છુટકારો કર. જો એક ઘાટકી કસાઇને છાજતી રીતે મારી સાથે તું વર્તવા માગતો હોય તો મને રીબાવવાના કરતાં મને એકદમ કતલ કર." રાજા ટ્રીરપાલની આવી દાનાઇ સાંભળી ખલીફ એટલોતો ખુશીમાં આવી ગયો કે રાજાનો એકદમ છુટકારો કીધો.

---

## એતો તમારોજ ઓળો.

ઘરાક (ડાકટરને)—શું કહું ડાકટર સાહેબ, કે જ્યારે ગઇ રાતે હું નાટકમાંથી એક વાગે આવતો હતો ત્યારે એક ભુતે મને રસ્તામાં ઘેર્યો.

ડાકટર—વારૂં, તે ભુત કયા આકારમાં હતો ?

ઘરાક—એક ફરબે ગધેડાના આકારમાં મેહરબાન.

ડાકટર—હા, હા, સમજયો. તમો કંઇ ગભરાઓ ના સાહેબ. શાંત થાઓ. એતો તમારોજ ઓળો હતો અને તમારાજ ઓળાથી તમે બીધેલા દીસોચ.

---

# સંતોષની ધર્મશાળા.

## (અકકલ કોઈના બાપની છે!)

રાજા અકબરનાં મગજમાં એક વખત એવોજ પવન આવ્યો કે જે લોકો ખરા સંતોષી હોય તેઓ માટે એક ખાસ ધર્મશાળા બાંધવી અને તેઓને ત્યાંજ રાખી ખાધ-ખોરાકી આપી આશુદા રાખવા.

અકબર જેવા શાહાનશાને આવા વીચારો અમલમાં લાવતાં શી વાર! તુર્તજ ગામમાં મનાદી ફેરવી કે જેઓ ખરેખર સંતોષી હોય તેઓએ રાજના ખરચે નવી બાંધેલી ધર્મશાળામાં આવી વસવું. ત્યાં તેઓને ખાધખોરાકી પુરી પાડવામાં આવશે.

આ ધર્મશાળાનું નામ "સંતોષની ધર્મશાળા" રાખ-વામાં આવ્યું. આથી શું બન્યું તે જુઓ! શેહેરમાંના દરએક આળસુ અને અયાસી લોકો ગાંસડા પોટલાં લઇ ધર્મશાળામાં આવી વસ્યા અને રાજને ખરચે કંઇબી મેહેનત મુશાકત વગર પોતાનું હોન્ડું ભરવા લાગાં.

રફતે રફતે આલસુ માણસોથી ધર્મશાળા ચીકાર થઇ ગઇ. આ જોઇ વઝીર બીરબલ અકબરના ખાનગી ઓરડામાં બેધડક ગયો અને હાથ જોડી બોલ્યો :—

"આલમ પરવર! સંતોષની ધર્મશાળા હવે વધુ વખત ચાલુ રેહેશે તો આપણું તમામ શેહેર આળસુ અને અયાસી બની જશે, તો પછી શેહેરનો કારોબાર કેમ ચાલશે? આપણું અરધું ઉપર લશ્કર પોતાને સંતોષીમાં ખપાવી નોકરી છોડી બેઠાછે, અને વગર મેહેનત કરવે સંતોષની ધર્મશાળા-માં 'મુફતકા નવાલા બીસમીલ્લાહ' કર્યા જાયછે. એ પ્રમાણે આપણું રાજ બીન લશકરનું થઇ પડશે."

બીરબલના આવા દાનાઇ ભર્યા બોલો સાંભળી અક-બરની મુખ ઉંધડી. બીરબલને સાબાસી આપી કહ્યું કે,

" મારા દાનાવ વઝીર, એક વખત ફેરવેલી મનાદી હું પાછી કેમ ફેરવી શકું ? મારી રૈયતના શું અદના કે આલા એક અવાજે કેહેશે કે હું ઇનસાફનો શાહ કેહેવાઉંછું ને હુંજ મારી કબુલાત તોડું ? તે છતાં જેઓએ સંતોષની ધર્મશાળાનો આશરો લીધોછે તેઓ શું ખરા સંતોષી નથી ?

બીરબલ આ સાંભળી મુછમાં હસી બોલ્યો, " ઓ આલમપનાહ શાહ, તું નામવરે તેની જરા પણ દેહેસ્ત રાખવી નહીં. તું નામવરનો હોકમ એવો હતો કે જેઓ ખરા સંતોષી હોય તેઓએજ સંતોષની ધર્મશાળામાં આસરો લેવો. પણ ઓ ધર્મ અવતાર શાહ ! ધર્મશાળાનો આસરો લેનારા એકેએક સંતોષી નથી, પણ આળસુઓના પાદશાહ છે. તું નામવરની સખાવતથી સામું આળસુઓને ઉત્તેજન મળેછે."

શાહ અકબર બોલ્યો, " બીરબલ, તું કેમ સાબેત કરશે કે તેઓ સંતોષી નથી પણ આળસુ છે ?

બીરબલે સાબેત કરવાની ખાતરી આપી. તેણે તરતજ સંતોષની ધર્મશાળામાં મનાદી ફેરવાવી. જેની મતલબ એવી હતી કે જેઓ ખરેખરા સંતોષી હોય તેઓને શાહ એક મોટું ગામ વંસપરમપરા આપી દેવા માંગેછે, માટે જે સંતોષીને લેવાની ઉલટ હોય તેઓએ તરતજ રાજમેહેલ આગળ હાજર થવું.

આ મનાદીથી આખી ધર્મશાળા મેહેલ આગળ ધસડાઇ આવી. રાજા અકબર આ જોઇ બીરબલને પુછવા લાગો કે " બીરબલ આ રમખાનની શી મતલબ ? "

બીરબલ હસી બોલ્યો, " ગરીબપરવર, જો આ લોકો ખરેખરા સંતોષીજ છે તો ધર્મશાળામાં મલતો મુફતનો લુમકો છોડી આવે નહીં. બેશક એ લોકો જો ખરેખરા

સંતોષી હતે તો તેટલાપરજ સંતોષ પકડી બેસતે, અને ગામની જુઠી લાલચપર તરાપ મારવા નીકળી પડતે નહીં."

શાહ અકબર બીરબલની દાનાઇથી અજબ થયો, અને મેહેલ આગળ એકઠાં થયલાં ટોળાંને હરધુત કરી કાહડી મુકયાં, અને બીજે દીવસથી સંતોષની ધર્મશાળાનો શેવટ-નો છેડો આવ્યો.

---

## આંધલે બેહેરૂં કુટાવું.

લૉર્ડ ઓકલેંડ એક દીવસ મારકવીસ ઓસબર્નને ત્યાં પરોણા ગયા. જેવા લોર્ડ ગાડીમાંથી ઉતરી દરવા-જામાં દાખલ થવા જતા હતા એટલામાં એક તવાયલો મરી ચરી રહેલો કુતરો નાચ કુદ કરતો લૉર્ડ આગળ આવ્યો અને પોતાના મેલા પંજાથી લૉર્ડનાં કપડાંને ખરાબ કરવા લાગ્યો.

લૉર્ડને આથી જો કે ગુસ્સો તો ઘણો લાગ્યો પણ મારકવીસનો કુતરો જાણી અખાડા કરી ગયા.

લૉર્ડ અને મારકવીસ દીવાનખાનામા આવી બેઠા. જ્યાં પેલો કુતરો પણ આવી લાગો, અને મારકવીસનાં કપડાં ચાવવા માંડયાં. ઘડીકમાં તે લૉર્ડ આગળ આવતો અને મેલા ઘેલા પંજાથી લૉર્ડને જબરો કંટાલો આપતો. અહીંથી દોડી તે એક શોભાયમાન સોફા પર ચહડી બેઠો અને પોતાના તીણા દાત અને પંજાથી સોફા ઉપરનું કપડું ફાડી નાખ્યું.

આ જોઇ લૉર્ડ બોલી ઉઠયા, "આવા કુતરાને તો પીસતોલથી મારી નાખવો જોઇએ. એવો નજીસ કુતરો મેં કોઇબી વખત જોયોતો નહીં. તમે કુતરાના બહુ શોકીન દીસોચ મારકવીસ."

"કોણ હું! અરે હું તો કુતરાને ધીક્કારૂં ચ! જો આ કુતરો તમારો નહી હોતે તો——"

"સું ત્યારે આ કુતરો તમારો નથી?" લૉર્ડ અજાયબ થઇ બોલી ઉઠયા," અરે, હું તો તમારો કુતરો જાણી એનો બધો જુલમ ખમી ગયો. અરે હું તો હમણાસુધી તમારો કુતરો સમજતો હતો."

મારક્વીસ બોલયા "અને હું તમારો સમજતો હતો નહીંતો મારા શોબીતા સોફાનો આવી રીતે અંત લાવવા દેતે નહીં?"

બંને પોત પોતાની ભુલથી ખડખડ હસી પડયા અને પેલા નજીસ કુતરાને એકેદમ બાહેર કાહાડી મુકાયો.

## વાણ્યો અને ભીખારી.

એક આંધળો બઇફ ભીખારી ભીખ માંગતો માંગતો એક વાણ્યાનાં ઘર આગળ આવી પોંહોંચ્યો. અને કરગરીને કંઇ ખાવાનું માગવા લાગયો. વાણ્યો દયાળું હતો, તેને પેલા ભીખારીને કહ્યું, "ભાઇ ખીર છે ખાશે?"

**ભીખારી**—અએ દાતાર, ખીર કેવી થાએચ તે હું મુદ્દલ જાણતો નથી.

**વાણ્યો**—સફેદ બરફ જેવી.

**ભીખારી**—બરફ! બરફ કેવું આવેચ?

**વાણ્યો**—બગલાંની પાંખ જેવું.

**ભીખારી**—બગલું શું છે ને કેવું થાયચ તે હું બીલકુલ જાણતો નથી ભાઇ.

વાણ્યો વીચારમાં પડયો કે બગલું કેવું થાયચ તે હું કેમ સમજાઉં? વીચાર કરતાં તેને એક યુક્તિ સુઝી. તેણે પોતાનો હાથ પોંહચામાંથી વાંકો કીધો અને પાંચે આંગળાં જોડી નાખી બગલાંની ગરદન જેવો આકાર

બનાવી પેલા આંધળાને કહ્યું, "ભાઇ, તારો હાથ મને આપ અને ટંટોસીને જો કે આ તે બગલાંની ગરદન, આ તે પેટ અને આ તે ચાંચ.

પેલો આંધળો બગલાંના આકાર પર ઉપરથી તે નીચે સુધી હાથ ફેરવી બોલી ઉઠયો, "નારે બાપા આવી ખીર ખાઉં તો ગળામાં ખુટી બેસે અને હું ગરીબ મનીખ માર્યો જાઉં. ના ભાઇ એવી ખીર મારે નથી ખાવી." એટલું બોલી વાણ્યાને સાલ પામરી ઓઢારતો ત્યાંથી નીકળી પડયો.

## જો કોઇની સાથે ટકોર કરવી તો તેની સામી ટકોર મમવી.

એક દીને એક પાદશાહ લવ્વા સાથે બેશી ટપાટપી કરતો હતો તેવામાં ઝનાનખાનાં માહેથી રાણી સાહેબે એક તબાક ભરીને ખજુર પાદશાહને સારૂં મોકલ્યો. પાદશાહે લવ્વાને ખજુર ખાવામાં શામેલ કીધો. પાદશાહ ખજુર ખાતો જાએ અને ઠરીઆ લવ્વાના ઠરીઆની અંદર નાખતો જાએ. થોડોવાર ખાધા પછી રમુજ તરીકે પાદશાહે લવ્વાને કહ્યું અરે એ પેટ ભરૂ આ તારી પાસે ઠરીઆનો કેટલો મોટો ઢગ થયોછે. લવ્વાએ જવાબ દીધો નહીં સાહેબ તમો પોતે ખાધરા છો, ખજુર ખાધા તો ખાધા પણ સાથે લાગા ઠરીઆબી ગળી ગયા. આ હાજર જવાબી સાંભળીને પાદશાહને ખરખર હસવું આવ્યું.

## નેકી બરબાદ, ગુનાહ લાજમ.

બે મુસાફરો એક ધરમશાલામા જઇ ઉતરયા. બંધે વચે ઓળખાણ થઇ તેમાં એકતો પાંચ પૈસે સુખી સુખયારો અને બાલબચ્ચાંવાળો હતો, પણ બીજો ઘણો ગરીબ હતો. જ્યારે બામદાદ થઇ ત્યારે આ ગરીબ પેલા સુખી શોબતીને

કેહ્યછે, ચાલો ભાઇ આ ઠંડી વખંતે નીકળીશું તો રસ્તો કાપીશું, પેલો સુખી હાથ મોંહો ધોઇ તૈયાર થયો અને બંધે જણે સાથે સાથે ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં પેલા ગરીબે સુખી દોસ્તને પુછ્યું સાહેબ શું ધંધો કરોછ ? જવાબ દીધો ભાઇ હુંતો વંજારો છું, મારાં ગામની પેદાશનો માલ બીજાં ગામમા વેચુંછું અને ત્યાં પેદા થયલો માલ મારાં ગામમાં ખરીદ કરી લાઉંછું. એ પ્રમાણે આવજો જાવજો કરી મારૂં અને કુટુંબનું પાલણ કરૂંછું, ફરીથી પુછ્યું આ ઉંઠ પર શું લાધયુંછે ? જવાબ દીધો જમણી બાજુંએ ધઉંનો કોથલોછે અને તેનું વજન સમતોલ કરવા સારૂં ડાબી બાજુએ ધઉંના વજનની રેતી ભરી કોથલો બાંધયોછે. પેલો દુખી સોબતી કેહવા લાગ્યો અરે ભાઇ આમ શું કરવા કીધું, હું તમને કઉં તેમ કરો, આ રેતી છે તે નાખી દો અને ધઉંના બે ભાગ કરી એક ભાગ રેતીની જગા પર બાંધો એટલે પોતાની મેળે સમતોલ થશે અને બંધે કોથલા ઉંટની પીઠપર બેસતા આવશે. પેલા સુખી સોબતીએ તેમ કીધું તેથી ઉંટ પરથી અરધો બોજો ઓછો થયો ત્યારે આ સુખી સોબતીને સમજ આવી કે આ કોઇ સમજુ શખ્સ છે, એમ કરતાં આગળ ચાલતાં સુખી સોબતીએ દુખીને પુછ્યું ભાઇ તમે શું રોજગાર ધંધો કરોછો ? દુખીએ જવાબ દીધો ભાઇ મારી વાતતો પુછશોજ ના હુંતો જે રોજગાર કરૂંચ તેમાં ખોટની ખોટ અને ઘેરનો ખરચ તો કાંઇ ઓછો થઇ શકતો નથી તેથી ભાઇ હુંતો ઘણો દુખી છું.

ત્યારે પેલા સુખી સોબતીએ કહ્યું ભાઇ એક કામ કરો, ગમે તો તમે આગળ ચાલી જાવો હું આસતે આસતે પછવાડે આવશ અથવા મને આગળ જવા દો તમે આસતે આસતે પછવાડે આવજો, કારણકે રખેને તમારો વા મને વાગે અને મારાં છોકરાં ભુખે મરે.

# મરવા કોઈ ને ગમે વાડું?

## ઓઢી મા તેના જુઠાં વીહલાશરાં.

દખણ દેશમાં ભોજપોર નામે એક મોટું ગામ હતું ત્યાં એક વેપારી નામે ઝવેરચંદ રેહેતો હતો. તેવણ એક ધન નામની ઓરત સાથે પરણી આવ્યા. ચારએક વરશ પછી પેલી ધનમાએ એક દીકરીનો જનમ આપયો તેજ અરસામાં ઝવેરને વેપારમાં કાંઈ તડાકો પડી ગયો, તે ધણી ધણુયાંની ઘણા ખુશી ખુશી અને મધન મધન થઈ ગયા એક દીને ધન ધણી પાસે ગઈ અને કેહવા લાગી કે આ દીકરીનું નામ શું રાખોછો, હુંતો એનું નામ પારબતી કરી રાખવા ચાહુંછું. ઝવેરે જવાબ દીધો એ માહરી વાહણી ધન ઉતાવળ કરીશ નહી, હુંતો એ ભાગ્યેગવંત દીકરીનું નામ દોલત કરી રાખનારછું, કારણુકે એને પગલે મહને દોલત મળીછે, એટલું કહી છોકરીનું નામ દોલત કરી રાખ્યું. આ દીકરી ઉપર માતપીતા બંધે ઘણાં વાહાલ રાખતાં હતાં.

જારે ઝવેરચંદને ઘડપણ આવ્યું ત્યારે કેટલાએક દીવસ મંદવાડ ભોગવી પરમેશ્વરની આગ્નાથી સવર્ગ પામયા અને મરવાને થોડા દીવસ આગળ ઝવેરે પોતાનું વસીયતનામું કરી સઘળી દોલત ધનને હસતક કીધી. પણ તેમાં એક કલમ એવી લખી કે એ પુંજીનાં વ્યાજમાંથી ઘરનો ખરચ કરવો અને મુદલમાંથી એક દોકરો ઓછો કરવો નહીં અને જારે ધનને પરમેશ્વરને ઘરનું નોતરૂં આવે ત્યારે સઘળી દોલત દોલતને હસતક કરવી. આવું લખત કરી ઝવેર ગુજરી ગયા અને સઘળી દોલત ધનમાએ પોતાના હસતકમાં લઈ દોલતને ઘણા લાડ ખ્યારથી પાળી પોશી મોટી કીધી. નશીબ સંજોગે પેલી દીકરી દોલત

આજારી પડી. તાવને લીધે કાંઇ ખાવા પીવા ગમે નહીં અને રાતે ઉંગ પણ આવે નહીં. આ બનાવથી ધનમાએના જીવને ઘણી ચટાપટી પેદા થઇ, તેવણ ઘણા ચીંતાતુર થયાં અને રાતને દાહડો દોલતને વાસતે વળોપાત કરવા લાગાં અને બોલતાં કે અરે પરમેશ્વર આ મારી એક પુરી ભાએગશાલી દીકરીને આજને દારે વાળી આપજે એને કંઇ કશું થયું'ચ તો હુંતો જીવતાં જીવત મુવેલી જાણજે. અરે હવે શું કરૂં કાંઇ સુજતું નથી. જો કીરતાર આ દીકરીને સાજી કરે તો ભવાની માતાને મીઠાઇ અને હનુમાનજીને તેલ ચહડાઉં, અરે એ મારા અડોશીપડોશીઓ મને ઉચકીને સાત વખત આ દોલત'પરથી ઓવારી પોવારી નાખોરે. જ્યારે ધનમાએ આટલો બધો વલોપાર કરતાં હતાં ત્યારે દેવકી નામની એક પડોશણ દીલાશો આપવા આવી ને કેહવા લાગી અરે ધન તું એટલો વળોપાત માં કર. ધન બોલી ખરી વાત માએજી પણ મારી છાતીમાં જે આગ બળેચ તે તમુને કયાંથી ખબર હોએ. પેલી દેવકીબાઇ ધીરજ આપી ઘેર ગઇ અને ધનમાએ મોટે મોટે ભુમ મારી જમદુતને તેડું કીધું અરે ઓ જમરા વેહેલો આવ અને મારો જીવ કાહડી લઇ જા મારૂં જીવતર ચરથછે એટલાંમાં જમ હાથમાં ઝમઝમ કરતી તળવાર લઇને આવી ઉભો. ધનમાએના તો હોશ કોશ લેવાઇ ગયા અને મોહડુતો ઉજળું પુણી જેવું થઇ ગયું. ત્યારે બોલવાની શકતીતો હતી નહી પણ જેમ તેમ બોલયાં અરે જમ હુંતો સાજીતાજી છું પણ પાસેના ઓરડામાં દોલત ઘણી હેરાનછે તેથી તેને તમને બોલાવ્યા હશે. વાસતે તેનો પ્રાણ કમજ કરો કે દુઃખમાંથી છુટકારો થાય. જમ દુત બોલયા પણ મને તો તમારો આવાજ સંભળાયો તેથી દોલતને લઇ જતો નથી પણ જો ફરીથી તમારો સાદ

સાંભળીશ તો પાછો જઇશ નહી. એટલું કહી પોતે અન-દીઠ થઇ ગયા અને ધનબાએ મોહડું માથું ઢાંકી સુઇ ગયાં અને તે પછી આ ખોટા વીહલાશરાં મુકી દીધાં.

## ખરો બખીલ ગોલાંમહુસૈન.

આગળા વખતમાં એક ઘણા કાબેલ, ફાઝેલ મુલ્લાં ગોલામહુસૈન નામે એક ઉમરે પુગેલા ઝઇફ મુસલમાન એક ગામમાં રેહતા હતા. એ મુલ્લાં ગોલામહુસૈન કાબેલ તો હતા પણ તેની સાથે પાંચે વખતની નમાઝ કરતા અને એવા એવા સવાબનાં કામો કરી પોતાની કોમમાં દાખલો બેસાડતા હતા. એઓના જાતભાઇઓ એઓ સાહે-બને ઘણું માન આપતા હતા પણ એ મુલ્લાં ગુલામહુ-સૈન ઘણાંજ કસરયા અને બખીલ હતા. એવણના જેવો બીજો કંજુસ કોઇએ સાંભળેલો ન હતો. જ્યારે એવણ પાછળી રાતની નીમાઝ ભણવા મસજીદમાં જતા ત્યારે પોતાને હાથે ચરાગ બુઝાવીને જતા હતા. એવા વીચારથી કે મસજીદમાંથી પાછો ફરૂં તેટલાં ફોકટમાં તેલ બળી ન જાય એક દાહડે એવો બનાવ બનયો કે પાછળી રાતના પરોઢી યાંમાં નીમાજ ભણવા જતાં બતી બુજવતાં વીસરી ગયા, અરધે રસતે ગયા પછી ધ્યાન પુગ્યું કે આજે બતી બુઝાવ્યા વગર બાહેર આવ્યોછું તે વીશે મુલ્લાં સાહેબને ઘણી ચટાપટી લાગી.

હવે એ આપણા મુસલમાન ભાઇઓમાં ઘણાજ પુરાના વખતથી આ એક રવૈયો ચાલતો આવેલોછે કે ગરીબ મુસલમીન સ્ત્રીને ઘરનું કામકાજ કરવા અને ઘરની બાનુઓની આગળ આયા તરીકે ખેદમત કરવા સારૂં નોકરીમાં રાખતા હતા પણ કોઇ કોઇ વખત ઘણાંજ ગરીબ ને કંગાળ લોક પોતાની દીકરીઓને વેચી જતા તે પ્રમાણે

આ મુલ્લાં ગુલામહુસૈને એક છોકરી ઘેરનું કામકાજ અને બાનુઓની ચાકરી કરવા સારૂં રાખેલી હતી અને તેવી વેચાતી લીધેલી છોકરીઓને લોંડીનાં નામથી બોલાવતા હતા.

આ મુલ્લાં ગુલામહુસૈનનાં ઘરમાંની છોકરી ઘણી ચંચલ જવાબી હતી તેણીને મુલ્લાં સાહેબે કેળણવી આપી ઘણી હુશીયાર બનાવી હતી, તે. સાથે આ છોકરી હાજર જવાબીમાં ઘણી કુશળ હતી.

મુલ્લાં સાહેબ અરધે રસ્તે ગયલા બતી બુજાવવા સારૂં પાછા ફરયા અને રસ્તામાં ઉભા રહી પેલી લોંડીને હાંક મારી કેહવા લાગા જે હું મામુલ મુવાફેક બતી બુઝાવતાં વીસરી ગયોછું વાસતે તું ચરાગ બુઝાવી નાખ કે તેથી તેલનો બચાવ થાય પણ ખબરદાર તું નીચે આવી બારનું ઉઘાડીસ નહી કારણ કે બારનાનું લાકડું ઘસાઈ જશે. પેલી દાસી ઘણી ચીરડાઈ ગઈ અને ચેસ્ટા કરવાની રીતે પુછ્યું કે "અરે મેરે નેકબખ્ત મીયાં ઈતની રાહ ચલકર આએ તો જુતા નહી ઘીસ ગયા હોગા." આવા ટીકા સાંભળી મુલ્લાંજીએ ઉત્તર વાળ્યો "અરે એ મેરી નેક બખ્ત લોંડી મેંને દુર અંદેશીસે જુતાતો બગલમે મારા હૈ તું કુચ્છ ફીકર મત કર."

---

## મોચીનાં રીવેલાં મોચીને વાગાં.
### જેવી કરની તેવી પાર ઉતરણી.

કાહાનપુર તરફ ઘણાં વરશની વાતપર એક મોગળ વેપારી નામે મીરઝાં અબદુલ અઝીઝ બગદાદથી વેપારને અરથે કાહાનપોરમાં આવી વસ્યા. એવણ પાસે એક સુરતી વાણીયો દુલભદાસ નામે મેહતાગરીનાં કામપર રાખેલો હતો. એ દુલભદાસને ઘણો ચબરાક જોઈ મીરઝા સાહેબે સર્વે કામમાં આગેવાન ભાગ આપેલો હતો. ને આ

વાત તો જાણીતી છે કે સુરતી વાણીયા ઘણા ચાપલુશી-ખોરા, પટામણાં, અને ગમે તેવો કંજુસ હોય તેને સીસામાં ઉતારવાનાં કામમાં ઘણા ચપલ હોયછે તેથી તે મીરઝા સાહેબ પાસ ઘણો વ્હાલો થઇ પડયો હતો. વાણીયા લોક ઘણા કસરયા હોયછે તેમ આ મેહતા દુલભદાસે કર-કસર કરી બચાવેલું નાણું મીરઝા સાહેબની પેઢીમાં જમે કરાવ્યું હતું તે સાથે થોડો ઘણો બાપનો વારસો મળ્યો તેથી શેઠનો હોકમ લેઇ મીરઝાં સાહેબના ચોપડામાં જમે કરાવેલો હતો. દુલભની ડાહી નામે એક બાયડી હતી. એ બાયડીનું જેવું નામ હતું તેવુંજ તેણીનું કામ હતું.

એ બાયડી ઘણી સ્યાની તે સાથે ઘણીનું ઘેર રાખું હતી. તેણી શીવીસાંધી, ઉન રેશમનું ભરતકામ કરી ઘરનો ખરચ ચલાવતી હતી, પણ જો કાંઇ બીજે મોટો ખરચ આવી પડતો ત્યારે દુલભદાસ મીરઝાં સાહેબ પાસેથી વ્યાજ-ને પેટે માંગી લાવતા હતા. એમ કરતાં ઘણાં વરસ નિકળી ગયાં.

ખોદાની મરજીથી અને આસમાનની ગરદેશથી મીરઝાં સાહેબ નુકસાનમાં આવી ગયા. તેથી મીરઝાં સાહેબના ઘભરાતનો કાંઇ પાર રહ્યો નહી. જેવા મીરઝાં સાહેબને કચવાટ થયો તેમજ દુલભદાસને પણ અકલામણ થઇ. દુલભ-દાસ વીચારમાં પડયો, કે શેઠનું દેવું તો ઘણું છે અને ઘેરમાં નાણું તો થોડું છે તેથી કદાચ માંગનારાઓ ઉપાડી જાય તો મારી ખરાબીનો થાગ લાગે નહી, અને બચ્ચાં રવડી મરશે, તેની સાથે પેલી ડાહી બાયડી ખાસડાં મારશે તે તો નફામાં.

હવે દુલભદાસ વીચાર કરવા લાગ્યા કે કાંઇ યુકતીથી ઘરમાં નાણું છે તે બચી જાય. અને પેઢી જારી રહે, અને આપણી ચાકરીબી કાયમ રહે, તો પછી આપણું

નાણું ખી થોડું થોડું કાહાડી લઈયે. એમ વીચારી ફુલભદાસ મીરઝાં સાહેબને એકાંત લઈ ગયો. અને સમજ પાડીને કહ્યું કે જુઓ મીરઝાં સાહેબ ઘેરમાં નાણું થોડું છે અને દેવું ઘણું છે. જો માંગનારાઓ આ રૂપીયા ઉંચકી જશે તો પેઢી બંધ કરવી પડશે. વાસ્તે તમો સાહેબ મારી સલ્લાહ માનો, અને તમો દેવાના—ઘેલાં માણસનો અવતાર લેવો. ફાટાંતુટાં અને મેળાં ઘેલાં લુંગડાં પેહડી એક ખુણામાં ભાગીતુટી ખાટલીપર બેસો રેહવો. જ્યારે કોઇ માંગનાર ઉંઘરાણી કરવા આવે ત્યારે તેને કાંઇ જવાબ દેવો નહી પણ માત્ર મોટે સાહદે **હાઉ** કરી બુમ પાડવી. જેટલા સવાલ કરે તેનો જવાબ **હાઉ** વગર બીજો આપવો નહી. ત્યારે તે તમને ઘેલા થયલા સમજી ચાલી જશે. એમ કરતાં જો પેલા રૂપીયા બચી જશે તો થોડા દીવસમાં પેઢી પાછી ઉંધડશે. આ યુકતી મીરઝાં સાહેબને બહુ પસંદ પડી અને તેઓ મેહતા ફુલભદાસના કેહવા પ્રમાણે ફાટાંતુટાં લુંગડાં ધાળી પેલી ખાટલીપર જઇ પડયા.

હવે પેલા માંગનારા ઉંઘરાણી કરવા આવ્યા. તેઓ કેહે મીરઝાં સાહેબ આટલો આંકડો ચુકવી આપો. જવાબ દીધો **હાઉ** એ પ્રમાણે મોટે સાદે બુમ પાડી.

પેલો ઉંઘરાણી કરનાર મીરઝાં સાહેબનો હાલ જોઇ ચાલી ગયો, અને પોતાના શેઠને કહ્યું, મીરઝાં સાહેબ તો ઘેલા થઇ ગયાછે અને **હાઉ** કરી બુમ મારેછે ત્યારે શેઠ પોતે આવ્યા અને કેહવા લાગ્યા. મીરઝાં સાહેબ આ તમારા શું હાલ. જવાબ દીધો **હાઉ**. આ હાલત જોઇ, શેઠ દયા લાવી ચાલી ગયા.

હવે એવા દયાળું માંગનારા સરવે કોઇ ન હતો. કેટલાક માંગનારાઓ લગાર જીવના કઠીણ હતા તે તો સરકારમાં જઇ ફરિયાદ કરવા લાગ્યા. અદાલતના સીપાઇઓ

આવી મીરઝાં સાહેબને ઘસડી લઇ ગયા. ન્યાયધીસે જ્યારે મીરઝાં સાહેબની આવી નઠારી હાલત જોઇ ત્યારે બહુ દિલગીર થયા. અને પુછવા લાગ્યા મીરઝાં સાહેબ કે આ તમારી શી અવદસા થઇ. જવાબ દીધો કે, **હાઉો.** પછી પુછ્યું આ લોકના રૂપીયા તમારી ઉપર નિકળેછે તે તમે કબુલ કરોછો ? જવાબ દીધો કે **હાઉો.** ફરી પુછ્યું કે આ લોકના રૂપીયા કયારે આપશો ? જવાબ—**હાઉો.** ન્યાયધીસે જોયું કે ગરીબ બીચારા મીરઝાંની આગરી ખીશી ગઇછે. ત્યારે પેલા માંગનારાઓને એક કોરે લઇ જઇ ન્યાયધીસ સમજાવા લાગ્યા કે જુઓ સાહેબો આ મીરઝાં આપણા દેશમાં એક આબરૂદાર—પ્રમાણીક તે સાથે એક માતબર વેપારી હતા. આ અવસ્થા જોઇ મને તો બહુ દયા ઉપજેછે હવે તમોને ભલામણ કરૂંછું કે એના ઉપર જેમ બીજા માંગનારાઓએ દયા કીધી તેમ તમારે પણ કરવું. એટલું કહી મીરઝાં સાહેબનુ પોત જોવા સારૂં ન્યાયધીસ બોલ્યા. જો તમો સીધો જવાબ ન આપશો તો હું તમને બંદીખાને મોકલીશ. જવાબ દીધો કે **હાઉો.** હવે પેલા માંગનારાઓ સરકારની ભલામણ પ્રમાણે ઘેર જઇ બેઠા. અને મીરઝાં સાહેબ મોકળા થઇ ગયા અને મેહતા દુલભદાસની યુકતી બંધબેસ્તી આવી તેથી ઘણા મઘનછગણ થઇ ગયા અને દરરોજ આગળા ધારા પ્રમાણે પોતાની ગાદીપર જઇ બેઠા અને આસતે આસતે થોડું થોડું કામ ચાલવા લાગું. ત્યારે મીરઝાં સાહેબે દુલભદાસ વતરોગ પેઢીના બીજા સઘળા નોકરોને રજા આપી. એમ થોડા દીવસ ગુજર્યા પછી દુલભદાસ મેહતા નવરૂં જોઇ મીરઝાં સાહેબ પાસે ગયા અને અરજ કીધી કે મારાં ઘેરમાં કાંઇ અવસર આવેલીછે વાસ્તે થોડા રૂપીયા ખરચ સારૂ આપો તો મેહરબાની. મીરઝાં સાહેબે જવાબ દીધો કે **હાઉો.** ફરી દુલભદાસ બોલ્યા કે હું કાંઇ બધા

રૂપીયા ચુકતે હીસાબે માંગતો નથી, કામ આવી પડયું છે તેથી થોડા રૂપીયાની જરૂર છે. જવાબ દીધો કે **હાઉ**. ત્યારે તો દુલભદાસ ઘભરાયા અને મનમાં વીચાર કરવા લાગા કે દુનીયાંમાં પેલી કેહેવત છે કે **મોચીનાં શીવેલાં મોચીને વાગા** તે કેહેવત મારી ઉપર બરોબર લાગુ પડીછે. પેલી કેહેવત છે કે, ચોરકી મા કોઠીમે શીર ડાલકરે રોવે તેમ આ મારી કાહાણી કોઇની આગળ કહીબી શકતો નથી. વળી એક બીજી કેહેવત જાહેર છે કે કહું તો કહો ન જાય, કહેબી ન રહો ન જાય. કહું તો મા મારી જાય ન કહું તો બાપ કુતતા ખાય. આવી અવસ્થા મારી પોતાની થઈછે. પછી આસતે રહીને બીહતાં બીહતાં મીરઝાં સાહેબ પાસે મેહતાજી ગયા, અને કરગરીને કેહવા લાગા કે મીરઝાં સાહેબ સબકુ **હાઉ** તો હાઉ પણ હમકોબી હાઉ જવાબ દીધો. સબકુ **હાઉ** ઔર તુમકોબી **હાઉ**.

આ બોલ સાંભળી મેહતા દુલભદાસ તો જીવતા મરી ગયા. આવી હાલતે ઘેર જઇ મોંડું માથું ઢાંકી ખાટલે પડયા. પેલી દુલભદાસની ડાહી બાયડી પુછેછે કે તમે આમ કેમ કરોછો, શું ? કાંઇ તમારા જીવને સારૂં નથી, જે હોય તે બોલો. પણ દુલભદાસ તો મુગાંમંતર થઇ પડી રહ્યા. આ ડાહી ઘણી ચતુર હતી. તેણીએ અટકળ કીધી કે જ્યાં છે ત્યાં શેઠની ઉંઘરાણીના રૂપીયા ગુમાવી આવ્યાછે. પછી ઘણુંએક અગગમ પછછમ સમજાવ્યાં છતાં મેહતાજીએ એકબી જવાબ આપ્યો નહી. જ્યારે પેલી સમજદાર બાયડીએ જોયું કે આ મુરખો પતાવ્યાથી ખરી વાત જાહેર કરતો નથી ત્યારે સારીપેઠે ઝાટકની કાહાડી કેહવા લાગી જે અતરઘડી મીરઝાં સાહેબને કેહેવડાવું છું કે આ મારા પીટયાએ ઉંઘરાણીના પૈસા લાવી કુટનખાનામાં જઇ ઉડાવી નાખ્યાછે ત્યારે મેહતાજી મોંડું ઉંઘાડી ઉઠી બેઠા અને બધી વાત કહી સંભળાવી.

ત્યારે પેલી ડાહી બાયડીએ સમજાવી કહ્યું જે હવે તો બની તે ખરી. પણ તમારે કોઇને કેહવું નહી કે તમારા રૂપીયા મીરઝાંની પેઢીમાં ડુબી ગયા. તેમજ તમે અસલ માફક ચાકરીપર જયા કરો અને જે સોંપે તે કામ કરવા જાવો અને નાની નાની ઉંધરાણી શેઠને લાવી આપવી. આવી રીતે શેઠનો પાછો વીશ્વાસ બેંચી લેવો. એવામાં કાંઇ મોટી ઉંધરાણી હાથમાં આવે તે ઘરમાં લાવી મારે હસ-તક કરો. હું છટેખુણે સંતાડી રાખશ. પછી બે ત્રણ દીવસ નોકરીપર જવું નહી. જ્યારે કોઇ બોલાવા આવશે ત્યારે હું જવાબ દઇશ કે મેહતાજીના જીવને અસુખ છે. એ પ્રમાણે બીજા બે ત્રણ દીવસ કાહાડી નાખજો તે પછી જો બજીદ થઇને તેડું મોકળે તો મેળાંધેલાં લુંગડાં ઘાળી પેલાં માણસનો અવતાર લઇ જજો અને જો પેલાં ઉંધ-રાણીના રૂપીયાનો વાત કરે તો મોટો ધાંટો કાહાડી બોલ-વું, **હાઉ.** હવે જો બીજું કાંઇ પુછે ત્યારે કાંઇજ બોલવું નહી પણ **હાઉ** કરી જવાબ દેવો. એમ થવા પછી મીરઝાં સાહેબ શું કેહેછે તે મને આવી કેહેજો. એ રીતે મેહતાજી ઘેરમાં બેઠા ઘણા તેડાં આવ્યાં ત્યારે મેહતાજી ફાટાંટુટાં લુંગડાં ઘાલી પેલા માણસ સાથે મીરઝાં સાહેબ પાસે ગયાં. મીરઝાંએ પુછ્યું કેમ મેહતાજી તમારા જીવને અસુખ છે જવાબ દીધો. **હાઉ.** ફરી પુછ્યું પેલાં ઉંધરાણીના રૂપીયા કયાં છે જવાબ દીધો **હાઉ.** અરે સીધો જવાબ દો, **હાઉ હાઉ** શું કરોછો. મેહતાજી બોલ્યા **હાઉ.** મીરઝાં સાહેબ પામી ગયા કે આ કારસ્તાન પેલી ડાહીના છે ત્યારે ડાહીને તેડાવી કહ્યું કે દુલભને તારી સાથે ઘેર લઇ જા, અને એને સમજાવ, કે ચોપડામાં તારાં નામપર રૂપીયા છે તેનો વ્યાજ સાથે હીસાબ કરી તારા રૂપીયા લઇ મારા બાકીના રૂપીયા મને આપે.

પેલી ડાહી બાએડી કુલબ સાથે ઘર ગઇ, અને સોજાં લુંગડાં પેહડાવી મીરઝાં સાહેબ પાસે લાવી બેસાડયો. મીરઝાં સાહેબે ચોપડા લાવી મેહતાજી આગળ મુકયા, ત્યારે આંકડો તૈયાર કરી પોતાના રૂપીયા વ્યાજસીકે લઇ બાકીના શેઠને આપી ઘેરે બેઠા.

---

## દુન્યાં દોરંગી.

આગરા તરફ એક મુસલમાન નામે ફખરૂદીન રેહતો હતો. એ સખ્શ કાંઇ ભણેલો ન હતો તોપણ દુન્યાંદારી ઘણી સારી રીતે સમજતો હતો. તેનો એક જવાન અને મજબુત બાંધાનો છોકરો હતો, જે પોતાના બાપ જેવો અક્કલમંદ નહીં હતો.

એક દીને બંને બાપ દીકરા કાંઇ દુન્યાંદારીની વાતે બેઠા. વાતપરથી વાત નીકળતાં પેલો જઇફ બોલ્યો કે "દીકરા આ દુન્યાં દોરંગી છે. કરતો ડર ન કર તોબી ડર. ત્યારે દીકરો બોલ્યો, "બાવાજી એમ કેમ હોય! કરતો ડર ન કરતો ન ડર! જો આપણે એક જુઠું કામ કરીયે તો અલબત ડરીએ, પણ જો સારૂં કામ કરીયે તો શા સારૂ ડરીયે?" બાપે કહ્યું, "દીકરા તું જવાન છે, તેં દુન્યાં જોઇ નથી. હું ફરીથી કહુંચ કે દુન્યાં દોરંગી છે, અગર તું નહીંજ માનતો અને મારૂં જેજું ચેરવી મુકેચ તો લાવ તુંને દાખલો કરી બતાઉંછું, પણ ત્યારે તો તું કબુલ કરશે કે દુન્યાં દોરંગી છે?" છોકરાએ કહ્યું, "કબુલ છે."

આ મીયાં સાહેબ પાસે એક નાનું ટટુ હતું. તેની ઉપર જીન બોગીર નાખી ઘેરમાંથી બાહેર પડયા અને દીલહી તરફ મુસાફરીએ નીકલ્યા. બાપે કહ્યું, "બેટા તું જવાન છે અને કોઇ દીને તેં મુસાફરી કીધી નથી, માટે તું આ ઘોડાપર સવારી કર. હું તારી પાસેનો

પાસે ચાલ્યા કરીશ, કારણકે મને ચાલવાનો માહાવેરો પડી ગયોછે." છોકરાએ આ વાત કબુલ નહીં કીધી અને બાપને કહ્યું કે "બાવા સાહેબ આપ સવાર હોજ્યે. આ વાત કેમ બને કે તમો ઝઈફ માણસ પગે ચાલો ને હું ઘોડા ઉપર બેસું?" અંતે બાપ સવાર થયો અને દીકરો જલેબમાં ચાલ્યો.

થોડે દુર ગીયા કે સાંમેથી કેટલાક લોક આવી લાગા. તે કેહવા લાગા કે "અરે એ બુઢા ઝરસ આ ગેલાબના ફુલ જેવો છોકરો પગે ચાલેચ અને તું ઘોડે શાનો ચઢી બેઠોચ? ઉતર હેઠે અને છોકરાને ઘોડાપર સવાર કર. છોકરાને થાક ચૂહડશે તો તું જંજાલમાં પડશે."

આ વાત સાંભળી પેલો બાપ હેઠે ઉતર્યો. દીકરાને ઘોડેસવાર કીધો અને બાપ જલેબમાં ચાલ્યો. ઘણુ દુર ગયા નહીં એટલાંમાં બીજા બે ત્રણ માણસો સામેથી આવી લાગ્યાં. પેલા જુવાન છોકરાને ઘોડેસવાર જોઈ બોલ્યા, "અરે એ છોકરા આ ઘરડો બુઝરગ બાપ, ખાસડાં ઝટકતો ચાલેચ અને તું હટોકટો ઘોડે ચઢી બેઠોચ? ઉતર નીચે અને બાપને બેસવા દે." દીકરો નીચે ઉતરી પડયો અને બાપ દીકરા બંને સાથે સવાર થયા.

થોડે દુર ગયા કે ત્રણ ચાર માણસો આવી મળ્યાં. તેઓ બંને બાપ દીકરાને એક ટટુપર બેઠેલા જોઈ બોલવા લાગાં કે "આ કેવા નીરદય બાપ દીકરા છે? બોદાએ શું સમજીને આવા સંગદીલને ઘોડો આપ્યો? બીચારા ટટુની પીઠ વાંકી વળી ગઈછે અને જો રસ્તામાં બેસી જાય તો કાંઈ અચરત થવાનું નથી." આ સાંભળી બાપ દીકરા ઉતરી પડયા અને વીચાર કીધો કે આ ઘોડાની બાગદોર હાથમાં ધરી આગળ ચાલીયે. આ પ્રમાણે ચાલ્યા કે ચાર પાંચ બીજાં માણસો મળ્યાં. તેઓમાંથી એક જણ

બોલ્યો કે "પેલી કેહવત છે કે છતો વરો ને ભુખે મરો. આ કંજુસોને બોદાએ ઘોડો આપ્યોછે ત્યારે બેમાંથી એક સવાર કાં નથી થતો ?" આ વાત સાંભળી બાપ દીકરાને કેહેવા લાગો કે "કેમ દીકરા કરતો ડર ન કરતો ડર એ ખરી વાત છે કે નહીં ?" દીકરો બોલ્યો "ખરી વાત બાવાજી દુન્યાં દોરંગીજ છે."

---

## શું ? નઝરે જોયલી બાબત પછવાડેથી ખોટી ઠરી શકે ?

આગળા ઝમાનામાં બાખતર નામનાં ઘણું મોટાં શેહેરમાં હારૂંઝ–ઉદ–દીન નામે એક પાદશાહ રાજ કરતો હતો. ઇનસાફમાં આદેલ અને એલમમાં ફાઝેલ હતો. એનો મીરઝાં સાલેહ નામે એક વઝીર હતો, તે રાજદોઆરી કામમાં મોટો અનુભવી હતો. એક દીને આ વઝીર પાદશાહ સાથે દુનયાદારીની વાતોમાં રોકાયલો હતો તે અરસામાં આ વાત વચમાં લાચ્યો કે તુરકસતાનનો કેસર એક ઘણીજ ખુબશુરત તે સાથે ઘણી દાના અને પતીવરતા દીકરી રાખેછે. એનું નામ નુરજહાં રાખેલું છે. જો પાદશાહ આ મોટાં તોખમની બાનુ સાથે નીકાહ કરે તો હાલ જે તમો નામદાર શાહનો મોટો મોભો છે તેમાં બીજો મોટો વધારો થાય. પાદશાહ હારૂંઝ–ઉદ–દીન આ વાત સાંભળી ખુશી થયો અને વઝીરને ઘણું નઝરાણું આપી પેલી છોકરીનું માંગુ કરવા રવાના કીધો.

પેલી છોકરીનો બાપ પાદશાહ હારૂંઝ–ઉદ–દીનનું નામ સાંભળી હરખાઇ ગીયો અને તરત પેલું મોટી કીમતનું નઝરાણું અને શાદીનો પેગામ કબુલ રાખ્યો. નજુમીઓને બોલાવી શુભ દીવશનો વરતારો કરાવયો, પછે પેલા વઝીર મીરઝાં સાલેહને એક ખરીતો (પાદશાહી નામુ)

આપીને પાછો રવાના કીધો. આ ખરીતો વાંચી પાદશાહ ઘણો મધન છગણ થઇ ગીયો અને આ કારઝ નક્કી કરી આવયો તેનાં ઇનામમાં વઝીરને એક ભારી શરોપાવ આપયો અને નીકાહના દીવસની થોડા દીવસ આગમજ પાદશાહ ઘણી મોટી શેના સાથે પરણવા શીધારયા.

જયારે પાદશાહ હાફેઝ–ઉદ–દીન તુરકશતાન જઇ પોહોંતા ત્યારે કૈસરે તેમને એક ઘણા કુશાદે મેહલમાં ઉતારો આપયો. બીજે દીને પાદશાહ શશરાની મુલાકાતે પધારયા ત્યારે રૂમના પાદશાહે ખેલવતમાં બોલાવયા, પછે પેલી પોતાની વાહાલી દીકરી નુરઝહાંનને બોલાવી ઓળખાણ કરાવી ને પાસે બેશાડી. બંધે કેહવાતાં ઘણી ઘણીયાંણી વાતે બેઠાં. પેલી છોકરી નુરઝહાંનની બેસવાની અદા અને બોલવાની છટા સાંભળી પાદશાહનો હરખ માયો શમાયો નહી ગયો. તેજ વખતે પાદશાહે પેલી પોતાની થનારી બેગમ નુરઝહાનને બેમુલાં ઝવાહેર અને કીમતી ઘરેણાંથી પોતાને હાથે સણગારીને ઝનાનખાનામાં વીદાય કીધી.

જયારે જોશી લોકોએ ઠરાવેલો મુરતનો દીવસ આવયો ત્યારે કાઝી સાહેબે નીકાહ બાંધી આપયા તે પછે ત્રીજે દીને એક ઘણીજ નામીચી શુખપાલમાં બેશાડી રાણી નુરઝહાનને બતરીશ હમાલો તથા ઘોડશવાર લશકર સાથે પોતાના મુલક બાખતર તરફ રવાના કીધી અને પોતે ઘોડેસવાર થઇ બાકીનાં લશકર સાથે પોતાને વતન પધારયા અને સહી સલામત પોહોંતા પછે રાણી નુરઝહાંનને કેટલીક દાશીઓ સાથે ઝનાનામાં રાખી.

ઘણા દીવસ બંધે ઘણી ઘણીયાંણીએ ખુશી ખોરમી સાથે એક બીજાં સાથે લાડ પ્યારમાં ગુઝારયાં. એક દીવશે એવો નાખુશ અને નામુબારક બનાવ બનયો કે

પાદશાહના મેહેલના ખાશ ઝાડુ કાહડનારે સુવાના ઓરડામાં સાફસુફ કરી પાદશાહનો છતરપલંગ બીછાવેઓ.

એવામાં આ ઝાડું કરનાર કમબખ્ત ફરરાસને શેહતાને ઘેરી લીધો. મનમાં વીચાર કરવા લાગેા કે વાહ વાહ એ બીછાંણું કેવું પોચું પોચું અને શુવાળું છે, હીયાંજ જરા સુતા હોય એ તેા જીવને કેવેા કરાર થાય. વારૂં જરા વાર હીયાં લેટી જોવું કે કેવું લાગેચ. એમ વીચારી પાદશાહનાં પલંગપર લેટયા તારે પેલી નરમ માંખણ જેવી તોરાઈમાં હીયાંથી ત્યાં અને ત્યાંથી હીયાં અલેટવા માંડયું. પછે પેલી શુંવાલી રેશમી શુજની આંગપર લીધી અને મેાહડું માથું ઢાંકી કોર મરડીને સુતા તે ઉંઘાઇ ગયા.

સાંટક એવું બનયું કે એજ રાતે પાદશાહ કાંઇ રાજકુવારી કામસર પેાતાના અમીરેા અને વઝીરેા સાથે મનસુબેા કરવા બેઠા તે મેાડી રાત સુધી રેાકાઇ પડયા. પેલી રાણી નુરઝહાંએ એક દાશીને મેાકળી કે જઇને જોઇ આવ કે હઝરત પાદશાહ ખાબગાહમાં આવ્યાછે કે નહી. પેલી દાશી ઓરડામાં જઇ જોયછે તેા પાદશાહ ઓઢી પેાઢી મેાંહ માથું ઢાંકી ઉંઘાઇ ગયાછે તેવીજ પેલી દાશી દેાડતી દેાડતી જઇ રાણી સાહેબને કેહછે કે એા રાણી નુરઝહાંન હઝરત પાદશાહ તેા પલંગ પર મેાંડું માથું ઢાંકી ઉંઘાઇ ગયાછે. રાણીજીએ જોયું કે ખરેખર હઝરત તેા ઉંઘાઇ ગયાછે તારે દાશીને કેહછે કે ખબરદાર કોઇ કાંઇ કલબદ કરે નહી, હઝરત કચેરીમાંથી હમણાંજ પરવારેલાછે તેથી ઉજાગરો થયેાછે. આમ બેાલી રાણીજી હલ્લું રહી એક કોરે સુતાં તેવાજ ઉંઘાઇ ગયાં. જારે પેલી કચેરી બરખાસ્ત થાઇ ત્યારે પાદશાહ ખાબગાહમાં આવી જોયછે તેા રાણી એક પારકા મરદ સાથે સુતેલીછે અને બંધે જણાં ઉંઘમાં ચકચુર થયલાંછે. પાદશાહના ગેાશાનું હીયાં વરણુન કરવું તે કરતા

વાંચનાર વધારે સમજી જશે કે ઘણાજ કરોધમંદ જીગરે ઓરડાની બાહેર આવી બેઠા અને એક ખાશ હુઝુરયા-ને બોલાવી હુકમ કીધો કે હમણાંને હમણાં વઝીરને બોલાવી લાવ.

પેલો હુઝુરયો દોડતો વઝીરને ઘેર ગયો. મીટીંગમાં-થી તરતનો ઉઠીને ઘેર ગયલો, કપડાં તો કાહાડયાં નથી તેટલામાં હુઝુરીયાએ આવી કહયું જે પાદશાહ તમને તુરત વગર ઢીલ કરવે બોલાવેછે અને ઘણા કરોધમંદ થાઈ ઓરડાની બાહેર બેઠાછે. પેલો વઝીર આવો તાકીદનો હોકમ સાંભળી ઘબરાઈ ગયો કે વળી શું મોહકાણ છે. તે તરત હુઝુરયાની સાથે મેહલમાં ગયો. વઝીરને જોતાંને વાર પાદશાહ ખીજવાઈને બોલ્યો. આવ આ ખાબધામાં જાઈ જો તારી ભલામણ કીધેલી દાના–બીના–પતિવરતા–પાક દામન અને મોટાં તોખમની છોકરીની શી શરમ ભરેલી હાલત છે. હું પેલાં રાજદુવારી કામમાં રોકાયો તે અરસા-માં આ લુચ્ચી પારકા મરદ સાથે હમબીસતર થઈછે. તું મારે સારૂં ઉંચાં તોખમની રાણી શોધી લાચો તે તારી આંખ ફોડીને જો કેવું ઉંચું તોખમ છે. પેલો વઝીર ઓરડામાં ગયો, જોયછે તો ખરેખર રાણી કોઈ પારકા મરદ સાથે પાદશાહના પલંગપર સુતીછે અને બંધે જણાં ઉંઘમાં ગરકાવ છે. વઝીર પાદશાહ પાસે જાઈ પુછવા લાગો કે જારે હઝરત ઓરડામાં આવ્યા ત્યારે બારણાં બંધ હતાં કે ઉંઘાડાં. હઝરતે જવાબ દીધો બે પોહર ઉંઘાડાં હતાં. આ વાત સાંભળી વઝીરના ટાંટીયા લગાર ટટાર થયા કે જો રાણી ખટકરમ કરે તો વળી બારણાં ઉંઘાડાં મુકીને સુવે. એમાં કાંઈ ભરમ છે. અંદર જઈ પેલા મરદના મોહોપરથી આસતે રહી ઝરા પેલી રેશમી શુજની ખસેડીને જોયું તો પાદશાહનો ખાશ ફરરાશ છે. પાછો પાદશાહ પાસે

જઈ કેહવા લાગેા. જો હઝરત થેાડા શાંત થાવેા અને આકળા પડેા નહીં તેા હું આ ભેદનેા ભરમ ખેાલી આપું. પછે જો તમારી ખાતર જમા ન થાય તેા તમને ગમે તે શઝા મહને કરજો. તમેા મુખત્યાર છેા.

પાદશાહે જવાબ દીધેા ઠીક છે, તારેા ખેાલાસેા જાહેર કર. વઝીરે કહ્યું તમેા આ પાસેના ઓરડામાં ચીમાઈને ઉભા રેહેા અને રાણી સાહેબની અને પેલા બેગાના મરદની વાત સાંભળેા. જ્યારે હઝરત આ પ્રમાણે પાસેના ઓરડામાં ચીમાઈને ઉભા રહ્યા ત્યારે વઝીરે રાણીજી–રાંણીજી કરી હાંક મારી, રાણીજી તેા ફાર ખાઇ ઉંઘમાંથી ઉઠી અને પલંગપરથી લાજને મારે બાહેર નીકળી પડી. વઝરને કેહવા લાગી તું શી રીતનેા બેચદબ, બેશરમ, નીરલજ વઝીર છે. તું ને એટલી ખબર નથી કે જે જગેા-પર ઘણી ઘણીયાંની સુતેલાં હેાય ત્યાં જવું સઝાવાર નથી. મારેા નેક ખસલતનેા પાદશાહ રાતના રાજદુવારી કામમાં મેાડી રાત સુધી રેાકાયલેા હતેા અને આવીને ઉંઘાઇ ગયેા. જો હું હમણા ઉઠાડું તેા એની મીઠી ઉંઘ કડવી થાય, વાસ્તે સહવારે હઝરત પાસે તું ને ઘટતી સઝા કરાવું છું. જો હઝરત તું ને કાળુ મેાંહેા કરી ગધેરે બેસાડી શેહેરબદર કરે નહી ત્યાં સુધી હું ખાનું–પીણું–ઉંઘ તજી વેરાગ લઇ બેસું અને જ્યારે સાંભળું કે તારૂં કાળું મેાંહેા આ શેહરમાંથી બાહેર કાહડયું ત્યાંસુધી હું મારેા વેરાગ મુકું નહી.

આ રાંણીના કુઢાપેા અને બળાપેા પાદશાહ પેલા ઓરડામાં ચીમાઈને સાંભળતેા હતેા. વઝીરે હઝરતને બાહેર બેાલાવ્યેા અને પેલા ઝાડુવાળાને જગાડયેા. તે તેા ફાર ખાઇ ફેાકેફેાક રડવા લાગેા અને વઝરના પગપર માથું મુકી બેાલ્યેા. આજ મારેા જાન તારા હાથમાં છે, જો તું

બચાવે તો બચું, નહીતર સહવારે મારૂં ગળું અને ફાસીનું દોરડું મારાં કરતુકનો નતીજો છે.

ત્યારે વઝ઼રે કહ્યું સાચેસાચું બોલ. હઝ઼રતના પલંગ-પર સુવાને તારી હીમ્મત કેમ ચાલી. પાદશાહ અને રાણીજી સાંભળે તેમ પોતાની દુ:ખ્ભરેલી મુરખ્ખાઈની કાહાની કહી સંભળાવી. સાંભળ અકલમંદ વઝીર હું સાચી વાત ઝાહેર કરૂંછું. ગઇ રાતના હું ઝાડુ કરવા આવ્યો ત્યારે સરવે સામાન સાફસુફ કરી હઝ઼રતનો પલંગ બીછાવ્યો. ત્યારે પેલી નરમ માખણ જેવી તોરાઇ અને સુંવાળી સુંવાળી રેસમી સુઝ઼ની જોઇ મારૂં મન લલચાયું કે જ્યાં કોઇ છે નહીં તેટલાં સુઇ જોઉં કે બદનમાં કેવી લાગેચ એવા વીચારથી કે સેહેજવાર સુઇને ઉઠી જઇશ. જ્યારે આમથી તેમ અને તેમથી આમ ગોલાંટ ખાવા લાગો. પછે પેલી રેસમી સુઝ઼ની આંગપર લઇ કોર મરડી કે ઉંઘ આવી ગઇ. તે પછે શું બન્યું તે મને ખબર નથી.

આ વાત સાંભળી રાણીજી અને હઝ઼રત પાદશાહ ખસ્યાના પડી ગયાં. કાંઇ પણ બોલ્યા વગર બંધે ધણી ધણીયાણી સુવાના ઓરડામાં ગયાં.

આ વાતપરથી વાંચનારે ધડો લેવો જોઇયેછે કે જ્યા-રેબી કાંઇ નવાઇજેવી ઓચ'ંબો ઉપજાવનારી વિચિત્ર બાબદ નઝ઼રે પડે ત્યારે ઉસ્કેરાઇ ન જતાં ધીરજ ધરવી જોઇયે. જો પેલો પાદશાહ હાફીઝ઼-ઉદ-દીન કરોધને વસ થઇ પેલાં બે બેગુનાહ માણશોને વગર તજવીઝ઼ કરવે કતલ કરી નાખતે અને પછવાડેથી આ ભેદનો ભરમ ખોલ્લો થઇ જતે તો પાદશાહને કેટલો વતવતો પેદા થતે તેનો વીચાર કરવાનું વાંચનારને સોંપું છું.

આવા બનાવો અમારી ૮૨ વરસની ઉમરની વચ્ચે ઘણાં જાણમાં આવેલાછે કે કેટલાક બેગુનાહ માણસો ફાંસી

ગયાછે અને કેટલાક ફાંશી જતા બચી ગયાછે કેમકે પછવાડેથી તેઓ બેતકશીર છે એવા ખાતરખાહ પુરાવા મલ્યાછે, વાસતે ધીરજ ધણુ ફાએદામંદ કામ છે અને ધીરજ ડાહાપણ ધરાવનારા લોકો એખ્તયાર કરેછે.

## શેરને માથે શવાશેર.

ધણાં વરસ ઉપર એક મુસલમાન નામે દીલાવરખાં પોતાનાં ગામ દોલતાબાદથી ઉજ્જન જવા નીકળ્યા. જોકે આ મીયાં સાહેબ કાંઇ ધણા ભણેલા નહીં હતા તોપણ કહરેલ ધણા હતા. જો કોઇની સાથે તકરારમાં ઉતરે અને સામેા ધણી પહરેલ હોય તોપણ એવણ કહરેલ હોવાને લીધે ખાંડ્યા નહીં જાય.

જ્યારે મીયાં સાહેબ રસ્તે પડયા ત્યારે સમી સાંજે એક ધર્મશાળામાં રાતવાસો લીધેા. જમી ખાઇને પાન સોપારી લઇ બેઠા તેવામાં જોએચ શું કે તેજ ધર્મશાળામાં થોડે દુર એક હીંદુ બેઠેલોછે. પાન ખાઇ તેની આગળ જઇ બેઠા. શલામ અલેક કરી મીયાંએ તેનું નામ પુછ્યું. હીંદુએ કહ્યું કે "મારૂં નામ ફત્તેહશીંગ છે. ઉજ્જન નગરીમાં મારી પેઢી છે અને હું શરાફીનેા ધંધેા કરૂંછું. અલીઘડમાં મારા સસરાજી ગુજરી ગયા તેને ઘેર મગદેસન ગયેા હતેા. મારમુ થયા પછી હવે મારે ઘેર જાઉંછું."

"ત્યારે તેા ઠીક છે," મીયા દીલાવરખાં બેાલ્યા 'અમારે પણ ઉજ્જન જવુંછે તેથી તમારેા સાથ થયેા.'

સહવારે પરેાઢયાંમાં બંધે મુસાફરેા હાથ મેાહડું ધેાઇ રસ્તે પડયા. વાતચીત કરતા ચાલતા હતા તેથી રસ્તેા પણ ઠીક કપાતેા હતેા. મીયાં સાહેબ બેાલ્યા, "આપણે પેાતપેાતામાં એક બંદેાબસ્ત કર્યે તે એમ કે હું એક વાત કરૂં તે તમારે તુરત માની લેવી. કાંઇ ટીક્કા

કરવા નહીં. એવી વલાણ નહીં લેવી કે જેથી હમારી વાતપર કાંઇબી શક આવી પડે. એ આપનો બંદોબસ્ત અરસપરસનો છે એટલે એક વાત તમો કરો તે ઉપર મારેબી કાંઇ શક નાખવો નહીં. તમારી વાત જુઠી છે એવો આરોપ મુકવો નહીં."

આવો બંદોબસ્ત કરી બંધે સાથી વાત કરતા કરતા ચાલ્યા તે દરમ્યાન મીયાં દીલાવરખાં બોલ્યા, " હમારા દાદા મોટા માલદાર હતા અને ઘોડાનો વેપાર કરતા હતા. સેંકડો ઘોડા અરબસ્તાન, કાબુલ, કંદહાર આસ્ત્રેલ્યા અને યુરોપથી આવતા હતા. પોતે વેપારી એટલે આડતનું કામબી બોહલું ચાલતું હતું. હવે એ ઘોડાઓ રાખવા માટે તબેલા જોઇયે તેથી હમારા દાદાએ બહુ પૈસા ખરચી એક ઘણો મોટો તબેલો બંધાવ્યો જની લંબાઇ ઉગમણુથી તે આથમણ સુધી પહોંચી હતી."

પેલો ફ્રેન્ચહર્સીંગ વાણ્યો ઘણો ઠાવકો હતો તે બોલી ઉઠયો " હશે, મીયાં સાહેબ હશે."

હવે મીયાં સાહેબ કેહવા લાગ્યા " એક વાત તમેબી કરો." પેલા શાહુકારે વાત માંડી. " હમારા દાદા એક મોટા પેહેલવાન હતા તેવણ ટીપુ સુલતાનની નોકરીમાં રસાલદાર હતા. પોતાના હસ્તકમાં ઘણા ઘોડા રાખતા હતા અને સ્વારોને પોતે મુસારો આપતા હતા, તેના અવેજમાં ટીપુ સાહેબે એક જાગીર આપી હતી, તેની ઉપજમાંથી તેવણ રસાલો નીભાવી રાખતા હતા. પણ આ વાતમાં અચરત થવાજોગ તો એ છે કે હમારા દાદા પાસે એક ભાલો હતો તેની નોક આસમાન સાથે લાગતી હતી."

આ વાત સાંભળી દીલાવરખાં તો ઘણા મોટા વિચારમાં પડયા કે " મારી વાત તો એક ગપ છે ખરી

પણ આ તો મોટી ગરપછાંટ છે. હવે એવી ખોટી વાત માનવી શરમભર્યું છે કારણ કે જ્યારે ગામનાં લોક જાણશે ત્યારે કેહશે કે આ ફત્તેહસીંગ તો દીલાવરખાંને માથેનો છે વાસ્તે કાંઇ એવી તદબીર કરવી કે એ વાત ખોટી છે એવો એકરાર એને પોતાને મોહડે કરવો પડે." એવો વીચાર કરી પોતાનો ગભરાટ દુર કરી આસ્તે રહીને દીલાવરખાં પુછવા લાગ્યા, "તે ભાળો એવડો મોટો હતો ખરો, પણ તેને કયાં રાખવામાં આવતો હતો?" ફત્તેહસીંગે જવાબ દીધો, "તમારા દાદાના તબેલામાં." આ જવાબ સાંભળી દીલાવરખાન બોલી ઉઠયા, "આ તો ખરી વાત છે કે શેરને માથે સવા શેર મળ્યો."

---

## એક પાદશાહ અને તેનો હાઝરજવાબી લઉવો.

એક દાહડે એક પાદશાહ પોતાના પાટવીકુંવરને સાથે લઇ શેકાર કરવા નીકળ્યો. એક દીવસ આગમચ લઉવાને હોકમ કીધો કે "તું ને અમારી સાથે આવવું પડશે." લઉવાએ જવાબ દીધો કે "બહોત ખુબ હઝરત." શેકાર કરતાં બપોર પડી અને તડકો સખત પડવા લાગેા. બંને બાપ દીકરા પસીને ગરકાવ થઇ ગયા. આથી પાદશાહે અને તેના પાટવીકુંવરે પોતાના ભારી ડગલા પોતાના આંગપરથી કાહાડી નાખી લઉવાની ખાંધ ઉપર મુકયા. આ જોઇ પાદશાહને લઉવા સાથે રમુજ કરવાનો શોખ થયેા. હઝરત બોલ્યા, "લઉવા તારી ખાંધ ઉપર તો એક ગધેડાંનેા બોજ છે" (એટલેજે એક ગધેડું ઉપાડી શકે એટલેા). લઉવાએ જવાબ દીધેા, "નહીં હઝરત એક ધધેડાનેા નહીં પણ બે ગધેડાનેા છે." એટલે જે એક તમેા સાહેબ અને બીજો તમારો સાહેબજાદેા.

---

## પાસે પૈસા હોય અને સખાવત નહીં કરે તો માણસ નહીં પણ ગધેડો.

પારસીઓના સાસાની તબકાનો એક પાદશાહ **નરશી** નામે હતો. આ પાદશાહે ઈરાનના મોટા દેશને જુદા જુદા ભાગમાં વેંહચી નાખ્યો અને દરએક ભાગ જુદા જુદા વીદ્વાન અને અનુભવી શખ્સોના હસ્તકમાં સોંપ્યો. પોતાના બાપના વખતના કારભારીઓને નોકરીથી બરતરફ કીધા. તે પછી કેલવણી પામેલા શખ્સોને મોટા મોટા હોદ્દા આપ્યા અને પોતાના તાબેદારો ઉપર એટલી બધી નવાજેશ કીધી કે લશકરી માણસોએ અને બીજા ધંધાદારી આશામીઓએ એની સરદારી તળે રેહવાને ખુશી દેખાડી. એ પાદશાહે સાત વરસ રાજભોગવટો કીધો.

નીચલા વચનો આ પાદશાહ નરશીના કહેલા છેઃ— માલ અને દોલત એખઠી કરવા કરતાં બખસેસ કરવામાં વધારે મોટાઈ છે. તવંગરી કરતાં સંતોષ બહુ ઉતમ ખસલત છે. સગાઈ કરતાં દોસ્તીમાં વધારે ફાયદો છે, (પણ તે કયારે કે તે સાચી દોસ્તી હોય તો.) ગધેડાંમાં બે જાત હોયછે. એક ગધેડું તો પેલું ચોપગું જનાવર જે ભાર ઉપાડેછે, અને બીજું બે હાથ અને બે પગનું ગધેડું જે રાત અને દીવસ વહીતરૂં કરી પૈસો સંધરી રાખેછે અને પોતે નહીં ખાય, ન છોકરાં છઇયાંને ખવાડે અને કોઇ ગરીબ દુખી દરદીને બખશીસ તરીકે નહીં આપે પણ કારૂનના ખજાના માફક ભેગો કરી રાખે. આવાં માણસને માણસરૂપી વહીતરૂં કરનારો ગધેડો જાણવો.

## એલમની સાથે હોનર શીખવામાં કેવો મોટો ફાએદો છે.

એક પાદશાહ કેરમાનસાહ નામે ઘણો આદેલ અને રૈયત પરવર હતો. તેને પેટે એકજ દીકરો હતો પણ તેનો ચેહરો જોઇ શરવે કોઇ એમજ કેહતા હતા કે આ છોકરો ઘણો ખુબસુરત છે એટલુંજ નહી પણ એ નીશાન-પરથી જણાયછે કે એ છોકરો આગળ ચાલતાં ઘણો ચતુર નીકળશે અને પાદશાહી ગાદી સાચવી રાખી બાપને પગલે ચાલશે. જારે છોકરાની ઉમર ૧૪) ચઉદ વરશની થાઇ તારે બાપે વીચારયું કે જેવો એ શોહામનો છે તેવીજ એક ચઉદમી રાતના ચાંદ જેવી ખુબસુરત કન્યા સાથે એનાં લગન કરી આપું. જારે દીકરાએ આ વાત સાંભળી તારે બાપ પાશે જઇ બેઉ હાથ જોડી અરઝ કીધી કે જારે હું ઉસતાદની પાસે એળમની તાળીમ લેતો હતો તારે ઉસતાદે મને ત્રણ વાત યાદ રાખવા ફરમાવ્યુંછે તેમાં પેહેલી વાત એ છે કે એલમની સાથે અદબ અને એલમ ઉપર અમલ કરવો અને તરીજે હોકમ તાકીદનો એ કીધો કે એલમ તો શીખવો પણ સાથે સાથે હોનર પણ શીખવો કે જેથી શંકટને વખત કામ આવે અને શકર કીધાથી ગમે એવો કાચો હોએ તે શકર કરી આચ્યાથી પાકો બની જાએછે. વાશતે જાંહાંસુધી હોનર નહી શીખું અને એક શકર નહી કરી આઉં તાંહાંસુધી પરણવાનો નથી. પાદશાહે કહ્યું અરે એ મારા વાહલા બેટા તું પાદશાહનો દીકરો તુને હોનર શીખવાથી શું ફાએદો. પાદશાહનો દીકરો તે કે જે શવારી અને તીર-અંદાજી કરી જાણે. છોકરાએ જવાબ દીધો કે જે કાંઇ હઝરત ફરમાવેછે તે ખરૂંછે. પણ આ દુન્યાની દોલ-તનો શું ભરોસો આજે છે અને કાલે નથી. હવા એકસાંત

ચાલતી નથી અને પાણીનો ઝરો હમેશાં જારી નથી રેહતો. એ દોલતની હાલત એક વેસ્યાના જેવી છે, આજે મારે ઘેર આવશે તો કાલે બીજાને ઘેર જશે ને પરમ દારે તરીજને ઘેર વાશતે જો હું હોનર શીખીશતો પાછળે દાહડે મને ઘણો કામ લાગશે.

આ દાનાઇ અને દુરઅંદેશીની વાતો સાંભળી પાદશાહે દીકરાની દાનાઇ ઉપર ઘણી આફરીન કીધી અને શેહેરમાં મુનાદી પીટાવી કે જે કોઇ હોનર જાણતો હોએ તે ઘણીએ પોતપોતાના હોનરના નમુના લાવી શાહઝાદાને દેખાડવો કે જે હોનર શાહઝાદો પસંદ કરે તે શીખે.

અંતે શઘળા કારીગરોએ પોતપોતાના હોનરના નમુના લાવી શાહજાદા આગળ રજુ કીધા. એ શેહર કીરમાનમાં એક ચટાઇ વનનારો ઘણોજ હોનરમંદ રેહતો હતો તેનો નમુનો જોઇ શાહઝાદાએ પશંદ કીધો અને શાદરી વનવાનું કામ શીખવા લાગો. થોરી મુદતમાં બોરયા બાફીનાં કામમાં એવો પુરવીન થયો કે ઉસતાદનાબી કાન કાપે. એટલું થયા પછી પાદશાહ પાશે શફરમાં જવાની પરવાંનગી માંગી પાદશાહે આ એકપુરા દીકરાને શફરની જંજાલ વેઠવાને મના કીધો, તારે છોકરાએ કહ્યું કે હઝરત સલાંમત શફર એવી સારી ચીજછે કે જો માણસ ગધેરા જેવો હેમક હોય તો તે ઘોડા જેવો ચાલાક બની જાય, વાસ્તે મને રજા આપો. લાચાર પાદશાહે અનમનયો થઇ રજા આપી.

હવે પાદશાહનો એવો મામુલ હતો કે શેહર બગદાદના ખલીફાને શારૂ દર વરશ શોગાત મોકળતો હતો તે મામુલ પ્રમાણે શાહજાદાની શાથે ખલીફાને શારૂ શોગાત આપી રવાના કીધો.

અંતે શહીશલાંમત બગદાદ જઇ પોતા અને શેહરની બાહેર ડેરાતંબુ ઉભા કીધા. એવા વીચારથી કે

આવતી કાલે ખલીફાની બેદમતમાં પોંચી નઝરાનું પોહચાડશું.

શાહઝાદાની શાથે તેવણુનીજ ઉમરની બરાબરનો એક વીશવાશુ નોકર હતો તેને શાથે લીધો અને શેહરની રચના જોવા બંધે જણા નીકળી પડયા.

નીદાંન આ બંધે શેઠ નોકર ઘોડેશવાર થાઇ શેહેરની શૈર કરવા નીકળી પડયા આનીગમ પેલીગમ ફરીહરીને એક જગાપર આવી બેઠા. શાહઝાદો કેહવા લાગેા કે હજુ ઘણી જગા જોવાની બાકી છે તેટલાં કાંઇ ચા નાશતેા કરી લીજીએ. એક ઇહાઉદ્દી ભઠયારેા ઘણું લેઝતદાર ખાનું પકાવ્યામાં પરબેયાત હતેા. આ બંધે તેની દુકાનપર આવી બેઠા. પેલેા ઇહાઉદ્દી ભઠયારેા આ બે જવાનેાને જોઇ ઉઠી ઉભેા થયેા અને ઘણાં માનપાનથી બેશાડી કેહવા લાગેા કે તમ જેવા સાહેબઝાદા અને મેાટે દરજેના માણુશેાએ જાહેર રસતા વચે દુકાનમાં બેશી ખાણું ખાવું સઝાવાર નથી. આ દુકાનની પછવાડે મેાટા આબરૂદાર લેાકેાને વાશતે અલાહેદ્દી શગવડવાળી જગા રાખેલીછે ત્યાં આવી આશા-એસ લેવેા તેટલાં હું તમારે લાએકનેા ચા નાશતેા લઇ આવુંછું તે જમી ખાઇ પેાતાના ઉતારાની જગાપર પધારવું. ત્યારે આ બંધેજણા આ ભઠયારાની સાથે ઘેરની છેક અંદર ગયા તેટલામાં બે ઘેાડાના ચરવાદાર આવી પુગા તેને હસતક ઘેાડા શેાંપ્યા.

આ બે જણા નાશતાની રાહ જોતા બેઠાછે તેવામાં પેલા ભઠયારાની ચાકરી માંહેલા બે હબશી ડરામની સુરતના ગેાલામેાએ આવી હાથ બાંધી કપડાં અને હથીયાર ઉતારી લીધાં. આ ઘેરમાં અસમેાટું કુવા જેવું ભેાંએરૂ હતું તે ભેાંએરામાં આ બંધેજણાને કેદ કીધા. આ ભેાયેરામાં બીજા કેટલાક કેદી કેદ પડેલા હતા તે લેાકેા બેાલવા લાગા કે.

તમોને શું કમબખ્તીએ ઘેરી લીધા કે આવા કરપીનના હાથમાં ફશી પડયા. શાહઝાદાએ પુછ્યું. એ ભઠયારાનો દસ્તુર શું છે. પેલા કેદીઓએ જવાબ દીધો આ નીચ શખ્શનો એવો પેશો થઇ પડેલોછે કે જારે કોઇ અજાંણ્યું શજાંણ્યું માણશ એના હાથમાં શપડાએછે તારે તેને આ ભોંયરાંમા લાવી જબેહ કરેછે અને તેની પાશે જે કાંઇ માલમતા દઇવત હોએ તે લઇ મેળેછે અને તેનું મુરદું પછવાડે મોટું વેરાંન મેદાન છે ત્યાં ડાટેછે. તમારી મુવાફેક અમો પણ અનજલ ગીરફતાર ફશી પડયા છઇએ.

આ વાત ચાલતી હતી તેવામાં ઇહાઉદ્દી ભઠયારો હાથમાં મોટી તેજ છરી લઇને આવી પુગો અને શાહઝાદાને ભોંએરાંમાંથી બાહેર કાઢી હાથ બાંધયા અને ચાહતો હતો કે ગળું કાપી ઝબેહ કરે. ત્યારે શાહઝાદાએ પુછ્યું અરે એા ઇયાહુદ્દી મને ઝબેહ કરવાથી તુને કાંઇ મોટો ફાએદો થવાનો નથી પણ મારે હાથે એવો હુનર છે કે તું ચંદરોઝમાં મોટો દોલતમંદ થાઇ જશે. ઇહાઉદ્દીએ પુછ્યું તે શું હુનર છે. શાહઝાદાએ જવાબ દીધો કે હું ચટાઇ બનાવી જાણું ચ એવી કારીગરીથી કે તેને જોઇ અમીર વઝીરનો જીવ ખુશ થાયે અને તું ને મોંડે માગેલું (મોત) મુલ મળે એ શાદરી બનાવાનો શામાન અને ઘાંસ મંગાવી આપેતો અતરઘડી બનાવી આપું. આ વાત સાંભળી પેલો ઇયાહુદ્દી ભઠયારો લલચાયો અને શાહઝાદાને ઝબેહ કરવાથી અટકી ગયો પોતાના એક ગોલાંમને પઇસા આપી બાઝારમો મોકલ્યો અને જે જે વસતુ જોઇતી હતી તે શાહઝાદાના ફરમાથા પ્રમાણે લાવી આપી અને બીજા કેદીઓએ શાહઝાદાના કેહેવા પ્રમાણે શાદરી બનાવાના કામમાં મદદ કીધી. જારે એક નામીચી ચટાઇ તૈયાર થઇ તારે ઇયાહુદ્દી તે લઇ બઝારમાં વેચવા ઉભો. તે ચટાઇની કારીગરી જોવા શારૂ

ઇયાહુદ્દીની આસપાસ લોક ભેગુ થયું તેવામાં એક અમીર ઘોડેસવાર ત્યાં આવી પોંચયો અને આ મોતે ઘેરેલા ભઠયારાને મોડે માંગેલું મુળ આપી પેલી શાદ્દરી લઇ ગયો.

હવે હાં ભઠયારાના મોતે શીતાબી કીધી જરે આવી મોટી દોલત હાથ આવી ત્યારે ઇહાઉદ્દી સાહેબ મઘન મઘન અને ખુશ ખુશ થઇ શાહઝાદાપરથી ઓવરાઇ પોવરાઇ ગીયા. હવે ભઠયારાજીને લોભ થયો ત્યારે શાહઝાદાને પુછ્યું શું તમો એથીબી સરસ ચટાઇ બનાવી જાણોચ કે જે ખલીફાને લાએક હોએ (હીયા વાંચનારે ધ્યાન રાખવું કે ખલીફાતે આ શેહરનો હાકમ છે અને એનેજ વાશતે પાદશાહે શોગાત મોકલી હતી) શાહઝાદાએ જવાબ દીધો અલબત એથી ઘણીજ શરસ અને દીલપસંદ ચટાઇ બનાવી જાણું છું પણ તે લાએકનો ઉંચો શામાંન લાવેતો ઘણીજ ઉમદા શાદ્દરી બનાવી આપું કે ખલીફા સાહેબ તમોને માલામાલ અને નેહાલ કરી નાખે. જરે શરવે શામાંન શાહઝાદાને મનપસંદ લાવી આપ્યો ત્યારે એક નીરાલા ઓરડામાં જઇ કોઇ જોઇ ન શકે એવી હુશીયારીથી એક ઘણી શુંદર શોહામની ચટાઇ તૈયાર કીધી અને તેની વનાવટમાં પોતાનો દુખભરયો હેવાલ ચીતારી કાઢયો, પછે ઘણીએક મોહાફેઝતથી ઉમદાં કપડાંમાં લપેટી ઇહાઉદ્દી સાહેબને ખલીફા પાસે મોકળ્યો અને તાકીદ કીધી કે હરગીઝ ઉંધેરવી નહી પણ ખલીફાના હાથમાંજ એમની એમ આપજે કે ચોલાઇ નહી જાએ. ઇહાઉદ્દી સાહેબ ઘણાં મોટાં ઇનામની ઉલટમાં ખલીફાની દરબારમાં જઇ દરબાનને કહ્યું આ દાગીનો એમનો એમ ખલીફાના હાથમાં આપવો અને અરઝ કરવી કે આ નવાઇ જેવો દાગીનો મોટાં ઇનામની આસાથી કોઇને નહી દેખાડતાં હઝરતની પાસે લાવેએછું. આ ચટાઇ જોઇ ખલીફા ઘણો

ખુશી થયો. આનીગમ પેલીગમ ફેરવીને જોતાં પેલો ચીતા રેલો લેખ નઝર પડયો. વાંચતાંને વાર પેલા ભઠયારા ઇહાઉદ્દીને પાશે બોલાવ્યો અને પુછ્યું કે આ શાદરી તું કાંહાંથી લાવ્યો. જવાબ દીધો કે મારો એક આરતીઓ વેપારનાં કામશર શેહેર કુરકાનમાં ગયો હતો ત્યાંથી લાવ્યોછે. જારે મેં એ શાદરી ઘણી નામીચી ઉંચા હુનરમંદ માણશની બનાવેલી જોઇ ત્યારે મારાં મનમાં આવ્યું કે આ દાગીનો હઝરત ખલીફાને લાએક છે તેથી પસંદ પડીયા વગર રેહશે નહી અને મને મોટું ઇનામ આપવાનો હોકમ કરયા વગર રેહશે નહી. ખલીફાએ ધમકી આપી પુછ્યું, શાચું બોલ, આ ચટાઇનો લાવનાર તારો આરતયો કોણ છે તેને મારી શામે હાઝર કર. ઇહાઉદ્દી બોલ્યો, હું ઘેર જાઇને તેને લઇ આવું છું. હઝરત ખલીફાએ કેહું કે હીઆંથી તુને છુટો કરવામાં શારો શાર નથી. પછે ખળીફાએ પોતાના માણશોને મોકળી પેલા શાહઝાદા અને તેની સાથના નોકરને અને બીજા ફશી પડેલા કેદીઓને બોલાવી મંગાવ્યા. પેલી કેહવતછે કે પાપનો ઘડો કોઇને કોઇ દાહાડે ફુટયા વગર રેહેતો નથી તેમ મીસતર ઇહાઉદ્દીના મુસકાંટાટ કરાવ્યાં અને હુકમ કીધો કે આ કરપીન ભઠયારાને રીબાવી રીબાવી ને મારી નાખવો. પેલી બીજી કેહવત છે કે શૌ દીન ચોરકે તો એક દીન શાહકા. વળી એક ગુજરાતી કેહવત છે કે સો દાહાડા શાશુના તો એક દાહાડો વહુનો તેમ આ નાપાક ઇહાઉદ્દીનાં ભયંકાર પાપનો નતીજો આગળ આવ્યો. એ પછે પેલા લુચ્ચા ઇહાઉદ્દીનાં ઘેરમાંથી લોકોનો તફડાવેલો માલ કચેરીમાં મંગાવ્યો અને તે સઘળો અસબાબ શાહઝાદાને હવાલે કીધો અને પેલુશાગાત લઇ એક ઉપકારનો ખરીતો લખી શાહઝાદાને તેને વતન રવાના કીધો.

## એલમ શીખો તેની સાથે અદબ પણ શીખો. એલમ શીખી તેપર અમલ કરવો તેબી શીખો.

એક મોટાં પરગણામાં એક ઘણા કાબેલ, ફાઝેલ શરફ–ઉદ–દીન નામે મુલ્લાં મકતબમાં છોકરાઓને ફારશી, અરબી, અને હીંદુસતાની એલમ શીખવતા હતા. ત્યાં છોકરાઓએ શારો અભ્યાસ કીધો હતો. એક દીને એક મોલવીએ ફરતો ફરતો આ પરગણામાં આવી મુસાફરખાણાં-માં ઉતારો લીધો. લોકોને મોળવી સાહેબે પુછયું કે હીયા કોઇ પરેહલ શખશ રેહેછે ? ત્યારે લોકોએ મુલ્લાં શરફ–ઉદ–દીનનું નામ લઇ કહ્યું કે એ મુલ્લાં સાહેબના હાથ નીચે છોકરાઓ ઘણો સારો અભ્યાસ કરેછે. મોલવી સાહેબે કહ્યું કે હું આ મુલ્લાં સાહેબની મુલાકાત લેવા માંગુંછું. લોકો મોલવી સાહેબને મકતબ દેખાડવા લઇ ગયા અને મુલ્લાં સાહેબને અરઝ કીધી કે બાહેરગામથી એક મોલવી સાહેબ આવેલાછે તેઓ આ મકતબ જોવા આવ્યાછે. મુલ્લાં તરત ઉઠી ઉભા થયા, અને બાહેર જઇ મોલવી સાહેબને ઘણું માન પાન સાથે લાવી બેસાડયા. પછી ખેરઆફીઅત પુછી સવાલ કીધો કે આપ સાહેબે ઉતારો કાંહાં કીધેલોછે. મોલવી સાહેબે જવાબ દીધોકે મુસાફરકા ઘર મુશાફરખાણાં હયે. મુલ્લાં સાહેબ ઘણા દીલગીર થાઇ બોલયા અસતગફર–અલ્લા, કયા હમ લોગઇ સબસતીમેં રહતે આપ મુસાફરખાંનેમે રહોયેહ શરત મરૂવતકી નહી. એટલું કહી મકતબના તરણ છોકરા-ઓને હુકમ કીધો કે મુસાફરખાણાંમાં જાઇ હઝરત મોલવી સાહેબનો અસબાબ મઝદુરોને માથે ચહડાવી આપરા ઘેરમાં મુકાવો ને પછી મોલવી સાહેબ છોકરાઓની પરીક્ષા લેવા લાગા. એટલામાં મોલવીને છીંક આવી પણ મકત-બના છોકરાઓ તો કાંઇ શશરયા વસરયા નહી. ચોપડીમાં

માથુ બોશી શબક ભણુવામાં રોકાઇ રેહા. જારે પરીક્ષા પુરી થાઇ ત્યારે મુલ્લાં સાહેબ પોતાના પરોણાં મોલવી સાહેબને પોતાને ઘેર લઇ ગયા અને અછી રીતે ઝીયાફત કીધી. જારે જમી ખાઇને તૃપત થયા ત્યારે મોલવી સાહેબે છોકરાઓના અભ્યાસની ઘણી વખાણ કીધી અને તે વીશે મુલ્લાં સાહેબને ઘણી શાબાશી આપી. મોલવી સાહેબ બોલ્યા કે છોકરાઓને તમોએ એલમતો શીખ્યો, પણ તેની શાથે અદબ નથી શીખેલા, તે એમ કે જારેબી કોઇ મજલેશ ભેગી થઇ હોએ ત્યારે શું અમીર કે શું વઝીર જારેબી કોઇને છીંક આવે ત્યારે બંધે હાથ અને મોહો આસમાનની તરફ કરી તરણવાર શુબહાન અલ્લા—શુબહાન અલ્લા બોલી પેલા છીંકનારને મુબારકબાદી આપવી, પછે તે ગમે તે પદવીનું માણસ હોએ; એવો કાએદો મુસલમાનોમાં અસલથી ચાલતો આવેલોછે, વાશતે તમોએ તમારી મકતબના છોકરાઓને તાકીદ કરવી કે જારે કોઇ માણુસ મકતબમાં આવે અને તેને છીંક આવતો અદબને વાશતે શરવે છોકરાઓએ બંધે હાથ ઉંચા કરી શુબહાનઅલ્લા તરણ વખત બોલી પેલા છીંકનારને મુબારકબાદી આપવી પણ જારે હું એમતેહાન લેતો હતો અને મને છીંક આવી ત્યારે શુના શાવઝ થઇ મને મુબારકબાદી આપી નહી વાશતે તમોને ઘટેચ કે એ છોકરાઓને તાકીદ કરવી જોઇયેચ નહીતર આ તમારી કેળવણી ગધેડાપર કીતાબો લાધવા જેવી થઇ પડશે. મારાં મનમાંતો કશી ગેરાની નથી પણ અગર કોઇ બીજો રૂસતમખાંન આવશે અને તેની તરફ છોકરાઓ અદબ નહી દેખાડશેતો તમને ઘણો ઠપકો મલશે. મોલવી સાહેબના ઠપકા ભરેલા સખુનો મુલ્લાં સાહેબને ગલે ઉતરયા નહી. બીજે દીને જારે મોલવી સાહેબ સફરે નીકળયા ત્યારે

મુલ્લાંજી સાહેબ ગેાસ્સામાંને ગેાસ્સામાં એક મેાટી નેતરનેા કકડેા લઇ મકતબમાં આવ્યા અને એક નાકેથી તે બીજે નાકે સુધી સઘળા છેાકરાઓને શપાશપ અને ઝપાઝપ ફટકાવી કાઢાડયા. છેાકરા વાંસાપર હાથ ફેરવતા જાય અને માેામાંહે બબરતા જાએ કે આજે મુલ્લાંજીને શું ફાંટેા આવ્યેા કે એકસરખી રીતે સઘળાઓને ઝાટકી નાખ્યા. મુલ્લાંજી પાછી ગયા કે છેાકરાઓમાં અચરતી ઉતપ્ન થઇછે ત્યારે મુલ્લાંજીએ સઘળા છેાકરાઓને ઘેાડાની નાળના આકારમાં એક—બે—અને ત્રણ હારમાં બેશાડયા અને પેાતે પેલી ખાલી જગાની વચ્ચે લેકચર આપવા બેઠા.

શુનેા લડકે લેાગ કેાઇ ગ્રહસ્ત મકતબમે આવે ઔર ઉસે છીંક લગેતેા કૈસાભી કામ હાથમે હેાવેશેા કામ છેાર દેના ઔર દેનેાં હાથ જોરકે આશમાંનકી તરફ નીગાહ કરના ઔર શુબહાંનઅલ્લા—શુબહાંનઅલ્લા, તીણ મરતબે પેાકાર કે બેાલના; ખબરદાર અગર કેાઇ ઇસબાત મેં ગફલત કરેગા તેા બરી શઝા પાવેગા. એટલું કહી મુલ્લાં સાહેબ ઉઠી ગયા અને આ વાતને હજુતેા બેજ દીવસ ગુજરયા હતા કે મુલ્લાં શરફ—ઉદ—દીનની લેાંડી કુવાપર પાણી ભરવા ગઇ અને તપીલું કુવાના વરાપર મુકી ડેાલ વડે પાણી કાહાડવા લાગી. હજુતેા પુરી બે ડેાલ ભરી પાણી કાહાડયું નેા હતું કે એટલામાં કાગડેા પાણી પીવા આવ્યેા અને તપીલાંની કેારપર બેશી પાણી પીવા લાગેા. કાગડાના ભારથી તપીલું ઉઠલાઇને કુવામાં ઉધું પડયું. લેાંડી રડતી પીટતી મુલ્લાંજી પાસ આવી રડતી રડતી બેાલી કેાયેને તપીલાં બાવરીમે ડાલ દીયા, મુલ્લાંજીએ બે ચાર ચેાપરયાદી કીધી તેથી લેાંડી ઘેરમાં જાઇ ભરાઇ બેઠી. મુલ્લાંજી કુવામાંથી તપીલું કાહાડવાના વીચારમાં પડયા

એક છોકરાને કહ્યું જા ઘેરમાં રશુલ હોચ્ચેતો બોલાવી લાવ. છોકરો પાછો આવી કેવા લાગો કે રશુલતો બૈલની પોઠી લઇ પાસેનાં ગામમાં ગીયોછે ત્યારે મુલ્લાંજીએ કહ્યું જા અબદુલને બોલાવી લાવ. છોકરો પાછો આવી કેહવા લાગો અબદુલતો તાપે પડેલોછે અને ઉઠાતું બેશાતું નથી. હવે મુલ્લાંજીના અફશોશનો કાંઇ પાર રહ્યો નહી. ઘેરમાં જાઇ બે કકડા જરા મઝબુત દોરડાંના લાવ્યા. ચાર ઠરકા ઠરકા મઝબુત છોકરાઓને બોલાવ્યા (હીયાં વાંચનારે ધ્યાન રાખવું કે આ છોકરા પેલી નેતરનો ચચરાટ અને શુબહાનઅલ્લાની નશીહત વીસરી ગ્યા નથી.) અકેક દોરડાંનો છેડો બબે છોકરાઓના હાથમાં આપી હુકમ કીધો કે ખબરદાર મઝબુત પકડી રાખજો પછે પોતે અલ્લાહુ અકબર બોલી પેલાં બે દોરડાંને આશરે કુવામાં ઉતારયા. અરધે રસતે ઉતરેલા હતાં કે તેવામાં છીંક આવી પેલા ચારે છોકરાઓએ દોરડાંના છેરા હાથમાંથી મુકી દીધા અને બંધે હાથ અને મોડું આસમાનની તરફ ઉચું કરી તરણ વખત સુબહાનઅલ્લા સુબહાનઅલ્લા કરી મોટે શાદે બુમ પાડવા લાગા અને આનીગમ મુલ્લાંજી સાહેબ ભટાક દઇને કુવામાં ટુટી પડયા. પેલા દોરડું ધરનારા ચાર છોકરા તથા તેમની સાથે મકતબના બીજા છોકરાઓ મકતબમાંથી બાહેર નીશરી પડયા અને ગામને મોહલ્લે મોહલ્લે બુમ પાડવા લાગા. મુલ્લાંજી બાવરીમે ગીર પડે. મુલ્લાંજી બાવરીમે ગીર પડે. લોક ઘબરાઇને દોરી આવ્યું અને માહા મોટી ઝેહમતે મુલ્લાંજીને બાહેર કાહાડયા ત્યારે પોતે ઘરમાં જાઇ મોડું માથું ઢાંકી સુઇ ગયા.

---

## પારસીઓના આગળા પાદશાહો માહેલા જમશેદ પાદશાહનો હેવાલ.

ઈરાનના એક પાદશાહે પોતાની દરબારના એક અમીર નામે ઓબાદને ફરમાવ્યું કે ઈરાનના આગળા પાદશાહોનો હેવાલ બયાન કર. આ અમીર ઓબાદ ઘણો કાબેલ ફાઝેલ હતો તે સાથે ગાયનના હોનરમાં એક્કો માહેર હતો. પાદશાહે ઓબાદને પુછ્યું કે શરાબ કોણના વખતમાં ઉતપણ થયો. અમીરે જવાબ દીધો કે જારે પાદશાહ જમશેદ તખ્તપર આવી બેઠો અને ઘણાએક મુલકો પોતાના તાબામાં લાચ્યો. જીન સેતાન વગેરેને પોતાના તાબામાં લાચ્યો. સુતર અને રેસમના તાર કાહાડીને કપડાં બનાચ્યાં અને ખલકના લોકો જે ચાંમડાંના લુગડાંથી આંગ ઢાંકતા હતા તેઓને વસતર બનાવી આપ્યાં અને જુદી જુદી તરેહના હુનર અને કસબ શીખાડ્યા, અંહી તંહી ઘેરો બાંધી આપ્યાં, તે ઉપરાંત જો કોઇ પરહેજગાર દુનયાદારી મુકી દઇ જંગલમાં વાસો કરતો તેઓને વાસતે પાહાડોમાં બંદગી કરવા સારૂં ગુફા બનાવી આપતો, લશકરને વાસતે મુસારા ઠરાવી આપ્યા અને વસતીથી દુર છાવણી બંધાવી આપી જેથી કાંઇ ફીતનો ફેસાદ બરપા ન થાય. ભણેલા લોકોનો તથા વઇદ લોકોનો મરતબો વધારી નાખ્યો એવી મતલબથી કે સરવે કોઇ કેલવણી લીયે. રયતને ખેતીવાડી કરવા સારૂં ઉત્તેજન આપ્યું કે જેથી દેશ આબાદ થાય અને સરકારી મેહસુલમાં વધારો થાય કારણકે રૈયતથી પાદશાહોને મોટો આસરો છે.

રયત જડ છે અને સુલતાન છે ઝાડ,
જડને લીધે ઝાડ રેહેછે બરકરાર.

એ પાદશાહ જમશેદે ખાન ખોદીને કીમતી જવાહેરો કાહાડ્યાં. ખુસબોઇને સારૂં અતર, લોબાન, કસતુરી

વીગરે ખુસબોદાર ઝાડ જમીનમાં રોપયાં. હરએક ફૂલ ફલાદી અને મેવાનાં ઝાડ રોપી જમીન આબાદ કીધી. એ સઘળી વનસપતીમાંથી કહી–કહી ચીજ કેવી લેઝત આપેચ તે જાણી લીધું. જ્યારે તરેહ કીસમના મેવાનાં ઝાડ ઉગી નીકલ્યાં અને જ્યારે દરાક્ષના ખુસનુમા ઝુંમખા લટકતા થયા ત્યારે જમશેદે સરવે મેવા કરતાં અંગુરને સરવે ઉપર સરસાઇ આપી. પણ જ્યારે પતઝરીની મોસમમાં દરાખ-નો પાક બંધ થતો ત્યારે જમશેદ દરાખ વગર ઘણો મુઝાતો હતો. ત્યારે લાચારીને મારે દરાખનો રસ કાહાડી એક બરનીમાં ભરી રાખતો કે જ્યારે જોઇએ ત્યારે કામ આવે. પાદશાહ જમશેદ અવારનવાર આવીને પેલી બરની જોયા કરતો. એક દીને જોએચ શું કે પેલો દરાખના શીરો જોસ કરીને ઉભાઇ આચ્યો ત્યારે જમશેદે ચાખવા સારૂં ચમચી ભરી જીભપર પેલો શીરો રેડયો તો જલલદ માલમ પડયો અને જે સવાદ આગળ અંગુરમાં હતો તે તો બીલકુલ જતો રહ્યો. ત્યારે ઠરાવ્યું કે આ તો ઝેર છે અને જો કોઇ પીસે તેને મોતને ઘરનું તેડું આવશે. હવે પેલી દરાખના શીરાની બરનીનું મોહો બાંધી તે ઉપર એક ચીઠી વળગાવીને લખ્યું કે આ બરનીમાં ઝરે કાતેલ છે.

પાદશાહ જમશેદના મેહેલના ઝનાનખાનામાં એક દાસી હતી જેની ખુબસુરતીની તારીફ લખવી મુસ્કેલ થઇ પડેછે. લખેછે કે એ ઓરત ઘણી નાઝુક હતી તેથી બીજી દાશીઓ કરતાં એની ઉપર પાદશાહ જમશેદનો વ્હાલ ઘણો વધારે હતો. કઝાએલાહીથી એ દાસીને માથાનું દરદ ઘણું સખત હતું તેથી એ દાશી ઘણી બેઆરામ અને બેકરાર રેહતી. રાત દહાડો એ દુખથી કકલાટ કરતી. ઘણા-એક કાબેલ હકીમોએ દવા કીધી પણ તે કારગર લાગી નહી ત્યારે લાચારીએ આપઘાત કરવાનો ઠરાવ કીધો કે બેહેતર

એ છે કે પેલી બરની માહે જે જીવનુંલેન ઝેર છે તે પીને સુઇ રેહવું અને આ દુખ દરદથી છુટી જાવું.

**તનદરોસ્તી હુજાર નેયામત છે.**

નીદાન પેલા ધડાનું મોહો ઉખેડી એક પ્યાળું ભરી પેલો દરાખનો શીરો ગટગટ ગટાવી ગઇ. થોડે વારે સેહેજ ખુમારી આવી અને કાંઇએક દરજે માથું દુખતું બી ઓછું થયું. પછી એક બીજું પ્યાળું ભરી ઓતી ગઇ ત્યારે તો વધારે તબીયત સુધરી ગઇ ત્યારે તો બોલવા લાગી કે હવે ઝેરછે કે સરબત છે, જે છે તે એ છે. હવે તો મરૂં કે જીવું. એમ કહી બીજું એક પ્યાળું ચહડાવી દીધું ત્યારે તો નીશાન ચહડી આવી અને ઉંઘાઇ ગઇ, અને ઘણો વાર બેસુદ્ધ પડી રહી. જ્યારે પાદશાહ જમશેદને ખબર થઇ કે પેલી દાસી જેનાં માથામાં સખ્ત દરદ હતું તે પેલું ઝેર પીને મરતતોલ હાલતમાં સુઇ રહીછે. જ્યારે પાદશાહે આ નામુબારક ખબર સાંભળી ત્યારે ઘણોજ ગમગીન થાઇ પેલી વ્હાલી દાસીને જોવા આવ્યો, અને માણસો દોડાવ્યાં કે હકીમોને બોલાવી લાવે. સેહેજ વારમાં એકની જગાપર ચાર હકીમ આવી લાગા, અને પેલી દાસીને એમથી તેમ ફેરવીને તપાસી પોતાનો વીચાર જણાવ્યો કે ધાંટીમાંથી પ્રાણ જુદો થયો નથી.

પણ પાદશાહ જમશેદે કહ્યું કે આ ઝેરના ધડાનું મોહો ખોલેલું છે, અને તે અધુરો થયલોછે તે સાથે આ પ્યાળું ઝેરથી ખરડેલું મોજુદ છે વાસ્તે તમારી વાતપર મને ભરોસો આવતો નથી. પેલા હકીમોએ ફરીથી તપાસ કરી પોતાનો અભીપ્રાય એ આપ્યો કે અમારી જુસ્તોજો-માં આ ઓરત મરી ગઇછે અથવા થોડી વારમાં મરી જશે એવું અમારા અક્લોકણમાં જણાતું નથી. આએ બેસુદ્ધ હાલતમાં છે એ ખરી વાત છે પણ એની નારી જીવતાં માણસની હોય તેવી ચાલેછે. આ ડાકટરોમાં એક સખ્સ

લગાર હીમ્મતવાન હતો તેણે પેલું જ પ્યાળું લીધું ઘડામાંથી ત્રણ ચમચા ભરી શીરો પેલાં પ્યાળામાં નાખી ગટાવી ગયો. બોલ્યો કે આ કાંઇ ઝેર નથી પણ લગાર જલલદ પીણું છે વાસતે જે હશે તે અરધા કલાકમાં જણાઇ આવશે.

આવી ગડબડગોટા ચાલતી હતી એટલામાં પેલી દાસીની નીસા ઉતરી ગઇ અને તેણીતો ઉઠી બેઠી. એકલા મેહેલમાંજ નહી પણ આખાં શેહેરમાં વધાઇ ફેલાઇ ગઇ કે આપણા જમશેદ પાદશાહની પ્રેમ હાર દાસી મુવેલી સજીવન થઇ. પાદશાહે એક મોટું જશન કીધું અને અમીર ઉમરાવો અને દરબારના કારબારીઓને નોતરાં મોકલ્યાં. ઠેરવેલે વખત સરવે કોઇ હાજર થયા અને આ ખુસખુશાલીના જસનમાં ભાગ લીધો.

પછીતો એકેએક પાદશાહના વખતમાં શરાબ જાએજ થયો અને જમશેદે આ શરાબનું નામ સાહદારૂ شاه دارو કરી રાખ્યું એમ ચાલતાં ચાલતાં જયારે પાદશાહ કૈકોબાદ તખ્તપર બેઠા એક દીને શેહેનશાહ કૈકોબાદ ઘોડે શવાર થઇ મેદાનમાં સૈર કરતો ફરતો હતો એટલામાં એક ઝાડની નીચે જોએચ શું કે એક શખ્શની શુધ બુધ વગર ગાફેલ પડેલોછે અને કાગડા તેની આંખમાંથી ડોલા ખેંચી કાહાડેછે. શેહેનશાહ કૈકોબાદ આ દયા ઉપજાવનારી માઠી હાલત જોઇ પુછવા લાગો કે આ શખસની હાલત આવી કેમ થઇ કે કાગડાને હાંકી શકતો નથી. લોકોએ કહ્યું કે એ શખસે જરૂર કરતાં વધારે સરાબ પીધો તેથી એ બેશુધ થઇ ગીયોછે.

કૈકોબાદ પાદશાહ ઘણો બેચેન થયો અને સૈર કરવાનું મેલી દઇ મેહેલની તરફ ગુસ્શામાં ચાલી ગયો અને જતાંવાર શેહેરમાં મુનાદી ફેરવી કે આજ પછી કોઇ સરાબ પીશે અથવા સરાબનું નામ વટીક લેશે તો તેનું ઘેરબાર

માલમતા સરકારમાં જપત કીધામાં આવશે તથા તે શીવાએ ઘણી મોટી શીખસા કરવામાં આવશે. એથી કોઇબી શખ્સ શરાબનો બોલ ઝબાંનપર ન લાવતો પીધા પાવાની વાત તો દુર રહી.

એક દીને એવું સાંટક બનયું કે સરકારી જનાવર-ખાંણાંમાંથી રખેવાલની ગફલતને લીધે એક વાઘ પીંજ-રાંમાંથી છટકી જવા પામ્યો. ગામમાં હોહોકાર થઇ રહ્યો. લોકો નાહાસાનાહાસ અને ભાગાભાગ કરવા લાગા. ઘેરના બારના બારી બંધ કરી ભરાઇ બેઠાં. દુકાનદારો દુકાનોને ટાળાં દઇ છુપાઇ બેઠા. આખુ ગામ શુનશાન થઇ ગયું કોઇમાં તાકત ન રહી કે તે વાઘને પકડે. આ શોર શરાબો સાંભળી એક મઝબુત બાંધાનો જવાન કટમસતો તે સાથે ઘણો ખુબસુરત ચેહરાવાલો ખુતામાંથી બાહેર નીસરી આવ્યો. પેલો વાઘ જે પુછડું ઉંચું કરી છલાંગ મારતો ફરતો હતો તેની નઝર બચાવી દોરતો જઇ પીઠપર ચઢી બેઠો અને બંધે કાંન મજબુત પકડીને ગલું બોંચે સાથ રગ-ડવા લાગો. એટલાંમાં જનાવરખાનાના રખેવાળો ડોરડા ડામના લઇ આવી પેલા વાઘના હાથપગ બાંધી લીધા અને પેલા જવાંન મરદ પેહલવાંનને છુટો કીધો અને વાઘને લઇ જઇ પીંજરાંમાં કૈદ કીધો. આ ખબર સાંભળી પાદશાહ કેકોબાદે પેલા બાહાદુર જવાંનને બોલાવી મંગાવ્યો. જારે તે હજુરમાં આવી પોંહોંતો ત્યારે બાદશાહે પુછ્યું સાચુ બોલ. આવી હીમ્મત તુંને કેમ આવી. પેલા જવાને ઉત્તર વાલયો કે અગર હઝરત મારી નાફરમાની માફ કરે અને મારી જાન બખ્સી કરેતો ખરો હેવાલ હઝરતની સાંમે ખુલ્લો કરૂં. પાદશાહે કહ્યું કે તારી જાન તુને બખશી પેલો જવાન પોતાનો એહવાલ નીચે પ્રમાણે દર-સાવવા લાગો.

કુરનેસ બજાવી બંધે હાથ જોરી બોલ્યો કે હઝરત હું આજ લાંબી મુદ્દત થઇ કષ્ટ ભોગવું ચ તેનું કારણ એ છે જે મારો એક કાકો છે તેની એક ધણીજ ખુબસુરત છોકરી છે જેના પ્યારમાં હુ લપટાઇ ગયોછું. મેં મારા કાકાના ઘણા કાલાવાળા કીધા. જોકે પેલો છોકરી મારી સાથે પરણવાને આતુર છે તે છતાં પેલો ઢાંખરો સમઝતો નથી. મેં મારી સબર અને કરાર ખોઇ દીધોછે અને રાત દાહારો પેલી મારી માશુકના ખ્યાલમાં ભુખ અને ઉંઘ તજી રખ-ડયા કરૂંછ. પણ પેલા ઝરૂસ કાકાને દયા આવતી નથી કારણ મારી મુફલેશીની વાત વચમાં લાવેચ. પેલી કેહવત છે કે દુનયા છે અને સાથે ઝર છે.

ઝર સે હૈ સબ બરાઈ — زر سے ہی سب برائي
ઝર સે હૈ આશનાઈ — زر سے ہی آشنائي
ઝર સે હૈ ભૈયા ભાઈ — زر سے ہی خویش و بھائي
ઝર સે હોવે સગાઈ — زر سے ہووے سگائي
જો કુચ કહો સો ઝર હૈ — جو کچھ کہو سو زر ہي

આજે પેલી મારી માશુકની યાદમાં મારા શરવે તન બદનમાં આગ શલગી ઉઠી ત્યારે તે આતશને બેસાડી દેવા શારૂ તમારા ફરમાંનનો તીરસકાર કરી સરાબનું એક પીયાલુ ઓતી લીધું એવા વીચારથી કે આ મારો ગમ વીશરતો પડે તેવામાં ગામમાં મોટી કલબલ સાંભળી કે ઘણો હો હોકાર થઇ રેહ્યાછે તે જાણવા સારૂ બાહેર આવી જોઉંચ શું કે એક વાઘ પુછડું માથાં આગળ લાવી અહીથી તહીં અને તહીંથી અહી છલાંગો મારેચ. હું તો પેલી સરાબની ઝુમમાં દોરતો જઇ વાઘપર સવાર થયો અને બંધે કાન પકડી ગળુ જમીન સાથે રગડવા લાગો તેટલામાં હઝુરના જનાવરખાનાના રખેવાળો આવી પોંતા અને વાઘને બાંધી લઇ જઇ પીંજરામાં નાખ્યો.

આ હકીકત સાંભળી કૈકોબાદ પાદશાહે ઘણી શાબાશી આપી એક બીજી મુનાદીનો હુકમ કીધો તે એમ કે જો કોઇએ શરાબ પીવોતો એટલો થોરો પીવો કે વાધ પકડી શકે પણ એટલો વધારે ન પીવો કે બેહોશીની હાલતમાં કાગડા આંખના ડોલા કાહાડી ખાએ.

તે પછી પેલા હીમ્મતવાન જવાનને ઘણો નવાજી નાખ્યો અને પેલા લાલચુ કાકાને બોલાવી તેની દીકરી સાથે પાદશાહ કૈકોબાદના હુકમથી આ બાહાદુર ખુબસુરત જવાનનાં લગન કરાવી આપ્યાં અને બંન્ને આસક માશુકે અમન ચમનમાં કાળ કાહાડયો.

જારે આ જવાન પેહલવાંનના હશી ખુશી સાથે લગન વીતી ગીયાં પછે તેને પાદશાહે એક દાહડે દરબારમાં બોલાવી પોતાની ફૈાજના અમલદારોમાં એક મોટી પદવીનો અમલદાર ઠરાવ્યો અને એની હીમ્મતના બદલામાં એક તલવાર ભેટ આપી.

---

## ચઢ જા બેટા સુલીપર, અલ્લા ભલા કરેગા.

મોટાની સુજે નાનો ચાલે તો મરે નહી તોપણ માંદો પડે. આગલા ઝમાનામાં દિલ્લી શેહેર મધે અકબરશાહ બાદશાહ રાજ કરતો હતો. એ શેહેર બહુ મોટું હતું તેની સાથે આસપાસ બીજાં લાગેલાં પરગણા ઘણાં હતાં. એ પાદશાહ અકબર ઘણો ધર્મી, શકરમી અને પ્રતાપી હતો. પોતાની રૈયતને સુખી રાખવા સારૂં ઘણી કાલજી રાખતો હતો. પાદશાહ પોતાની આસપાસના મુલકોમાં નવાબો અને સુબાઓ મોકળી આપતો, ઘણાં વરસ રાજ કીધા પછી એક હીંદુ રાજા દિલ્લી ઉપર ચઢાઇ લાવવાની તૈયારી કરવા લાગો. એ ખબર પાદશાહ અકબરને પડી ત્યારે શેહેરના શેઠ સાહુકારોને બોલાવી કેહવા લાગો જે

ફલાનો રાજા ચઢાઈ લાવેચ વાસ્તે તમો સરવે મને સાહાય થાવો, તે એમ કે તમારી મીલકતપર થોડો ફર નાખવા માગું ચ અને ૩–૪ વરસમાં આ આફતનું વાદળ ઉતરી જશે ત્યારે આ વેરો બંધ કરવામાં આવશે. આ વાત સાંભળી સઘળા શેઠ સાહુકારો એકદિલ થઈ રાજી થયા અને પોતાની મીલકત પુંજી વગેરે સરકારી દફ્તરમાં નોંધાવી ગયા. એજ પ્રમાણે આસપાસનાં પ્રગણાના નવાબો તથા સુબાઓપર હુકમ લખી મોકલો કે સરવે કોઇએ પોત-પોતાના અમલ તલેના વેપારીઓની પુંજીનો અડસતો લખી લઈ તેઓને જણાવજો કે શત્રુ ચઢી આવેછે વાસ્તે લશકર વગેરેના ખરચ સારૂ નાણું જોઇયેચ, વાસ્તે સરવે કોઇએ પોતાની પુંજીમાંથી સેંકડે બે ટલા ચાર વરસ લગણ આપતાં જવું અને પછી બંધ કીધામાં આવશે. એ રીતે સરવે પ્રગણાના નવાબોએ શેહેરના શેઠ સાહુકારોને બોલાવી પાદશાહનો પેગામ વાંચી સંભળાવ્યો; તેજ પ્રમાણે એક પરગણું નામે ગુલજાર હતું, ત્યાંના વેપારી વેહવારીઓને બોલાવી મંગાવ્યા. સરવે લોક હાજર થયા તેમાં એક લક્ષા-પતી ભીમ શેઠ પણ આવ્યા હતા. જ્યારે નવાબ સાહેબે અકબરશાહનો હુકમ વાંચી સંભળાવ્યો ત્યારે સરવે વેપારી વેહવારી એક જબાન થઈ બોલ્યા કે અમોને આ હુકમ માથે ચઢાવી પાળવાની ફરજ છે વાસ્તે અમો અમારી પુંજીનો જુમલો સરકારી દફ્તરમાં નોંધાવી જઇશું. હવે એ વેપારીઓ મધે એક ભીમ શેઠ નામે લક્ષાપતી વેપારી ત્યાં હાજર હતા તેવણે જ્યારે આ પાદશાહી ફરમાન સાંભલ્યું ત્યારે ભીમ શેઠની છાતી રૂધાઇ ગઇ. એકબી બોલ બોલવા-ની તાકત રહી નહી કારણ કે ભીમ શેઠ જીવના ઘણાં બખીલ હતા. આ વાત સાંભળી ભીમ શેઠના તો હોસકોસ ઉડી ગયા, જેથી તેઓ પોતાની આસપાસના લોકોને બોલાવી,

પુછવા લાગા કે હવે આનો ઈલાજ શો કરવો. એક શખ્સ જે જરા ચપલ હતો તે કેહવા લાગો જે આપણાં શેહેરમાં કાજી મોહલા વચે એક મસીદ છે ત્યાં એક શખ્સ નામે મસતાનખાન પડી રેહેછે. જો તેને હુલકાવ્યો હોય તો તે નવાબની સામે હુલડ મચાવે, બજાર બંધ કરાવે, સરકારી નોકરોને કચેરીમાં જતાં અટકાવે, એવી ધાંધલ ધરપચ કરે, તો નવાબ સાહેબ દિલ્લીથી આવેલો હુકમ બંધ પાડે.

આ યુકિત ભીમ શેઠને પસંદ પડી. હુકમ કીધો કે મસીદમાંથી મસતાનશાહને બોલાવી લાવે. હુકમ થતાંજ ચાકરો દોડી ગયા અને મસતાનશાહને હાજરં કીધો. જયારે ભીમ શેઠે મસતાનશાહને આવતો જોયો કે ભીમ શેઠ બોલ્યા, આવ શાહ સાહેબ, અરે કોઈ છેરે મસતાનશાહને વાસ્તે ખુરસી લાવો. માણસોએ દોડાદોડ કરી મુકી અને મસતાનશાહને ખુરસીપર બેસાડયા પછી, ભીમ શેઠ બોલ્યા, અરે મસતાનશાહ આ નવાબ તો જુલમ કરી રેહેયોચ, દરએક માણસની પુંજી ઉપર સેંકડે બે ટકા મેહશુલ લગાડવા માગેચ તે હીસાબે મારી પુંજીમાંથી એક મોટી રકમ ઘસડાઈ જાયેચ તેથી મારા જીવને બહુ ચટાપટી લાગીચ વાશતે જો તમો તમારા જેવા બીજા ૨૫—૫૦ બાહા દુરોને સાથે લઈ એક હુલડ ઉભુ કરોતો નવાબ સાહેબ ઠેકાણે આવી જાએ. હું તમારી મદદે છેઉં ૫૦૦) કે ૧૦૦૦) ખરચ પડશે તો ખરચશ પણ તમારો બાલ વાંકો થવા નહી દઈસ. દીલ્લી સુધી લડવું પડશે તો હું તમારી સાથે આવીસ.

આ વાત સાંભળી મસતાનશાહ લલચાઈ ગયા. શેહેરમાં જાઈ કેટલાક લુચ્ચા લફંગાઓને ભેગા કીધા અને શરવેના હાથમાં લાકડી આપી બજારમાં ગીઆ. ત્યાં ધાંધલ કરી દુકાનો બંધ કરાવી. જે લોકો શામા થયા તેઓને

51617

ખુબ ઠોકી નાખ્યા. ગામમાં નાહાસા નાહસ થઇ. કચેરીમાં કોઇ કામદારો જાઇ શકયા નહી. વેપાર વનજ બંધ પડી ગયો અને ગામમાં હો હોકાર થઇ રેહો. કોઇએ જાઇ નવાબ સાહેબને ખબર કીધી કે સાહેબ બંદખોરો તીજોરી લુટવા આવેચ. જારે જામદારખાનાના સપાઇઓ સામાં થયા ત્યારે તે લોકનો વાંસો હલકો કરી નાખ્યો. નવાબ સાહેબે પુછયું કે એ બંદખોરોનો આગેવાન કોણ છે ત્યારે લોકોએ જવાબ દીધો કે કાજી સાહેબના મોહલ્લામાંની મશીદમાં એક મસતાનશાહ નામનો લફંગો પડી રેહેછે તે. કોઇ પાસેથી કકડો ટુકરો માંગી લાવી ખાએછે. તેને કોઇ રંડનારી કે કુટનારી છે નહી.

નવાબ સાહેબે હુકમ કીધો કે જામગરીવાળા બંદુકચીઓને તૈયાર રેહેવાનો હુકમ કરો. જારે હુલડખોરો નવાબ સાહેબના મેહેલ આગળ આવી પુગા ત્યારે હુકમ કીધો કે આ લોકના આગેવાનને ઉપર બોલાવો. જારે મસતાનશાહ એખલા ઉપર ગીયા ત્યારે પુછયું કે તુમ કિસવાસતે હુલડ મચાતે હો. જવાબ દીધો કે સાહેબે ગરીબ વેપારીઓ ઉપર ભારી કર બેસાડઓ તેથી રઇયત ઘણી દુખી થઇછે. વાશતે પેલો મેહશુલ લેવાનો હુકમ ફેરવી નાખો નહીતર ગામ ઉજડ થઇ જશે. આ વાત સાંભળી નવાબ સાહેબ ચેતી ગીઆ કે આ હુલડનાં કામમાં કોઇ બીજેજ મતલબયો સખ્શ છે અને આ ઉલ્લું ને હુલકાવી ઢેરનું ગાલ્લું આગળ કીધું છે. પેલા બંદુકચીઓના નાએકને બોલાવ્યો અને હલુશે કાંનમાં કહ્યું કે પાંચ ચુનંદા બંદુકવાળાને લાવ. આ શખ્સની આસપાસ રાખી એને ઘેરી લેવો અને બાકીના તોફંગચીઓને બોલાવી બંદુકના ખાલી બાર ઝારી પેલા હુલડખોરોને વીખરી નાખો. એમ કીધાથી પેલા ભારૂતી લોકો જીવ

લઈને નાહાશી ગયા, ત્યારે નવાબ સાહેબે મસતાંનશાહના મુસકાટાટ કરાવ્યા પછી પોતાની કચેરીના એક વીશવાશુ માણસને બજારમાં મોકલી દુકાનો ઉઘડાવી અને સઘળું સાંત કરી નાખ્યું. બીજે દીને કચેરી ભરી મસતાન-શાહનો ઈનસાફ સરૂ કીધો. જે જે દુકાનદારો તથા બીજા લોકો જેઓની ઉપર માર પડયો હતો તેઓને શાખશી બોલાવી ઈનસાફ કરવા માંડયો. પેલા બજારવાળા લોકોએ પોતાના કસમ ઉપર જબાની આપી તે એક કારકુને લખી લીધી. પછે નવાબ સાહેબે પુછ્યું કે જે શખસે હુલડ-ખોરોની આગેવાની કીધી તેને તમો ઓળખોછો. જવાબ દેતાં મસતાનશાહની તરફ આંગળી બતાવી બોલ્યો કે સાહેબ આ શખસ જે હાલ બંધવો થઈ ઉભેલોછે તેજ સખસે હુલડની આગેવાની કીધીછે. આ પ્રમાણે કેટલીએક સાખશી લઈ મસતાનશાહને અપરાધી ઠેરવ્યો.

આ મસતાનશાહને કેવી સીક્ષા કરવી તેનો વીચાર કરવા સારૂ એક દીવસની ઢીલ નાખી બીજે દીને પાછી કચેરી ભરી મોતની શીક્ષા ઠરાવી કે ફરી કોઈ એવું બંદ ઉઠાવે નહી.

એમ કહી નવાબ સાહેબે હુકમ કીધો કે આ મસ-તાનશાહને આવતી કાલે ખરી બપોરે સુલીએ ચહડાવે. બીજે દીને મશતાનશાહને બંદીખાનાના દારોગાએ પુછ્યું કે તુમ કુચ ખાવગે. જવાબ દીધો કે, ખાનાતો ન ખાઉંગા. મગર ભીમ શેઠશે એક બાત કરનેકી હૈ, કે અગર બોલા લાવતો મેહરબાની કોટવાલને હુકમ થએો કે ભીમ શેઠને બોલાવી લાવે. આ ભીમશેઠ આવી ઉભા કે મસતાંનશાહે ઢસાંઢસ રડવા માંડયું. ભીમ શેઠ બરા બેહલીગુરદા હતા ઝડપમાં બોલી ઉઠયા બેટા યેહ કયા નામરદી હે. ચઢ જા બેટા શુલીપર અલ્લા ભલા કરેગા.

## પાદશાહ જમશેદનો નવો મેહલ તેમાં એક બુઢ્યા ગવલનની ઝુંપડી.

જામે ઉલ હેકાએતમાં એક વાત લખેલીછે કે જ્યારે આપણા નોશીરવાને આદેલ પાદશાહે એક બસ મોટો મેહેલ બાંધવાની તૈયારી કીધી પણ તેમાં એક મોટી અડચણ આવી પડી તે એમકે જમીનની વચ્ચોવચ્ચ એક બુઢી ગવલનની એક ઝુંપડી આવી પડી ત્યારે પાદશાહ નોશીરવાનના કામદારોએ ડોસીને સમઝાવ્યું કે બુઢી મા હીયાં આપણો નેક પાદશાહ એક મેહેલ બાંધેચ તેથી તારી ઝુંપડી વેચાતી આપ, અમો પાદશાહ પાસેથી તુને સારી કીમત અપાવીશું. પેલી બુઢ્યાએ સાફ ના કહી, ત્યારે પેલા કામદારો હઝુરમાં ગીયા અને મેહેલ બાંધવામાં નડતી અડચણ કહી સંભળાવી અને વધારે એમ પણ જણાવ્યું કે જો એ ઝુંપડી કાએમ રેહશે તો મેહલનો છોક અને રોનક બનબેસ્તી નહી આવશે. ત્યારે પાદશાહ નોશીરવાંન પોતે જાતે પેલી રાંડ ડોસીની ઝુંપડીમાં આવી બેઠા અને કેહવા લાગા કે કયું અમ્મા તું કૈસી હૈ ? આ વાત સાંભલતાંવાર ડોસાં ઉઠી ઉભાં થયાં અને ઓવરના લઈ બોલવા લાગાં અરે મેરે નેક આદેલ અને પાકજાદ પાદશાહ તેરેપરસે વારી ફેરી જાઉં. આજ હઝરતને ઇશ ઝઇફ નાચીઝ ઓરતકો નેહાલ, ઔર માલામાલ કર દિયા. હજરત પાદશાહ તુંને આજ મુઝે ઔર મેરી ઇસ નાચીઝ ઝોપરીકુ સરફરાજ કર દીયા.

ત્યારે પાદશાહ નોશીરવાન હલવે રહીને ડોસાંને સમઝાવા લાગા કે અમ્મા મૈને એક મેહેલ તામીર કરનેકો ઠેરાયા હૈ ઇસલીએ તેરી એ ઝોપરી મેરે હાથ બેચ. મૈં ઇસકી ખાતર ખાહ કીમત દેતા હું.

આ વાત સાંભળતાંવાર પેલી ડોસી છછણી પડી અને કેહવા લાગી કે હજરત હું આ રૂપીઆ પૈસાને શું કરવાની છું ! દરરોજ બાંમદાદને વખતે તારા મુબારક દીદાર જોઉંછું ત્યારે મારો આખો દીવસ અમણુ ચમણુમાં ગુજરેછે અને મારા ધંધામાં મને ઘણી બરકત નીપજેછે. હવે એથી વધારે મને બીજું શું જોઇએ, વાસતે હું માગી લેઉંછું કે એ વાતથી તમોએ દરગુજર કરવી.

પાદશાહ આ વાત સાંભળી ચુપ થઇ ગીએા અને પોતાના મેહેલમાં ચાલી ગયેા. પેલી ડોસીની ઝુંપડી જેમની તેમ રેહવા દીધી અને મેહલનું કામ જારી રાખ્યું જ્યારે તૈયાર થયેા ત્યારે પાદશાહ નોશીરવાન આ નવા મેહેલમાં આવી રહ્યા પણ રાંડ ડોસીની ગાએે ભેંસ આવતાં છાંન નાખે અને જતાં બીજી રીતની ગંદગી કરી જાએે. પણ પાદશાહ નોશીરવાંને એ સરવે ખમ્યા કીધું પણ ડોસીને ફરી છેરી નહી.

આ હેકાયત પણ અમોએે ઉરદુ જબાનમાં છાપેલી જમે ઉલ હેકાયત મધેથી ઉતારી ગુજરાતીમાં તરજુમેા કીધેાછે.

---

## જો રૈયત શારી દોઆ માંગે તો રાજાનું ભલું થાએે નહીતર શતયાનાશ થાએે.

તુરકસ્તાંનના પાદશાહે દશબાર આદમીની તથા એક એલચીની સાથે હીંદના રાજા પાસે નજરાણું મોકલ્યું તેની સાથે એક ખરીતેા એવી મતલબનેા લખી આપ્યેા કે ચોકસ ઠેકાણેથી અમારા જાણવામાં આવ્યુંછે કે હીંદુસ્તાનની સર જમીનમાં કાંઇ એવી વસતુ પૈદા થાએેછે કે જે ખાધામાં આવેતેા આદમી જાતની ફ્યાતી લાંબી થાયછે. જ્યારે પેલાં એલચીખાતાંને હાથે આવેા પૈગામ પોંહચ્યેા ત્યારે પેલા હીંદના રાજાએે આ એલચી ખાતાંના આદમીઓને પેલા

આવેલા વકીલ સમેત એક ઘણું ઉચા કાલા પથરથી બાંધેલા કીલ્લાની ચાર બાજુ મધેથી એક બાજુની નીચે ડેરા તંબુ ઉભા કરી રેહવાની જગેા કરી આપી અને કહ્યું કે જહાંસુધી આ કીલ્લાની ચાર બાજુમાંથી એક અલંગ ટુટી પડે નહી ત્યાંસુધી તમેાને હીયાંથી રૂખસત ન કરૂંગા એાર તુમહારે બાદશાહ કે ખતકા જવાબભી ન દુંગા.

આ હુકમ સાંભળી એલચીખાતાંના માણુસેા ઘણુજ ઘબરાટમાં પડયાં અને તદ્દન નીરાસ થઇ ગીયાં અને કેહવા લાગાં કે હવેતેા આપણા બચ્ચાં બાલાનાં દીદાર જોવાથીભી બેનશીબ રહી ગયાં અને પેાતાનાં ઘેર-બારથી હાથ ધેાઇ બેઠાં.

લાચાર થઇ પેલા પહાડની હેઠાંનમાં બેસી રાતને દાહાડેા એજ કામ લઇ બેઠા કે એા દુન્યાના પેદા કરનાર અમારી અરજ સાંભળ અને આ પાહાડની એક અલંગને નીચે ઉતાર.

થેારા દીવસ પછી એવેા ઇતિફાક બનયેા કે એક ધરતીકંપ થયેા. આ મેાટા મજબુત કીલ્લાની એક તરફની અલંગ કરર લુસ થઇને નીચે ટુટી પડી, પણ ખેાદાની કુદરત અજબ નેયારીછે. જે અલંગની નીચે આ એલચી ખાતું ડેરાં તંબુ ઉભાં કરી પડેલું હતું અને આ કીલ્લાની એક બાજુને જમીનદેાશ કરવાની દેાઆ માંગતા હતા તે અલંગ તેા સલાંમત રહી અને બીજી ગમની દીવાલ ટુટી પડી.

આ ખબર પેલા હીંદના રાજા સાહેબને થાઇ ત્યારે પેલા એલચીખાતાંના લેાકેાને પેલા વકીલ સહીત રાજાએ પેાતા પાસ બેાલાવી મંગાવી, તેઓને માન અકરામ સાથે બેસાડીને કેહવા લાગેા જે તમારા તુરકસ્તાનના બાદશાહને મારેા ઘણેા ઘણેા સલાંમ કેહજો અને કેહજો જે એલચી ખાતાંના ઘણા થેારાં લેાક છે. જ્યારે એટલાં જુજ લેાકેાની

અંતકરણની દોઆથી આ માહાભારત મજબુત કીલ્લાની અલંગ નીચે ટુટી પડીછે.

હવે તમારો પાદશાહ લખેચ કે અમારા મુલકના લોકોની ઉમર ઘણી ટુકી છે તેથી તમારા મુલકની જણસ મંગાવીછે કે તે ખાઇ ઉમરદરાજ કરે. પણ પાદશાહને કહો કે એવી કોઇ ચીજ અમારા મુલકમાં પૈદા થતી નથી કે જેથી ઉમરદરાજ થાએ પણ તમારો પાદશાહ રઇઅત-પર જુલમ ગુજારેચ તેથીજ તમારી, તમારાં લશકરની અને તમારી રઇઅતની ઉમર ટુકી છે વાશતે અદલ ઇનસાફ કરોતો તમારૂં નામ પણ નોશીરવાંનના જેવું રોશન થશે અને તેથી રઇઅતની ઉમરની દરાજી થશે.

---

گھي کھانا شکّرسے اور دنيا کھانا مکّرسے

**ઘી ખાના શક્કરસે ઔર દુન્યા ખાના મકરસે.**

پير خود نمي پرد امّا مُريدانش مي پرانند

પીર ખોદ નમી પર્દ અમ્મા મુરીદાન્શ મી પરાનંનંદ.

આ ઉપલી ફારસી કેહવતનો તરજુમો વાંચનારા સદ ગ્રહસ્થો માટે નીચે લખ્યોછે. સાધુ અથવા કોઇ ડોલ ધાલુ પીર પાંચ દશ તેવાજ લુચ્ચા મુરીદો અને ચેલાઓને સાથે રાખી મક્કર અને ફનફરેબથી ઠગી ભોલા લોકો પાસેથી નાણું કહડાવેછે. તે ઠગારો શાધુનો ઝભો પેહેરી કોઇ જાહેર જગામાં અથવા કોઇ મંદીરમાં બેસેછે અને પેલા સાધુના ચેલાઓ અને પીરના મુરીદો ભોલા લોકોને ભમાવેછે કે આ સાધુ તમારૂ ભવીશ્ય કહી આપેછે અને કેવુંએ શખત અને પુરાણું દરદ હોએ તે કરામતથી સારૂં કરેછે. આ ઠગાઇની અંદર લોકોનું એકીન પોતા તરફ ખેંચી લેવા સારૂં એક ઘણીજ સરસ

યુકતી કામે લગાડેછે તે એમ કે આ સાધુ અથવા પીર કોઇ પાસે રૂપીયા પૈસા માગતા નથી પણ માતર ઇશ્વરના અને અલ્લાનાં નામપર સારૂં કરેછે. એ પરમાંણે ઘણા લોકોના દુઃખ દરદ સાઝાં કીધાંછે. એ વાત શાખશીથી શાબેત કરવા સારૂ બાહેરથી સાહેદ લાવવો પડતો નથી. પેલા ચેલાઓ માહેથી એક શખસ આગળ આવી કેહેછે કે આ શાધુજીએ મારૂં ઘણું પુરાંતું ભગંદરનું દરદ સારૂં કીધું છે પણ જરા કસર રહી ગઇછે તેથી એ સાધુની સાથે સાથે રખડું છું તે તદન સારૂ થવે પાછો મારે સવદેશ ખાન દેશ તરફ જઇશ એ પરમાણે અનેક ઢોંગ ધતુરા કરી ભોલા લોકોના ખીશા ખાલી કરેછે એ સધળું પેલા મુરીદો અને ચેલાઓની મારફતે બનેછે. વળી જો કોઇ ઓરતને પેટે ઓલાદ ન હોએતો પેલી ભોલી સ્ત્રી પેલા ઠગારા સાધુ અથવા પીર પાસે જાએછે. એ વખતે સાધુજી અથવા પીર સાહેબને અછછો તડાકો પડેછે પણ જારે ભરમ ખોલ્લો થઇ જાએછે ત્યારે સાધુ સાહેબ અને પીર સાહેબ ગાંશડા પોટલા બાંધી બીજ દેશ દેશનીકાલ થાએછે. એવા ઠગારા પીર અને સાધુઓ અને ડોલ ધાળું Quak હકીમો અને મક્કરબાજ ધુતારાઓ વારમવાર ભોલા લોકોને ઠગી ગયાછે તે ઉપરથી મથાલે મુકેલો ટુચકો આવા મક્કરબાજ લોકોપર બરોબર બેસતો આવેછે.

પણ જો ભાગજોગે કોઇ દરદમંદ ભોલો માણસ ફરેબમાં ફશી પડેછે ત્યારે એક નવો ઢોંગ કામે લગાડેછે અને પેલા ગરીબ દરદીને ખોટું ખોટું સમઝાવી મોટી મોટી રકમ કઢાવેછે. તે એ રીતે કે પેલા ગરજુ દરદીને કેહેછે કે તમારૂં દરદ ઘણું શખત છે. એની દવા બનાવા સારૂં ઘણાં મોઘાં. વસાંણા ખરીદ કરવાં પડેછે એટલું જ નહી પણ એ દવામાં મોતીના ખાખો ખલ કરી મેળવણી

કરવામાં આવેછે. આ દવાનો નુસ્ખો સાધુ સાહેબ લખી આપે તે તમો પોતેજ ખરીદ કરી લાવો. પેલો દુખી શખ્સ વીચાર કરે કે મારાથી એ ખટરાટ કેમ બને એવું ધારી પીર સાહેબની આગળ રૂપીઆ લાવી મુકે કે તમો પોતેજ મનપસંદ દવા ખરીદ કરી લાવો. ત્યારે સાધુ સાહેબ ખોટી દવા બનાવી આપેછે અને એ પરમાણે ભોલા લોકોને ઠગી પૈસા મેળવેછે.

---

ایک نور مکھڑا سو نور کپڑا اور ہزار نور نخرا

## એક નુર મુખરા શૌ નુર કપરા ઔર હજાર નુર નખરા.

એક દીને કેટલાક જવાન શોદાગરો નીશાપુરના બાઝારમાં એકઠા બેશી વેપાર વનજ અને વીયાજ વટાવ તથા માલ મતાના ભાવતાલની પોતપોતામાં વાતચીત કરતા હતા તે અરશામાં એક ધણીજ ખુબસુરત નવ જવાન છોકરી આશરે ૧૮ વરસની ઉમરની આવી પેલા શોદાગરોની સામે નીચી મુડી કરી ઉભી રહી. તેણીનો મુખરો ચઉદમી રાતના ચાંદ જેવો શોહામણો હતો પણ આંગપર કપડાં મેલાં ઘેલાં અને ફાટેલુટેલાં હતાં, હીયાવેર કે જો પવનના સપાટાથી પીઠપરનું લુગડું ખશી જતું ત્યારે પીઠ ઢાંકવા શારૂ લુગડું ખેંચતી તો પેટ ખુલું થઈ જતું આ કપડાંની તંગાશને લીધે પેલીનું રૂપ કરૂપશમાન નઝર આવતું. હવે પેલા શોદાગરોની સામે ઉભી રહી બોલવા લાગી કે અરે એ શેઠ શાહુકારો, ઘેરના ભરયા પુરયા અલબેલાઓ, અલ્લાતાલાએ તમને નવાઝેલાછે તો મારી ઉપર દયા કરો. જોકે હું મોટા ખાનદાનની અને પૈસાવાળા બાપની દીકરી છું પણ આશમાંનની ગીરદશથી આ

હાલતે પોંચી ગયાં છૈયે. હવે મારી અને મારાં ઝઇફ માબાપની ઉપર દયા લાવી અકેક બબે રૂપીયા આપો કે ઘેર જઇ માબાપને કકડો રોટલી ખાવા આપું અને મારૂં આંગ ઢંકાએ તેવું જાડું મોટું લુગડું ખરીદ કરૂં. પેલા શોદાગરો પેલીનું રૂપ જોઇ છક થઇ ગયા પણ પેલીનાં લુગડાંની કંગાલ હાલત જોઇ દયા ખાવા લાગા અને પેલીની હથેલીપર રૂપીઓ અઘેલી મુકી તેણીને વીદાય કીધી.

એવામાં પેલા શોદાગરો માહેલા એક જવાન શોદાગરે પેલીને હાંક મારી બોલાવી કેહવા લાગેા કે અરે એ ચંદરમુખી જવાન સ્ત્રી બોદાતાલાએ તુને આવી ખુબસુરતી આપીછે તે છતાં તું ભીખ માંગતી ફરેચ તેને બદલે તું કોઇ આબરૂદાર ગ્રહસથ સાથે શાદી કેમ નથી કરતી કે આવી હલકાઇ અને દરિદ્રીપણાંથી છુટકારો પામે.

પેલી મીશકીન છોકરીએ કરગરીને જવાબ વાલીએા કે મારા જેવી કંગાલ ઓરત સાથે શાદી કોણ કરનાર હતું. પેલા શોદાગરે ઉતર વાલયેા કે મારી પાસે થેારી પુજી જમા કીધેલીછે. જો તું રાઝી થાએતેા હું તારી સાથે નીકાહ કરૂં. અને જે કાંઇ મારૂં દઇવત છે તે તારે હવાલે કરૂં. પેલીએ જવાબ દીધેા કે અગર હું રાઝી થઇ તેા શું થયું પણ મારાં માબાપની રઝામંદીની ઝરૂર છે. હું તેમના આસરા તલે પરવરસ પાંમીછું તેથી આજે હું બેવફા થાઇશ નહી. સેાદાગરે કહ્યું કે તારા વાલી કાંહાં છે, મને તેઓ પાસે લઇ જા કે તેઓથી તારી દરખાસ્ત કરૂં. પેલી બેાલી ઠીક છે. તમેા સાહેબ મારી પાછળ ચાલી આવેા. હું તમને મારા વાલી સાથે ભેટ કરાઉં. પેલેા શોદાગર પેલીની પાછલ પાછલ ચાલ્યેા. પેલી છોકરી એક સાંકડી શેરીમાં થઇને ચાલી ગઇ અને શોદાગરને એક મેાટાં ઘેરના ઓટલાના બાંકપર બેશાડી પેાતે ધપધપ દાદરપર ચઢી ગઇ પેાતાના

પીતાને કેવા લાગી કે અરે બાવાજાન એક જવાન શોદાગર ચૌકમાંથી મારી સાથે આવ્યોછે અને તમારી ભેટ લેવા માંગેછે અને મને પોતાની ઘર ધણીયાંની તરીકે લગનમાં લેવા માંગેછે. બાવાજાને હુકમ કીધો તે શોદાગરને મારી પાસે લાવ. પેલી છોકરી જેમ ધપધપ કરતી ઉપર ચઢી ગઇ હતી તેજ પરમાણે પરણવાની ખુશાલીમો કુદકા મારતી નીચે ઉતરી આવી અને પેલા શોદાગરને મોલપર બાવાજાનની પાસે લઇ ગઇ.

બાપે પેલા શોદાગરનો હાથ હાથમાં પકડી પોતાની પાસે ગાદીપર બેશાડયો. પેલો શોદાગર આ ઘરની રોનક તથા તેમાંનો અશબાબ જોઇ મોટી અચરતીમાં પડયો. પેલા બુઝરગ પીરમરદે છોકરીના કાણમાં કાંઇ હલુશે કહ્યું કે તે પછી થોરાવારમાં પેલી છોકરી અમીરઝાદીના જેવાં લુગડાં અને પાદશાહઝાદીનાં જેવાં ઘરેણા ગાઠાં પેહરીને બાહેર આવી પોતાના બુઝરગ બાપને એક અનમ અદાથી શલામ કીધી.

બાપે હુકમ કીધો કે આ શોદાગર પરોનાની મદારત કર. જારે પેલી છોકરી શોદાગરની પાસે આવી બેઠી અને એક અનમ અદાથી વાત કરવા લાગી.

આ વાતને મથાળે લખેલું છે કે એક નુર મુખરા— શી નુર કપરા—ઔર હઝાર નુર નખરા તેજ પરમાણે આ છોકરીના રૂપમાં હઝારદરજે તફાવત પડી ગયો. જ્યારે બાઝારમાં જોઇ ત્યારે તો ચીથરેહાલ હતી અને હાલતો અમીરઝાદીનાં જેવાં ઉમદાં કપડાં અને પાદશાહઝાદીનાં જેવાં બેમુલાં અલુશન પેરી આવી તે જોઇ સોદાગરની અકલ અને હોશ ઠેકાણે રહ્યાં નહી. પેલો સોદાગર ઘણો અચરતીમાં પડયો કે હવે શું કરૂં. આ તો કોઇ બુઝરગ અમીર છે તેની આગળ મારી

ભાભરલુજાની પુજી શી બીશાદમાં કે હું એની દીકરીની માંગણી કરૂં પણ જેમ તેમ કરી હીમ્મત પકડીને હોસાજીને કેહેછે કે સાહેબ મારી અચરતીનો તો પાર રહ્યો નથી. જ્યારે મેં આ છોકરીને બાઝારમાં જોઇ ત્યારે તો એ અરધી નાગી હતી અને હાલ જોઉછું તો કોઇ અમીરની દીકરી જેવી લાગેછે.

ત્યારે પેલા પીરમરદે ખોલાસો કીધો કે અમે જવાન હુંતો એક ભીખારી ફકીર છું અને ઢોંગધતુરા અને ફનફરેબથી પૈસા પેદા કરૂંછું. મારી વાત સાંભળ. અગર મારી છોકરી હાલના જેવાં લુગડાં અને આંવાં ઘરેણાં ગાંઠા પેરીને બાઝારમાં ભીખ માંગવા આવી હોતતો તમો તથા તમારા સાથીઓ એક દીરમબી આપનાર હતા ? આ છોકરી આવીજ હીકમતથી પૈસા પેદા કરી લાવેછે તેજ પરમાણે હું અને મારી ધણીયાંની પૈસા પેદા કરી લાવીયે છીયે. આ કેહવત તમોએ સાંભળી હશે કે ઘી ખાના શક્કરશે ઔર દુન્યા ખાના મક્કરશે તેમજ તેંતો જોઇ લીધું કે મારી છોકરી કેવી હીકમતથી ખોબો ભરી રૂપીયો લઇ આવી. સાંભળો, અમો કોઇનાં ઘેરમાં ખાતર પાડતાં નથી કે નથી કોઇને જબરીથી લુટી લેતાં. હવે તું ને મારી અને મારી બાએડીની હીકમત દેખાડુંછું. આવતી કાલે પાછલી રાતે બરીબામદાદે મસજીદમાં આવી અમારી પૈસા પેદા કરવાની હીકમત ધ્યાન રાખીને જોઇ લેજે.

એટલું કહી પોતાની બાયડીને બોલાવી કહ્યું કે પેલી લુગડાંની કોથલી લાવ. પેલા શોદાગરને બોલાવી કહ્યું કે અમો આ કોથલીમાં શીશી જનશ ભરીએ છીયે તે તું જો.

એટલું કહી આ કોથલીમાં ઘરેણાં ભરયાં તે શરવે પેલા જવાન શોદાગરે જોઇ લીધાં. (જ્યારે મુસલમીનના ઘેરમાં છોકરીનાં લગન હોએછે ત્યારે આ ઘરેણાં પેહરાવીને

કાઝીની સાંમએ બેશાડેછે.) તે શરવે પેલા શોદાગરના દેખતાં કોથલીમાં ભરયાં અને પેલો બુઝરગ પીરમરદ પેલી કોથલી પોતાની બગલમાં મારી પાછલી રાતની નીમાઝ ભણવા ચાલ્યો તે અગાઉ પેલા શોદાગરને શુતેલો જગાડી મશજીદમાં મોકલ્યો અને પોતે પછવાડે શીધારયા. પેલો જવાન શોદાગર અગાઉથી મશીદમાં ગયો અને બીજા નીમાઝીઓની સાથે સાથે નીમાઝ પઢયો. જ્યારે નીમાઝ પુરી થઇ ત્યારે પેલા પીરમરદ છોકરીના બાપે બંધે હાથ જોડી બાંગેબુલંદ મુનાજાત શરૂ કીધી અને તેમાં સધળા મોમીનોને ઘણી અસરકારક દોઆ માંગી. જ્યારે મુનાજાત પુરી થઇ ત્યારે પીરમરદ બોલ્યા કે સાંભળો સાંભળો અરે ઓ બોદાના બંદા સાંભળો !!

આ ગરીબ ભીખારી એક ટુકરગદા છે. લોકોને દરવાઝે દરવાઝે રોટીના ટુકરા માંગી લાવી માબાપ અને એક પુરી દીકરી મલીને ખાઇ પી સખી ગ્રહસથોને દોઆ દઇ શુઇ જાઇએ છિયે. આજ બામદાદે હું નીમાઝ ભણવા આવતો હતો તેવામાં કાંઇ ચીઝ મારા પગ તલે ભચડાઇ ઉપાડીને જોયું તો ખનખન વાગવા લાગું ત્યારે તો મારી નીશાં થાઇ કે આ થેલીમાં કાંઇ કીમતી જણશ છે વાસતે તમો સાહેબો પોતાની રૂબરૂ આ કોથલી ખાંલી કરી તપાશ કરો કે એમાં શીશી વસતુ છે તેની એક ટીપ લખી કાહાડી મશીદના ઇમામને હવાલે કરો કે જ્યારેબી એનો માલેક પેદા પડે ત્યારે ચોકશાઇ કરી તેને હવાલે કરે. જ્યારે કોથલી ખાલી કીધી ત્યારે ઓરતોના ઝેવર નીકલીઆં તે આંકતાં રૂ૧૦૦૦) નો માલ અટકલયો ત્યારે શરવે નીમાઝીઓએ પેલા પીરમરદની સારી દીયાંનતપર આફરીન કીધી અને રૂપીયો રૂપીયો આપી વીદાય કીધો.

પેલો પીરબરદ ખોબો ભરી રૂપીઆ લઇ ઘેર તરફ ચાલી ગીયો અને પેલા નીમાજીઓ પોતપોતાને ઘેર જવા મશીદ માહેથી બાહેર નીશરયા તો જોએછે શું કે એક ઓટલાપર મશીદના દરવાઝાની સામે એક ડોશી બેઠી બેઠી હાએ અફશોશને વીલાપ કરેચ અને મોડું માથું કુટેચ પેલા દીનદાર મુસલમાનોએ પાસે જાઇ પુછ્યું અરે ઓ ભલી બુઢયા તું શા સારૂં આટલો બધો વીલાપ કરેછે? ડોશીએ કરગરીને જવાબ દીધો કે શું ધુલ બોલું. હું તો જીવતી મરી ગઇછું. હવે આપઘાત વગર મારો છુટકો નથી. મારી દુખયારીની દુખ ભરેલી કાંહાંની સાંભળો. હું દલાલીનો ધંધો કરૂંછું. જ્યારે કોઇ મુશલમાનનાં ઘેરમાં છોકરીની શાદી હોએછે ત્યારે કનયાને લગન વખતે પેહરાવવા સારૂં સારાં લુગડાં અને ઘરેણું મારી મારફતે મંગાવેચ તે હું ઓલખાન પીછાંનના લોકો પાસેથી ઉછીના લાવી આપું છું. જ્યારે લગન વીતા પછી જે જે જણશ લાવ લાવી હોઉં તે ગણી મેજીને પાછાં આપું છું. તેજ રીતે એક ગ્રહસથની દીકરીનાં લગન હતાં તેથી મારી મારફતે સધળો સામાન મંગાવેઓ તે મેં લાવી આપ્યો. નીકાહ થયા પછી શરવે ઘરેણા ગાંઠાં પાછાં આપ્યાં તે સાથે મારી મેહનતના બે રૂપીઆ આપયા તે લઇ માલેકને ઘેર આપવા જતી હતી કે રસતામાં કોઠલી ભરેલી ને ભરેલી સારીની અંદરથી શરફ દઇને શરી પડી. ઘણી શોધ કીધી પણ મળી નહી. હવે પેલા ધણીને શું મોડું દેખારશ. હવે જો કહી શકે કોથલી રસ્તામાં પડી ગઇ તો તે મારી વાત કોણ માનવાનું છે.

પેલી મશજીદમાંથી નીકળેલા નીમાઝીઓએ ડોશાંને દલાશો આપી કહ્યું કે અરે ઓ નેક બખ્ત પીરઝન કુદાપો અને હાએ હોશારો મેળી દે.

પણ પેલા ઝર ઝવરની નીશાની બતાવ કારણકે એક કોથલી ઝરયાંન વગેરેની એક દીયાનતદાર તારા જેવા પીરમરદને હાથ લાગીછે તે જો તું તારીજ છે એવી ખાતરી આપેતો તારે હવાલે કીધામાં આવે. આ શરવે ઘરેના પોતાને ઘેરથીજ ડોશા લાવેલાં હતાં તેથી શરવે જનશ પરપર બોલી દીધી. તેથી પેલા મુશલમાનોની ખાતરી થઇ કે ડોશા ખરી વાત કેહછે. પેલી કોથલી હવાલે કીધી ત્યારે ડોશાં કરગરીને કેહવા લાગાં કે અરે ઓ બોદાના બંદાઓ મારા હાલપર દયા કરો અને થોડું થોડું આપો કે આજથી આ જોખમભરેલો ધંધો મુકી બેસું.

હું તો હવે ઝઇફ થઇ જીવી જીવીને કેટલા દાહાડા જીવવાનીછું. કાંઇ એટલી મદદ કરો કે બાકીના દાહાડા તમારી દોલતે કાપી કાહાડું ને જીવું ત્યાંસુધી તમો શખી શેઠ શાહુકારોના હકમાં દોઆ માંગતી રહું. પેલા મુસલમાનોએ પોતપોતાની ગુંજાશ પરમાણે રૂપીઆ હાથપર મુકયા તે લઇ ડોસાં હસતાં હસતાં ઘેર ગીયાં અને પેલું નાણું પોતાના ધણી આગળ મુકયું. તેવામાં પેલો જવાન શોદાગર ઘેરમાં આવી પુગો તેને પેલા ડોશા કાકા કેહેછે કેમ ભાઇ શોદાગર, હમારી કારેસતાની તમોએ જોઇ. કેવી હીકમતથી પશો પેદા કરીએચ. આતો એક નહાની જેવી નજીવી હીકમત છે. એ વતરોગે મને મોટા પાયાની હીકમત આવડેછે.

હવે તું મારી દીકરી સાથે શગાઇ કરવા માંગેછે? તારાથી હમારી માફક ભીખ માંગવાનો ધંધો થઇ શકશે તો મારી દીકરી તારે હવાલે કરું. મેંતો એક પક્કો ઠરાવ કરી રાખેલોછે કે જે શખસ હમારી માફક ભીખ માંગી ગુઝરાન કરી શકે તે શખસને છોકરી હવાલે કરું.

ہر ایک حرفہ میں سر بسر تباہی ہے
فقیر ہو کہ گدائی میں بادشاہی ہے

હરએક હીરફૅમે સર બસર તબાહી હૈ
ફકીરહોકે ગદાઇ મેં બાદશાહી હૈ,

સરવે ધંધામાં એકશાંન ખરાબી છે
ફકીરથા કે ભીખ માંગવી તે પાદશાહી છે.

પેલો શોદાગર અચરત પામી બોલ્યો મારી પાશે થોરી ઘણી દોલત અને વળી મોટા અને વચલે વાંધેના લોકો સાથે ઓલખાંન પીછાન તેવું છતાં ભીખ માંગવા નીકળું એ મારી ગૈરત કેમ કબુલ કરશે? પેલા પીરમરદે કહ્યું કે અરે હું કાંઇ તુંને દુકાને દુકાન હાથ ઓલવા નથી મોકળતો પણ તુંને એક હીકતમ શીખવું છું તે પ્રમાંણે કર.

થોરા દીવશ તું ધેરમાં મોડું માથું ઢાંકી શુઇ રેહ અને કોઇ દોશત આશના મલવા આવે ત્યારે દીલગીર થઇ ખાટલાપર પડી રેહજે, પણ જ્યારે કોઇ પ્યારો દોશત આવે ત્યારે તેને કેહવું કે હું મારા ભેદની વાત તમને કહું છું તે તમોએ કોઇને કેહવી નહી. પછી કેહવું કે હાલમાં મને વેપારમાં ઘણો મોટો ટોટો આવ્યોછે. વાહાણમાં ચડાવેલો માલ હજુર ઠેકાણે પોહોંતો નથી. લોકઉધરાંણી આવેચ તેને વાએદા કરૂંછું પણ એમ કેટલા દીવસ ચાલશે. આ વાત સાંભળી પેલા જાંની દોશતે બીજા રફીકો આગળ વાત કોધી અને શરવે કોઇએ પોતપોતામાં ઉધરાનું કરી એક મોટી રકમ લાવી આપી ત્યારેતો શોદાગર ખુશી ખુશી અને મધન મધન થઇ પેલું મોટી રકમનું નાણું લઇ જાઇને પેલી છોકરીના બાપને આપ્યું. ત્યારે પીરમરદ બોલ્યો કે હવે મારી દીકરીનાં લગન તારી સાથે કરી આપું છું પણ તે એક શરતે કે હવે પછે તું ભીખ માંગે નહી.

શોદાગરે જવાબ દીધો કે ગમેતો તારી દીકરી આપ કે નો આપ પણ હું તો એ ધંધો મુકવાનો નથી. વેપારમાં સો પચાસ રૂપીઆ મલેતો મોટાં નશીબ. પણ આતો વગર જોખમનો ધંધો શું કરવા મેલી દેઉં ? ત્યારે પેલા પીરમરદે ફરમાવ્યું કે હા હવે તું ને ભીખનો ચશકો લાગો. આટલું કહી મુલ્લાંને બોલાવી પોતાની દીકરી સાથે લગન કરી આપ્યાં.

---

## કામ શોંપવું જોઇ—કે પાછલથી હસી ન કરે કોઈ.

નીચે લખેલી બે બાબદ ખરેખર બનેલીછે એમાં કાંઈ શરાગાત નથી.

ઘણાં વરસની વાતપર એક લશકરી ઈંગ્રેજ અમલદાર એક ઘણા કાબેલ ફાઝેલ મુસલમાન મુનશી પાસે સબક લેતો હતો. એક દીને એવો બનાવ બનયો કે મુનશી સાહેબ સબક આપી ઘેર ગીયા પછી સાહેબને યાદ આવી તેથી બુટલેરને હુકમ કીધો કે મુનશી સાહેબને કહી આવ કે આવતી કાલે સબક આપવા આવો ત્યારે પેલી قال يذهب કાલે હીંદી (નામની કેતાબ) લેતા આવજો કે સાથે બેસી મુતાલા مطالعه કરીશું. હીયાં સાહેબે શું હુકમ કીધો હતો તે વાંચનારની જાણને સારૂ લખું છું.

منشے صاحب کو سلام بولو اور بولو کہ کل سبق دینے کو آتے وقت قال یذهب لیتے آنا کہ ہم دونوں ساتھ بیٹھ کے مطالعہ کرینگے

મુનશી સાહેબકો સલામ બોલો અૌર બોલો કે કલ સબક દેનેકો આવગે તો આતે વકત કાલે હીંદી (કીતાબનું નામ છે) લેતે આના કે હમ દોનો સાથ બૈઠ કર મુતાલા

કરેંગે. સાહેબને કેવાની મતલબ એ છે કે જ્યારે તમો આવતી કાલે સબક આપવા આવો ત્યારે પેલી કાલે હીંદી નામની ચોપડી લેતા આવજો કે આપણે બંધે જણા સાથે બેસી વાંચીશું. એતો થયું પણ પેલા અનઘડ અને બુબખ બુટલેરે શું કહ્યું તે સાંભલો.

منشي صاحب اپنے صاحب نے سلام دیا اور
فرمایا کہ کل جب تم سبق دینے کو اوگے تو کالي ہندي
لیکر آنا کہ ہم دونوں ساتھ بیٹھ کر مو کالا کرینگے

મુનશી સાહેબ અપને સાહેબને સલામ દીયા ઔર ફરમાયા કે કલ જબ તુમ સબક દેનેકું આવગે તો **કાલી હંડી લેકર આના કે હમ દોનો સાથ બૈઠ કર મુ કાલા કરેંગે.** પેલી કાલે હીંદીને બદલે કાળું મેશનું ભરેલું હાંલ્લું બનાવ્યું અને મુતાલેને બદલે મુ કાલા કરેંગે એવો ઉધો ઉચ્ચાર કીધો, વાસતે જ્યારે કાંઇ એલમ હુંનરની બાબત હોય ત્યારે ચીઠી લખી આપવી જોઇએ અથવા તો કોઇ સમજી માણસ પાસે સંદેશો મોકળવો કે તેથી આવો મોટો હાંશીજનક ગુચવાડો નહી પડે.

---

## શું દીનદારી કે શું દુનીયાદારી સરવે કામમાં મધ્યમપણું જોઇએ.

એક વખત એક લશકરી અમલદાર મુનશી પાસે સબક લેતો હતો. આ અમલદાર ઘણો ધરમચુસત હતો જેને ઇંગ્રેજીમાં Blue light કરી કેહેછે. આ આફીસર પોતાના ખ્રીસ્ટી ધરમપર ઘણોજ ફીદા થયલો હતો. એ શખ્સ પોતાના હોધાનું કામ પુરૂં કરી બાઇબલ લઇ બેસે, પોતે વાંચે અને બીજાઓ પાસે વંચાવે.

એક દીને સાહેબ મુનશી પાસે સબક લેતા હતા તેવામાં ખ્રીસ્ટી ધરમની ખુબીનું બયાન કરવા લાગા. તે

પછી મુનશીને પુછેચ કે તમારો કોઇ ભાઇ છે ? જવાબ દીધો કે એક ભાઇ ને એક બેહેન છે. પછી પુછયું કે તું ને કેટલાં છોકરાં છે ? જવાબ દીધો કે એક છોકરી છે. પછી પુછયું કે તારા ભાઇને ત્યાં કંઇ છોકરાં છે ? મુનશીએ જવાબ દીધો કે બે ત્રણ છોકરાં છે. પછી પેલા સાહેબે મુનશીને પુછયું કે **તારા બાપને કાંઇ છોકરાં છે ?** આ બેહુંદો સવાલ સાંભળી મુનશી તો ખરખર હસી પડયાં. તે જોઇ પેલા Mr. Blue light પણ સાથે સાથે હસવા લાગા. એક કલાક તે દીને હસવામાંજ ગીયેા. જ્યારે કલાક પુરેા થયેા ત્યારે મુનશી કીતાબ બગલમાં મારી ઘેર ચાલી ગીયા પણ પેલા સાહેબ તેા આખેા વખત પેાતાની મુરખાઇપર હસ્યાજ કીધા.

પાછળથી આ અમલદારની આગરી ખીશી ગઇ. પેાતાની ચાકરીપર ધ્યાન લાગું નહી તેથી સરકારી ખરચે વેલાત ખાતે રવાના કીધા. આ વાત લખવાની મતલબ એ છે કે કોઇ પણ બાબદમાં પેાતાનું ધ્યાન હદથી જીઆદા રોકવું નહી, જેનું પરીનામ આવી દયા ઉપજાવનારી રીતે આવેછે.

---

## ૨ મુજી દુચકા.

### દુચકો ૧ લેા.

**કબીરકા** ઘર ચૌકમેં ગલ કટે કે પાસ,
કરેગાશેા પાવેગા ભાઇ તું કિયું ઐસા ઉદાસ.

**કબીર** એક ઘણેાજ ધરમાતુ–દયાળુ અને હીંદુ શાસ્ત્રમાં પુરવીન શખ્સ હતેા. એનું ઘર ચેાક બજારમાં કશાઇનાં ઘરની પડેાશમાં હતું. જ્યારે કશાઇ જણાવરેાનાં ગલાં કાપે ત્યારે આ રેહેમદીલ હીંદુ **કબીર**ને ઘણેા કચવાટ

પેદા થતો હતો. એક દીને એક દોશત મળવા આવ્યો તેણે કબીરને ઉદાસ બેઠેલો જોઇ પુછ્યું કે આજ તમો એટલાબધા ગમગીન કેમ છો ? ત્યારે પેલા પોતાના કરૂર પડોશી કશાઇની વાત કહી તે ઉપરથી ઉપલો દોહેરો કબીરને પેલા દોસ્તે કહી સંભલાવ્યો.

## દુ ચકો ૨ જો.

એક ગામમાં એક ઘણોજ ધરમી શકરમી મુશલમાન રેહતો હતો તે ઘણો ઘરડો થઇ ગુજરી ગીયો અને તેવીજ એક કાબેલ શીયાની અને ધરમચુસત વીધવાને રડતી મુકી ચાલી ગયો અને એક ૧૨ વરસના દીકરાને પોતા પાછલ મુકી ગયો. પેલી ડોશીએ આ છોકરાને કેળવણી આપી લાએકીવાળું માણસ બનાવ્યું બુઢાપાના સબબથી ડોસાં ઘણા નાતવાન અને કમઝોર થઇ ગીયા, જેથી પેલા વફાદાર દીકરાએ પોતાની **માની** ઘણી સારી બરદાશત કીધી ત્યારે પેલી કદરદાન બુઢી માએજીએ પોતાના દીકરાને નીચલા આશીરવાદ દીધા.

" અરે ઓ મારા ભલા દીકરા તું સુખી રેહજે અને " તારા જેવોજ બેટો તારે પેટે અવતરજે કે જેમ તેં તારી માની " બરદાશત કીધી તે માફક તે બાપની બેદમત કરે. તું ઘરડો " ડાસો થજે **અને હાથમાં લાકડી લઈ ચાલજે.**"

એટલી દોઆ દઇ તેવણતો સવરગવાશી થયાં. હવે પેલો ભલો છોકરો ઘણો ઘરડો થયો ત્યારે રશતામાં લપેરા ખાવા લાગો. ત્યારે એક દોશતે લાકડી લાવી આપી તે ઉપરથી માએજીની દોઆ યાદ આવી તેથી નીચલો દોહેરો બોલી ઉઠયો.

આવ શોહાગન લકરી પરયો તોરો કાજ,
જો દીન મૈયાં બોલતીયી શો દીન આયો આજ.

## ટુચકો ૩ જો.

એક મુંબઇના પારસીનો એક ઘણોજ મેહેરબાન મિત્ર પુણામાં રેહેતો હતો જ્યારે વરસાદની હદવચમાં પુણાની હવા ખુશનુમા બને ત્યારે પેલો પુણાનો કદરદાન દોશત પેલા મુંબઇવાળા પારસી દોશતને પોતાને ત્યાં મેહમાન તરીકે બોલાવે. તે જ્યારે પેલા પુણેવાળા દોશતની મેહમાનદારી ભોગવી પાછા મુંબઇ આવ્યો ત્યારે મુંબઇનો એક દોશત રસ્તામાં મળ્યો તે કેવા લાગેા કે અરે બુઢે મીયાં ઘણે દાહાડે નઝર પડયા. આટલા દીવશ કયાં હતા. મને તો ધાશતી લાગી કે રખેને તમારા જીવને અશુખ થયું હોએ. પેલો મુંબઇવાળા જઇફ પારસીએ ઉતર વાળ્યો નહી. રે ભાઇ હું તો સારી તંદરોશતી ભોગવું છું. મને તો મારા એક ભલા દોશતે પુણે બોલાવ્યો હતો ત્યાં જઇ આવ્યો. પેલા રશતામાં મળેલા મુંબઇવાળા દોસતે કહ્યું જાવ મારા સાહેબ થેાડા દીવસમાં પાછા શું કરવા આવ્યા જરા વધારે રેહેતે તો તમારી તનદરોશતી છે તેમાં વધારો થતે. આ વાત સાંભળી પેલા મુંબઇવાલા દોશતે નીચલો ટુચકો કહી સંભળાવેએો.

એક દીન રેહવે તો મેહમાન
દો દીન રેહવે તોભી મેહમાન.
તીન દીન રહવે તો સચ્ચા મેહમાન
પરતીન દીનશે ઝીયાદા રેહેતો પક્કા હેવાંન.

## ટુચકો ૪ થેા.

Tell me your friends and I will tell who you are.

જેવા દોસ્ત તેવા તેના મીત્ર વાસ્તે દોશતી કરો તો કોઇ ખરા દોસ્તની દોસ્તી કરજો.

## ટુચકો ૫ મેા.

ઉત્તમસે ઉત્તમ મીલે—મીલે નીચસે નીચ,
પાણીસે પાણી મીલે—મીલે કીચસે કીચ.

જે શખસ ઘણું સારૂં માણસ હોએ અને પોતાનો મોભો જાળવી જાણતો હોએ તે સખશ પોતાના જેવાં સારાં માણસ સાથે દોસતીનો વેહવાર રાખે.

પણ જે શખસ નીચ અને હલકા ખવાશનું માણસ હોએ તેતો પોતાના જેવાં હલકાં માણસ સાથે વેહવાર અને દોસતી રાખે.

## દુ ચ કો ૬ ઠો.

એક પારસી એક ગામડાંમાં દારૂનું પીઠું માંડી પોતાનું ગુજરાંન કરતો હતો. ખોદાના હુકમથી આ પારસીની કજા થઇ ત્યારે બઇરી ધણીનું પીઠું ચલાવા લાગી. કમબખતીને લીધે થોરી મુદતમાં ધણીયાંણી એક ૧૬ વરસની ચબરાક છોકરી અને બે નાહના નાહના છોકરા મુકીને મરી ગઇ. પેલાં ત્રણે છોકરાં નીરાધાર થઇ પડયાં પણ બીજે ત્રીજે મોહોલ્લે માસી રેહતી હતી તેને ગામના લોકોએ શરમાવીને કહ્યું જે તારી બેનના ત્રણ છોકરાં એકલાં ઘરમાં ઝુરી મરેય વાસ્તે તું તેમને તારાં ઘરમાં લાવી તેમની બરદાશત કર. પેલી માશીએ પોતાની બેહેનનું ઘર ઝારીઝુરી સરવે હાંલ્લું ડોબરૂં ઉંચકી પેલા નાવારેશ છોકરાંને લઇ પોતાનાં ઘેરમાં રાખ્યાં. જ્યારે કમબખતી આવેય ત્યારે ચારો તરફથી આવી પડેય તેમ થોરી મુદત ગઇ ન હતી કે ગાંમમાં ભીલ લોકો લુટ કરવા આવ્યા. ગાંમમાં નહાસા નાસ અને ભાગાભાગ થઇ. માશીતો પોતાનું અને મરનાર બેનનું દઇવત હતું તે અને પોતાના છોકરાં સાથે લઇ બેનના છોકરાંને પડતા મેળી નાહાસી બીજે ગામ જતી રહી ત્યારે પેલી મરનાર બેનની ૧૬ વરસની ચબરાક છોકરીએ નીચલો દોહેરો કહી દીધો.

મરો માએ અને જીવો માસી
માશીના પોખ્યાં નહી શકયાં નાશી.

## દુ ચ કો ૭ મો.

શાસતરના છે જજવા મતા,
જે જોશે તે ખાશે ખતા.
અખા* એ છે અલખામનો કુવો,
શાસતર ઝધડો ચુકવી કોઇ ના મુવો.

## દુ ચ કો ૮ મો.

પેહલું દુઃખ જો બારણે તાર,†
બીજું દુઃખ જો પડોસી ચાર.‡
ત્રીજું દુઃખ જો પીઠે ચાંદુ,
ચોથું દુઃખ જો બઈરું માંદુ.

---

## ઈંગ્રેજી દુચકા.

A beggar's son walks like a peer.
ભીખારીનો છોકરો અમીરના જેવી લટક ચાલ ચાલેચ.
છોકરો દલનારીનો ને નામ ત્યારે દારાશા.

A bird in the hand is better than two in the bush.
હાથમાનું એક પક્ષી ઝાડી માહેલાં બે કરતાં ભલું.

A bitter jest is the poison of friendship.
કડવી મશકેરી તે દોસ્તી તોડવાનો ઉપાય.

A black hen lays a white egg.
મરધીતો કારમાશી પણ તેનાં ઇડાં સફેદ બરફ જેવાં.
સીવીભાઇની શીખણ બાયડીએ ગોરા ગોરા છોકરા જણ્યો.
(કુદરત બોદાની.)

A blanket is a shawl to a beggar.
ભીખારીની કામલી તેતો તેને મનથી કેશમીરી શાલ.

A blind man needs no lamp.
આંધલા માણસને દીવાની ગરજ હોય નહી.

---

* એક શાશતરીનું નાચછે. † તારનું ઝાડ. ‡ ચુગલી ખાનારા.

A blockhead takes the whole night for what a clever fellow will do in an hour.
એક કામ કરવા સારૂં અપટ માણસને આખી રાત લાગે તેજ કામ હુશીઆર માણસ એકજ કલાકમાં પુરૂં કરી આપે.

A boaster and a liar are cousins-german.
એક પતરાજીઆર ફુલનજી અને એક લબાડ માસી માસીના સગા થાયછે. (મસીયાઈ ભાઇ.)

A buffalo does not feel the weight of his own horns.
ભેંસનાં સીંગડાં કાંઇ ભેંસને ભારી પડતાં નથી.

A broken friendship may be soldered but it can never be sound.
તુટેલી દોસ્તી સાંધી શકાય પણ માહે ગાંઠ રહી જાય.

A busy tongue makes the mind repent at leisure.
ઘણું લવલવારૂં અંતે પસતાવો કરાવેછે.

A camel came into a mad village, the people thought it was God.
ઘેલાઓનાં ગામડામાં ઉંટ આવ્યું ત્યારે લોક સમજ્યાં કે પરમેશ્વર આવ્યા.

A candle lights others, and consumes itself.
બતી લોકોને અજવાલું આપેચ, અને પોતે બલી મરેચ.

A charitable man is the true lover of God.
સખી માણસ પરમેશ્વરનો ખરો હેતવંતો છે.

A cheerful countenance is the index of a good heart.
હસમુખ દેખાડેચ કે આ માણસનું હઇડું સારૂં છે.

A chip of the old block.
શેરના બચ્ચાં શેર; જૈસા ઝાડ વૈસા ટેટા, જૈસા બાપ વૈસા બેટા.

A civil denial is better than a rude grant.
સખીસે સુમ ભલા જો તુરત દે જવાબ.

A clear conscience fears no accusation.

آنرا كه حساب پاك است از محاسبه چه باك است

જેનો હીસાબ ચોખ્ખો તેને હીસાબ આપવામાં બીક શાની.

A close mouth shows a wise head.

મોંહડું બંધ હશે તો અકલમંદ ગણાશે.

A closed fist is equal to a plum.

બાંધી મુઠી લાખ બરાબર.

A coming misfortune must be borne with patience, when it is gone, you are liberated.

માણસને જ્યારે સંકટ અને કંમબખ્તી આવી પડેચ, ત્યારે ધૈર્ય માણ છે કે તે ધીરજથી ખમે, કારણ કે પરમેશ્વર માણસને સદા દુખી નથી રાખતો.

A contented mind is a continued feast.

જેનું મન સબુરીથી ભરપુર છે, તેને મનથી સદા ઉજાણી છે.

A contented mind is an inestimable treasrue.

જેનું હૈયું સબુરીથી ભરપુર છે, તેને જાણવું કે મારી પાસ બેશુમાર બ્રજનો છે.

If you indulge the familiarity of a dog, he will jump on your head.

જો તમે કુતરાંને ઘણો મોંહ લગાડશો તો તે તમારે માથે ચઢી બેસવાનો.

તેજ પરમાણે જો તમે એક હલકાં માણસને મોંડે લગાડશો અને હમમસખરીનો વેહવાર રાખશો તો તે ભરમીજલસમાં તમારી આબરૂ લેશે.

If you forget God when you are young, God will forget you when you are old.

જો તમે જુવાનીમાં પરમેશ્વરની ભકતી કરવામાં ગફલતી કરશો, તો બુઢાપામાં પરમેશ્વર તમને વીસરી જશે; જવાની નીંદભર સોયા, બુઢાપે બૈઠકર રોયા.

If you give an inch, he will take an ell.
જો તમે આંગલું આપશો તો તે તમારા પહોંચાને વલગશે.

If you have done a good deed, boast not of it.
જો તમે કાંઈ સારૂં કામ કીધું હોય તો ફુલી જઈ અહેકાર ના કરશો.

If you have God for your protector, what affliction have you.
જો તમો ખોદાતાલાના આશરા હેઠલ છો, તો તમને આપદાની બીક શાની જોઇએ.

If you keep your tongue a prisoner, your body may go free.
જો જીભને કાબુમાં રાખશો તો જ્યાં જશો ત્યાં માન પામશો.

If you marry in haste, you will repent at leisure.
જો તમો પરણવામાં ઉતાવળ કરશો તો અંત : કાલે પસતાશો.

If you run after two hares you will catch neither.
જો તમે બે સસલાં પકડવાને દોડશો, તો એકપ્પી હાથ લાગશે નહી.
અરે એ મારા ભાઇ, મોટી જગા મલવાની આશામાં નાહની જગા છોડશો મા, નહીતર પેલી નાહની હાથથી જતી રેહશે, અને મોટી મલશે નહી.

If you trust before you try you may repent before you die.
જો તમે એક માણસને અજમાવી જોવો નહી, ત્યાંસુધી તેના ઉપર ભરશો મુકવો નહી. નહીતર તમો જીવતાં જીવત પસતાવો પામશો.

If you praise me, praise me only in the right place.
જો તમો મારી વખાણ કરો, તો ઘટતી જગાપર કરજો, મોટી સહરાગટ કરશો ના.

If you play with a fool at home, he will play with you in the market.

જો તમે એક મુરખ માણસ સાથે હસમસખરીનો વેહેવાર ઘરમાં રાખશો તો તે કોઈ મીજલસ યા મેલાવડામાં તમને અપમાન કરશે.

If you save a rogue from the gallows, he will rob you that same night.

જો તમો કોઈ ચંડાલ માણસને ફાંશી જતો બચાવશો તો પહેલીજ રાત્રે તે તમારા ઘરમાં ખાતર પાડશે.

نيكوي با بدان كردن چنان است — كه بد كردن بجاي نيك مردان

ભુડાં માણસ સાથે ભલાઈ કરવી, એ ગોયા ભલાં માણસ સાથે બુરાઈ કીધા બરાબર છે.

If you will do it, you are a brother; if not, an enemy.

જો તમો ભાઇચારો રાખીને કામ કરી આપો તો ભાઈ ગણાશો, નહીતર શત્રુ.

If you wish good advice, consult the old and experienced.

જો તમને સારી સલાહ જોઇતી હોય, તો ઉમરે પુગેલા અને અનુભવી માણસોના વીચાર લઈ કામ લેજો.

આજે ઘરડાઓનો કોઇ ભાવ પુછતું નથી. આજે તો મમાઇ મરે મેટ્રીકીયુલેટ થયો કે દુનીયાદારીના દરએક કામમાં પાવરધો ગણાય તેમજ પછી તે કામનું પરીણામ પણ તેવું જ આવેચ.

A Deceitful friend is worse than a deadly serpent.

એક દગલબાજ અને કપટી દોસ્ત કરતાં ઝેરી સાંપ ભલો.

A dog cannot digest boilded Milk.

કુતરાને ઉકાળેલું દુધ પચ્યું નહી.

એક નીચ માણસના હાથમાં દોલત આવી તે કુદકરા મારી મારી થોડા દીવસમાં ઉડાવી નાખી.

બીલાડીએ શુંઠ ખાધી તે છીંકી છીંકીને મરણ પામી.

A drowning man will catch at a straw.
ડુબતું માણસ ફીનને વલગે.

A fair beautiful and chaste woman is the perfect workmanship of God.
ગોરી, ખુબસુરત, અને પતીવરતા બાએડી જે છે તે પરમેશ્વરની ઓડખાપણ વગરની સંપુર્ણ કારીગરી છે.

A fair woman, without virtue is like palled wine.
એક ખુબસુરત ઔરત જેમાં પતીવરતાઇ ન હોય તે પેલા ઉતરી ગીએલા ફીક્કા પોરટવાઇન જેવી છે.

A fault once denied, is twice committed.
એક અપરાધ કરીને મુનકેરવવું તે તો ધારાની નજરમાં બેવડો અપરાધ ગણાય.

A flatterer is a most dangerous enemy.
એક ખુશામતયો દોસ્ત તે તો મોટો નુકશાનભરેલો શત્રુ છે.

A fool can make money, it requires a wise man to spend it.
એક મુર્ખ પૈસા તો ભેગા કરી શકે પણ તે વાપરવાની સમજ આપવા સારૂં એક ડાહાપણવાળા માણસની જરૂર છે.

## લશકરનો ઝુંડો અને ઝનાનખાણાનો પરદો—જનાનખાનાનો (ચીક).

### સરકસી અને મગરૂરીના ધીક્કાર વીશે.

બગદાદ શેહેરમાં એક ઝઘડો આવી પડો—
ઝુંડા અને પરદા વચ્ચે મહાભારત જબડો.
ઝુંડાએ મુસાફરીનું સંકટ ને દુઃખ—
કહુ પરદાને ચહડાવી રીસ ભરેલું મુખ.
કે એકજ ધણીના છઇએ શેવક આપણ બંધે—
દાશ છઇએ રાજના તેમાં નથી કશો સંધે.
મેહનત કરવાથી મુજને કોઈ દમ નથી પરવાર—
સફરમાં રઝડું છું જહાં છે નીત મારામાર (લડાઇ).
ડારી રેહેછે તું ચંદર મુખી માશુકો પાશ—
તું શોડે છે કઈ સુંદર દાશીને દાશ.
હું જઇ હલકા અને પાજી શેવકોને હાથ પડો—
તો જંગલમાં હેરાંન છેઉ ખડોખડો (ઉભો ઉભો).
પરદાએ આ વાત સાંભળી ઝુંડાની જ્યારે—
ચાતુરની પેરે ઝુંડાને એવું કહું ખરી સવારે.
કે મુઝ મસતક છે સદા ઉંચીપર નમવું—
કાંઇ તુઝ પેરે નહી આશમાનશે ચહડવું.
જે (શખ્શ) બેહુંદીથી પોતાનું મસતક ઉંચુ ધરે—
તે (શખ્શ) અંત કાલે પોતાનાં મસતકમાં ધુળ ભરે.

---

## આધા પીધામાં પરહેઝી રાખવા વીશે.

الچ بُري بلا هي سب خاص و عام مين
الچ سے مرغِ زيرک پهنستا هي دام مين

સરવે ખાસ અને આમને રોશન છે કે લાલચ બુરી બલા છે—
લાલચથી એક તીવ્ર બુધીનું પક્ષી જાળમાં ફસી પડેછે.

خوردن براے زیستن و ذکر کردن است
صاحبدلان نه کنج عبادت براے نان

રોટી છે તે ખાઇને જીવવું અને જીવીને બંદગી કરવી,
જે લોક પુનામાં ભરાઇને બંદગી અદા કરેછે તે રોટીને વાસ્તે નથી કરતા.

خوردن براے زیستن است نه زیستن براے خوردن

We eat to live, but we do not live to eat.

ખાવુ તે જીવવાને વાસ્તે છે—પણ જીવવું તે ખાધાને વાસ્તે નથી.

ઘણા દીવસની વાતપર અમો એક મીત્રનાં નોતરાંથી એક કલબમાં જમવા ગયા હતા, ત્યાં ઘણાએક ડાહાપણવાળા સાહેબો હાજર હતા. તે વખે ઉપલી ખાધાપીધાની પરહેજની વાત નીકળી ત્યારે અમોએ ઉપલો ટુચકો કહી સંભળાવ્યો. આપણે ખાઇયે છીયે તે જીવવાને વાસ્તે છે, નહી કે જીવીયે છીયે તે ખાધાને વાસ્તે.

આ અમારો ટુચકો મજલીશના સર્વે સાહેબોએ પસંદ કીધો. પણ એક સાહેબ જે બીજા સર્વે કરતાં વધારે ડાહાપણવાળા!!! હતા તેવણને આ વાત પસંદ પડી નહી અને કેહેવા લાગા જે આ દુન્યામાં ખાધું પીધું તે આપણા બાપનું, મરવાનું તો એક દાહાડો લખી આપેલોછે અને પોતાના વીચારના ટેકામાં નીચલો ટુચકો કહી સંભળાવ્યો.

پي جا پي پيٹ بهر کر پي جب جائيگا جي
تو کوئي نهيں کهيگا که پي

પી એ પી, પેટ ભર કર પી, જબ જાએગા જી, તો કોઇ નહી કહેગા કે પી.

આ ટુચકો સાંભળી મોજલસના સર્વે સાહેબો આ શખ્સની દાનાઇ!!! પર ખરખર હસી પડયા.

## બુઢાપામાં માણસને ઝનુન ચઢેછે તે વીશે.

બગદાદ શેહેરમાં હૈદરઅલીખાન નામે એક મોટો માતબર વેપારી રેહેતો હતો. એ શખ્સ ઘણી આશાએશ અને દોલતને લીધે ખુશીમાં ઝીંદગી ગુઝારતો હતો. જ્યારે તેની પોનોશો ૭૫) વર્ષની ઉમર થાઇ અને બુઢાપાના સબબથી તમામ બદનમાં નાતવાની અને નબળાઇ જણાવા લાગી, ત્યારે હૈદરઅલીખાનના દોસ્તો માહેલો એક રફીક ભલામણ કરવા લાગેા કે આ શેહેરમાં ફીરોઝ નામે એક ઘણેાજ કાબેલ અને દાનાવ હકીમ રેહેછે જે હકીમીના કસબમાં અને વાહાડકાપના હોનરમાં એકકો, કાબેલ અને પક્કો હકીમ મશહુર થયલેાછે. એવી ઉમેદ છે કે એ હકીમ તમારૂં દરદ શોધી કાહાડી તેનો એલાજ કરશે. ત્યારે હૈદરઅલીખાને પેલા હકીમ સાહેબને તેડું મેાકલ્યું. જ્યારે હકીમ સાહેબ આવ્યા ત્યારે ઘણાં માનપાન સાથે પોતાની સામે બેસાડયા અને પોતાની બીમારીનો હેવાલ દરશાવવા લાગા.

હૈદરઅલી સાહેબ બેાલ્યા કે, હકીમજી સાહેબ મારા હાથ, પગમાં ઘણી નબળાઇ પેવશ થઇ ગઇછે, રસતામાં ચાલતાં લપેરા આવેછે લાકડી તેા હાથમાં છે પણ તેથી કાંઇ આશરેા મલતેા નથી. આ સખુન સાંભળતાંવાર હકીમ સાહેબ બેાલ્યા કે اين به سبب پيري است ઇન બ સબબે પીરીસત એટલે જે બુઢાપાના સબબથી તમને નબળાઇ આવીછે. ફરી હૈદરઅલી સાહેબ બેાલ્યા કે જે બેારાક ખાઉંછું તે પચતેા નથી. હકીમ સાહેબે જવાબ દીધેા કે એ પણ **પીરી**ને લીધેછે. ત્યારે ફરીથી હૈદરઅલી સાહેબ બેાલ્યા કે સરકમ અને ખાંશી ઘણું દુઃખ આપેછે, અને તેથી ઘણેા હેરાંન પરેશાન થાઉંછું. હકીમ સાહેબે જવાબ

દીધો કે એબી **પીરી**. આ જવાબ સાંભળતાંવાર હૈદરઅલી-ખાન ઘણા ચીરડાઇ ગયા અને ગેાસ્સાની તાંનમાં આવી એક એવેાતેા ઝોરમાં તમાચેા લગાર્યો કે બીચારા હકીમ સાહેબનેા ગાલ બાવરના ગાંડના અંગાર જેવેા લાલ બની ગયેા, પણ હકીમ સાહેબ ઘણા ડાહ્યા અને પઢેલ હતા તેથી આ અપમાન સાથનેા તમાચેા ખમી ગયા અને જવાબ દીધેા કે ઈંન હમ **પીરી** એટલે એબી બુઢાપાને લીધેછે. આ તેા ખરી વાત છે કે માણુસેાને બુઢાપેા આવેછે ત્યારે ચીઢ ઘણી ચઢેછે તેમજ હૈદરઅલીખાને હકીમ સાહેબનેા ગાળ લાલ ચનેાટી જેવેા બનાવી દીધેા. આટલું કહી હકીમ સાહેબે ત્યાંથી શેતાન ડાબેા કીધેા અને પેાતાને ઘેર ચાલી ગયા.

# પાછળ આપેલાં ફારસી તથા ઉરદુ લખાણોના ગુજરાતી તરજુમો.

## શખાવતના ફાએદા વીશે.

ઓ ભાઇ સખી રેહ અને સખાવત કરતો રેહ કે જેથી તું દરએક અડચણ અને દુઃખમાંથી મોકલો રેહશે. અરે ભાઇ સદા કાળ સખી થઇ રેહે કારણ કે, જે દોનખી હોયછે તે કદી પણ સખાવત કરતો નથી. સખી માણુસના ચેહરાપર નુર અને સફાઇ રેહેછે, કારણકે બેહસતમાં તે પૈગમબરનો જોડીયો તથા સાથી થઇ રેહેછે. ખોદાતાલાએ બેહશતના દરવાઝાપર લખયું છે કે આ બેહેશત સખી લોકોની જગા છે. કોઇ પણ કંજુસ બેહેશતનું મોહો જોઇ શકતો નથી એટલું જ નહી પણ તેને બેહેશતની સુગંધી પણ મળતી નથી. જને લોકો દોઝખ કરી કેહેછે તે જુઠા અને કંજુસ લોકોની જગા છે. ઓ દીકરા! સખી જીવ રાખ અને કંજુશાઇ તથા મગરૂરીથી દુર રેહ, સખી થઇ રેહ અને નમનતાઇ પકડ કે જેથી તારો ચેહરો અને તારૂં દીલ પુણમના ચાંદ જેવું ઝલકતું રેહેશે.

## સલામતીની બાબદમાં.

અરે ઓ પ્યારા ભાઇ જો તું સલામતી ચાહતો હોયતો તે ચાર ચીઝમાં પામી શકશે. જો તારાં ખાનદાનમાં આરામ અને નમ્રીતાઇ હશે અને તે પછી તંદરોસતી અને બેફીકરી હશે. જ્યારે તુંને આરામ સાથે સલામતી હાંશેલ થાય ત્યારે તુને નીયામતોથી આકેબતની

નીશાની મળશે. જ્યારે તારૂં દીલ સરવે વાતે બેપરવા થાઇ તું તંદરોસ્તી ભોગવે ત્યારે તું ને આ દુન્યામાં બીજી ચીઝ શોધવી પડે નહી. જાંહાંસુધી બની શકે ત્યાંસુધી તારા હવશને દાબેલેા રાખ, ત્યારે એા દીકરા તું હવશના ફાંદામાં ફશી પડશે નહી. આ હવસના બેાજાને તારા પગ તળે દાબેલેા રાખ કે જેથી તું આ હવશના ફાંદામાં ગીરફતાર ન થાય. આ હવશ અને શેતાન તું ને આડે રસ્તે લઇ જશે કે જેથી તું ને અંધારા કુવામાં પડવું પડશે. આ હવશને સદા તારેા શત્રું સમજ અને એ હવશને હમેશ ધીકારતેા રેહજે અને એ હવશને મુરદાર જનાવર માફક દુરનેા દુર રાખજે. જે કેાઇ આ લુંડા હવશને પાલી રાખશે તેા તે તેને પાપનાં કામ કરવામાં ઉત્તેજન આપશે. તારાં ગલાંને દુન્યાની લેઝતથી અલગ રાખ કે જેથી તું કેાઇ આફતમાં ન પડે અને પાપનાં કામથી બચી જશે. અન્ન અને પાણીથી તારૂં પેટ ભરીશ નહી અને હેવાનની માફક ખાધરેા થાઇશ નહી. જો કે તું રેાઝા રાખનાર નથી તેાપણ દરરેાજ થેાડું ખા અને ગલાં સુધી પેટ ભરીશ નહી કાંકે તું કાંઇ ચેાપગું જનવર નથી. જે શખ્સ આખી રાત દીવસ ચડે ત્યાંસુધી ઉંઘાય ત્યારે તેને ઘટેછ કે પેાતાની કબરનેા દીવેા સળગાવી રાખે. જે કેાઇ ખાધરા માફક ખાય અને ઉંઘરેટા માફક ઉંઘાઇ રેહે તે તેા હેવાનનું કામ છે. ઉંઘમાં પડેલા માણુસને નીયામતનેા ફાયદેા મળતેા નથી.

## આ દુન્યાંની બેવફાઇ અને વિપરીત બાબે.

અરે એા જવાન તારૂં દીલ આ બે દરવાઝાની દુન્યાંમાં બાંધીશ નહી. એમ સમજ કે આ ઝહાનનાં ઘરને બે દરવાઝા છે. એ ઝહાનમાં કેાઇથી હમેશાં રહી શકાશે

નહીં, જ્યારે તું આગળા દરવાઝાથી અંદર જશે તો તુંને પાછળે દરવાજેથી બાહેર આવવું પડશે. શું આ દુન્યાંયે કોઇની સાથે આશનાઇ નથી કીધી ? અને શું આખરે તે માણુસ સાથે બેવફાઇ નથી કીધી ? એક પરહેઝગાર માણુસે આ દુન્યાંને સ્વપ્નામાં જોઇ, જેમકે એક ખુબસુરત ઓરત જેણીએ પોતાના સફેદ બાળ કલબ લગાડીને કાલા કીધાછે. માથું અને મોહોડું ઝેવરથી સણુગારેલું છે અને કીનખાબનાં કપડાંથી બદન સનગારેલું છે. પેલા પરહેજગાર મરદે પુછયું કે અરે ઓ બુઢી બળા તેં શા સારૂ આ દુન્યાનાં લોકોનાં મન હરણ કીધાંછે. માથું અને મોંહ ઝવેરથી સણુગારેલું છે, અને કીનખાબનાં કપડાંથી બદન સણુગારેલું છે. તું પોતેતો નાપાક મોહોડાંની એક બુઢીયા છે આ દુન્યાના લોક તારૂં મોહો પાક સમજીને ફસી પડયાછે. જાદુઇથી તેં એવું શું કીધું છે. તે લોકોની ઉપર એવું શું નાપાક મંતર ચલાવ્યું છે કે તેથી લોકોને વસ કરી નાખ્યાછે. તું મારી આગળ પોતાનો એહેવાલ ખોલીને કેહ કે નેકીના રસ્તાપર ચાલનારાઓને વાકેફ કરૂં. તારો એહેવાલ અને તારી કેરદાર કેવી છે કે જેથી આ તારાં લુંડાં કરતુકનું બાઝાર તેઝ થયું છે. પેલી મક્કરબાઝ ડોસીએ જવાબ દીધો કે હું તો ફન ફરેબ ભરેલી જાદુગરની છું. મેં પોતાને તરેહકીસમના ધરેણાગાંઠા (એટલે જે ફરેબ) થી સણુગાર આપેલાછે. છુપી રીતે એવોતો ઝલકાટ દેખાડું છું કે તેથી આ ઝહાનની ખલકનાં દીલ અને દીન જીતી લેઉં છું. જ્યારે લોક આ પ્રમાણે મારો સોભાયમાન રંગ જોયછે અને મારાં અંગની ખુશબો સુંઘેછે ત્યારે મારા તરફ આવી મને પોતાનાં મોહો દેખાડેછે. એ ઝહાનના લોકોની તરફ હીલા હરકત કરીને અંતે મોટી બલામાં ગીરફતાર કરૂં છું. જ્યારે મને નઝર આવે કે હવે

લોકો મારા ફાંદામાં ફસી ચુકાછે ત્યારે બલાની જાલમાં વીંટાળી નાખું છું. પેહેલે તો ફુસલાવી પટાવીને આશ-માનપર ચાંદની સાથે મેળવું છું અને પછી ઝહનમની ગરમ રાખપર બેસાડું છુ. ફરીથી પેલા નેક ખસલતના પરહેઝગારે પુછ્યું. ત્યારે તું મને કેહે કે દુન્યાના લોક તારા હાથથી કેમ છુટી શકે? જવાબ દીધો કે જો લોકો પોતાનું દીલ મારી તરફ નહી લગાડશે તો તેઓ આ બલાની ચુંગાલમાંથી છુટકારો પામશે. જો માણસ ડાહા-પણવાલું હોએતો તેને ઘટમાન છે કે આવી દુન્યાંની એટલે જે મારી આસપાસ ફરવું મુકી દીએ કારણકે આ દુન્યાં પગથી તે માંથાં સુધી દુઃખ અને દરદમાં ભેલાએલીછે. એ દુન્યાંથી કોઇએ મેહરબાની જોઇ નથી તેમજ કોઇએ મેહેરબાની સાંભળી નથી. આ વેરાન ઝમાંનામાં તું એક બેગાના જેવો છે. શા સારૂં વેરાન દેશમાં તારૂં દીલ બાંધી રાખેછે. તારી ઉમર તરણ પાંચ દીવશની છે અને આ દુન્યા પણ તરણ પાંચ દીવશની છે. હવે આ તરણ પાંચ દીવશને વાશતે શું કરવા તું દુઃખ અને દરદમાં પડેછે. પેલા આગળા પાદશાહો અને બુઝરગોની વાત તમો કાંઇ જાણોછો? તેઓ કેવા મોટા બળવંત હતા પણ આજે તે લોકનું કઇ નામ નીશાન બાકી રહેલું છે? તે દેખાડશો? પેલો નેક બુન્યાદનો (પારસીઓનો) પાદશાહ કઇયોમરસ જેણે આ જહાનમાં પાદશાહતની રીત રસમ સ્થાપી તે કઇયોમરશ કાંહાં છે? પેલા શીયામક બાહાદુર જેની ઉપર શદ હઝાર આફરીન હોજો અને જે લેયાનતી દેવોને હાથે મારયો ગયો તે શીયામક કહાં છે વારૂં?

કયાં ગયો ભાએગશાલી તોખમનો શાહ હોસંગ કે જેના જેવો વીદ્વાન અને દાનાવ આજ સુધી દુન્યામાં જન્મયો પણ નથી. જ્યારે તેનો પાક રૂહ સાતમાં આસ-

માન સુધી જઇ પહોંચ્યો, ત્યારે તે શુક્કર તથા સુર્ય અને ચંદ્ર તથા બેહેરામ, શની અને તીર એ ગ્રહો સંબંધી પુરતું જ્ઞાન મેળવવાને શક્તિવાન થયો. એજ પ્રમાણે આઠમાં આસમાન ઉપર આવેલા બ્રેસ્પતી અને તેના ગ્રહો તેમજ સઘળા ભવનો અને ચંદ્રને લગતી સઘળી હકીકત પણ તે જાણી શકયો હતો. ઉંચામાં ઉંચું તેમજ હલકામાં હલકું પણ સઘળું એ સમજવું અને ડહાપણવાળો પાદશાહ જાણી ચુકયો હતો. વળી એ સઘળો ભેદ કુલ માણસજાતને એ નેકનામ અને દાનાવ પાદશાહ હુસંગે જાહેર કીધો હતો, પણ જ્યારે આ દુન્યામાંથી એ નરે પોતાનો સરંજામ ઉઠાવ્યો, ત્યારે તેને પાદશાહી અને રાજગાદી શું કામે લાગ્યાં ? કયાં ગયો પેલો દેવબંદ તેહેમુરસ કે જેને આધીન થઇ સઘળા દેવો બંદા થઇ ગયા હતા. કયાં ગયો ઉંચા અને ભાગ્યશાલી ખમીરનો પાદશાહ જમશેદ કે જેના ઇનસાફ અને ન્યાયથી દુન્યા એક બેહેસ્ત જેવું બેહેસ્ત બની ગઇ હતી. તેના હોકમને તાબે થઇને તો દેવો, જીનો, અને પરીઓ વટીક, તંગ કંમરે સદા સેવા બજાવતાં. કયાં ગયો જાહોજલાલી અને પ્રકાશવંત ફરીદુન કે જેનાથી જોહાકને રડતી આંખે મોંદું મરડવું પડયું હતું. કયાં ગયો પાક અને સુંદર ચેહેરાનો એરચ કે જે તખ્ત ઉપર ગોયા સુરજ પેઠે પ્રકાશીત રેહેતો હતો. કયાં ગયો પેલો બહાદુર પાદશાહ મીનોચેહેર કે જે લડાઇ વેળા એક પોકારતા સીંહ પેઠે રેહતો હતો. વળી પેલો ભાગ્યશાલી નોજર પણ કયાં ગયો, એનું તો દુન્યામાં નામ વટીક રહ્યું નથી.

વળી કયાં ગયો પેલો દાદગર શેહેનશાહ કેકોબાદ, કે જેના ઇનસાફનો છેડો પણ જમાનાને હાથે આવી ગયો. કાઉસ નામ ધરાવનાર પેલો બહાદુર અને નેક સ્વભાવનો

જે પાદશાહ હતો, તે કયાં ગયો? મોટો દબદબો ધરાવનાર અને અતીશે ભાગ્યશાલી સીઆવક્ષ પણ કયાં ગયો? એ નરના જેવો બીજો તો કોઇ જમાનામાં દીઠામાં પણ આવ્યો નથી. એ પવીત્ર તોખમનો નર આતશમાંથી પસાર થઇ ગયલો હોવા છતાં, એને આતશની કશી પણ અસર લાગીજ નહી. બીજો તો કેખશરૂ નામનો પેલો ભાગ્યશાલી પાદશાહ થઇ ગયો કે જે તાજ અને તખ્ત નો જબરો શોભાવનારો અને સીણગાર જેવો હતો. દુન્યાંને લગતા સઘળા ભેદો સંબંધી જ્ઞાની હોવા સાથે ઝલકાટ અને પ્રકાશમાં સુર્ય અને ચંદ્ર જેવો હતો. જ્યારે એ નામવર પાદશાહે જોઇ લીધું કે આ બોહલી દુન્યામાં કોઇને પણ જાયુકની પાદશાહી કે તાજ કે તખ્ત જેવું કશું રહેતું જ નથી, ત્યારે પોતે ગેફેનશીન થઇ લોકતજર આગળથી એવી રીતે છુપાઇ ગયો કે હું જાણતો નથી કે તે માહાત્મા કયાં ગયો અને તેનું શું થયું. લોહરાસ્પ પાદશાહ જે દીન અને દુન્યાનો રક્ષક હતો, તેને રાજપાટ સોંપી તે આ આલમથી ગુમ થઇ ગયો. જ્યારે આસમાન ચકર અને જમાનાના ફેરફારોથી તે વાકેફ થયો, ત્યારે તેણે મેહરબાનીનો તરીકો ધારણ કીધો. તેણે જાણી લીધું કે આ દુન્યાએ કોઇની પણ સાથે મેહરબાની કર્યા વગર, કીનો અને કપટ, અને જોર દોર દેખાડવાને વટીક ચુક્યું નથી. ગુસતાસ્પ પાદશાહ કે જે ઘણો દલેર, બહાદુર તથા સુરવીર હોવા સાથે એક જબરો પેહલવાન પણ હતો, તેણે પોતાનું તખ્ત, તાજ, કોલાહ, ખજાનો, વગેરે સોંપીને પોતે બલ્ખ મધે જઇ બંને દુન્યાના ધણી અને કીરતારની સેવામાં ખરે પગે ભક્તિ કરવા માંડી. એ નામદાર શાહે માટી અને આસમાનોને ઉઠાવનાર અને ફેરવનાર સાહેબનીજ બંદગી કરવી ચાલુ રાખી, પણ

જ્યારે જમાનો ઉતરતો આવ્યો, ત્યારે આ નામદાર શાહનો પણ છેડો આવી લાગ્યો, ત્યારે કયાની તખ્ત ઉપર ગુસતાસ્પ બીરાજમાન થયો, ત્યારે સારી જેહાનની પ્રજા તેને આધીન થઇ, તેના અદલ ઇનસાફથી દુન્યા બાગે ઇરમ (એટલે જ બેહેસ્તનો બાગ) જેવી બની ગઇ, સુખ વધ્યું અને દુઃખ, ગમ ઓછાં થઇ ગયાં. આ વખ્તે એ શેહનશાહ સનમુખ પરવરદેગાર તરફથી પેગામ્બર સાહેબ અશો સત જરથોસ્તનું આવવું થયું. એ ભલી દીનના પાદશાહે જરથોસ્ત પેગમ્બરને કબુલ કીધા, અને મોજેજાને આધારે જીવતાંજીવત એ નામદાર મીનો જેહાનમાં ફરી આવ્યા. મીનોઇ જેહાન આખી એ નામદારે જોઇ લીધી, અને ગ્રોથમાન બેહસ્તમાં પોતાની જગા પણ જોઇ લીધી. જુઓ કે આખી એક શેહનશાહનું દુન્યામાં કાંઇ કે કશું રહ્યું નથી, અને જે કાંઇ રહ્યું છે તે માત્ર એક નીશાનજ છે. કયાં ગયો પેલો ત્રાંબાની દેહનો અસફંદીયાર કે જેના જેવો સુરવીર નર દુન્યામાં કોઇ હતોજ નહી. તલવાર, ગુરજ અને ફાંસાનો ઉપયોગ કરવામાં એ પેહલવાન એવો જબરો હતો કે સીંહોને જપાટામાં તાબે કરી લેતો. કયાં ગયા રૂસ્તમ, જાળ અને શામ જેવા નરો અને સરદારો, કે જેઓ સરફરાજ અને નામદાર હતા. કેરસાસ્પ નામનો દલેર પેહલવાન કયાં ગયો ? અને સીંહોને મારનાર પેહલવાન નરીમાનનું શું થયું ? શોહરાબનો ફરામરોજ, તેમજ ગોદરેજ અને ગેવ સાથે બીજા જબરા પેહેલવાનો શું થઇ ગયા ? તુરનો બેઝન અને ગસ્તેહમ જેવા નરો કે જેઓ બાપદાદાનું નામ રાખનાર હતા તેમનું શું થયું ? જમાનાએ એ લોકો ઉપર એવો જુલમ વરસાવ્યોછે કે કોઇ આજે એમનું નામ પણ યાદ કરતું નથી. પેલો તખ્ત અને તાજનો ધણી નામવર જમનશાહ વળી ક્યાં ચાલી ગયો ? પેલો ડાહ્યો અને ઇનસાફી પાદશાહ દારાબ કે જેની નેકી

સીવાય બીજું કશું યાદગાર રહ્યું નથી, તે કયાં ગયો ? વળી જેહાનનો પાદશાહ હારા કે જેને પોતાના વજીરોને હાથે ઇનસાફ જારી ચલાવ્યો તેનું શું થયું અને તે કયાં ગયો ? કયાં ગયો ફીલકુસનો ઇસકંદર કે જેના નગારાં પુર્વથી પશ્ચીમ સુધી સંભળાઇ વગડાઇ ચુકયાં હતાં. વળી મલુકે તવાયફ એટલે હખામની વંશના શેહેનશાહો પણ સર્વે એવાજ હતા, કારણકે તેઓ સર્વે દુન્યાપર રાજ ચલાવનાર હતા. તેમનાં નામ સીવાય તેમની તવારીખ કોઇને મળતી નથી, કે કોઇને ખબર નથી. વળી કોઇ તેમનાં નામ મુલકે તોખમ વિશે પણ ખબર ધરાવતું નથી. જેહાનનો પાદશાહ અરદેસીર વળી કયાં ગયો ? એ નામદારનું દીલ પોચ્યું હોવા છતાં તેનું બળ અને જોર જબરાં હતાં. બાહદુરીથી તેણે બુરા લોકોના હાથમાંથી જહાનને જીતી લીધી અને જહાનમાં એને હાથે બીજી વેળા દીન સુધારવા તથા ફેલાવવામાં આવી. જ્યારે તેણે મોતનો વખ્ત આવતો જોયો, ત્યારે દુન્યાની બેવફાઇ સીવાય બીજું કશું દીઠું નહી. કયાં ગયો, તખ્ત અને તાજનો ધણી પાદશાહ શાહપુર, કે જે સાતે ખંડો પાસથી ખંડણી લેતો હતો. વળી કયાં ગયો પેલો બહાદુર બેહરામગોર, કે જે બે સીંહો વચ્ચેથી પણ ખંડણી લેતો, તે આખો વખ્ત ગોરખરનો શીકાર કરતો હોવાથી, છેલ્લાં તેમનેજ હાથે પોતે પણ શીકાર થઇ ગયો. વળી ફીરોજ જેવો ન્યાઇ અને અદલ ઇનસાફી નર કયાં ગયો, કે જેના જેવો પાદશાહ કોઇ માતાને પેટે આજસુધી જન્મ્યોજ નથી. જુઓ કે આ પાદશાહનાં રાજમાં એક ભારી દુકાલ પડયો, ત્યારે એણે શું કીધું. એવું થઇ ગયું કે સાત વરસ સુધી વરસાદ મુદલ પડયો નહી, અને શખ્ત દુકાલ ચાલી રહ્યો. ખોરાકની તંગી એટલી હદ સુધી થઇ પડી કે જો કોઇ રોટલાનું મોઢું

જોતું તો તે ફક્ત સ્વપનામાંજ હતું. રોટલો એટલો દુર્લભ થઇ પડયો કે સારી જેહાનમાં કોઇએક રોટલો જોવાને પણ ભાગ્યશાલી થતું નહી. આ વખ્તે એ ન્યાયી પાદશાહે હોકમ કીધો કે મારાં ભંડારો ઉંઘાડાં મેળી દેવાં, અને તે પ્રમાણે કરવામાં આવ્યું. જે જે જાતનો ખોરાક ઉપ્યોગી લાગતો તેવો સઘળો ખોરાક ભંડારોમાંથી લોકોને આપવામાં આવતો, કે જેથી ગરીબ, નીરધન, તેમજ સીપાઇ વર્ગમાંથી કોઇ ભુખમરાથી મારયું નહી જાય. હવે જ્યારે તેનાં મરણનો વખત આવ્યો ત્યારે તેની આ ભલાઇજ તેની આંગળ આવી. પેલો બહાદુર કોબાદ પણ વળી કયાં ગયો? જેહાંગીરની બહાદુરીથી તો જંગલમાંથી સીંહો પણ નાસી જતા હતા. વળી જરા નજર કરી જુએો કે નોશીરવાન પાદશાહ કયાં ચાલી ગયો. આ પાદશાહના જેવો તો વળી આજ સુધી આખી આલમમાં કોઇ થઇ ગયોજ નથી. જ્યારે આ પાદશાહના ગુણો તથા ખુબીઓ સર્વેને રોશન છે, ત્યારે તેની અદાલત અને ઇનસાફની શું વખાણ કહી સંભલાંઉં. માણસજાતના સંબંધમાં ઇનસાફ ન્યાય ચલાવતાં, જાનવર વર્ગમાં પણ તેમ કરવા માંડયું. મારા સાંભળવામાં આવ્યુંછે કે એક બુઢું ગધેડું જે આંધલું અશકત અને ઘણી લાચાર અવસ્થામાં આવી ગયું હતું તે જ્યાં એ શેહેનશાહની ઇનસાફ મેળવવાને માટે તાંગેલી સાંકળ હતી તેયાં આવી સાંકળ સાથે પોતાનું શરીર ઘસડી પોકારો મારી દાદ ચાહવા લાગ્યું. જ્યારે નોશીરવાને પેલી સાંકળીનો અવાજ સાંભળ્યો ત્યારે નજદીક આવી સાંકળ હોયછે ત્યાં ઇનસાફ મેળવવાને માટે આવેલાં એક ગધેડાંને ઉભેલું જોયું. એટલું જોતાં એ નામવર પાદશાહે એક ચાકરને હોકમ કીધો કે જલદીથી જઇ એ ગધેડાંના ધણીને બોલાવી લાવે, અને તેને પોતાની હજુર

ગધેડાંનાં સંબંધમાં હકીકત જાહેર કરવાને આવવા જણાવે. હજીતો નોકર ગયો નથી તેટલાં નામદાર શેહેનશાહની સેવામાં પેલાં ગધેડાંનો ધણી આવી હાજર થયો, જેને તુરત પુછવામાં આવ્યું કે આ વાચા વગરના ગરીબ જનવરને તેં શું કીધું. એના જવાબમાં તે ધણીએ જણાવ્યું કે જ્યારે આ ગધેડું જવાન હતું, ત્યારે લાંબો વખત સુધી મારી ચાકરી કીધી હતી, પણ જ્યારે બુઢું તથા નકામું થઇ પડયું ત્યારે મેં જોયું કે એ કાંઇ પણ કામનું છે નહી, ત્યારે મેં તેને રાત દાહડો મારી પાસ સેવા કરાવતું, જોતાં જંગલમાં છોડી દીધું. આટલું સાંભળતાંજ નામદાર શેહેનશાહ બોલી ઉઠયો કે આ તે શી વાત ? એક વેળા માલ તથા બોજો ઉઠાવતું હતું, અને રાત દીન તારે માટે સેવા કરતું હતું, પણ જ્યારે હમણાં એનાથી કાંઇ થઇ શકતું નથી ત્યારે તેને જંગલમાં હાંકી કહાડયું છે. લઇ જા એને તારે ઘેર પાછું, અને એને સારીપેઠે દાણોપાણી આપ. અને જ્યાંસુધી વાચા વગરનું એ પ્રાણી જીવે, ત્યાંસુધી એની સંભાળ કરજે, અને એને પાળજે. આટલા ઉપરથી એ નામદારે એવો ઢંઢેરો ફેરવ્યો કે જે કોઇ જનાવરો પાળતું હોય, તેના જનાવરો જ્યારે બુઢાં થઇ નકામાં થઇ પડે, ત્યારે તેમને ઘરમાંથી કહાડી નહી મેળતાં તેમને દાણો પાણી સઘળી વખ્ત પહોંચાડતા રેહવું અને તેમને મોતમાંથી બંચાવવાં. જુઓ ત્યારે આ ઇનસાફી અને ન્યાયી પાદશાહ કેવો હશે, જ્યારે જનાવરો પણ દાદ માહવા તેની પાસે જતાં હતાં, અને જ્યારે જનાવરોનો આવો ઇનસાફ કરતો, ત્યારે હું નથી જાણતો કે માણસોનો ઇનસાફ શી રીતે કીધો હશે. પણ જ્યારે છેલ્લાં પેલી જેહાંન ગયો, ત્યારે નેકનામી સીવાય તેનું બીજું કશું પણ રહ્યું નહી. જુઓ ત્યારે ભલાઇમાં શો ગુણ છે, કારણકે સઘળી

તરફ તેનું નામ ફેલાયલું રહેછે. પણ જો આવી નેકનામી હતે નહી, તો જ્યારે જનાનાને હાથે તેનો છેડો આવ્યો, ત્યારે કોઇ તેનાં તાજ તખ્તને યાદ કરતેજ નહી. દુન્યામાં સદા કાલ કોઇ રહ્યું નથી, અને જે કોઇએ ભલાઇ અને નેકીનાં બી વાવ્યાં તે ખરેખર ભલો અને ભાગ્યશાલી કેહેવાય.

કયાં ગયો હોરમઝદ નામનો નામાંકીત પાદશાહ જે વરૂનાં પંજામાંથી બકરાંના બચ્ચાંને છોડવતો. તખ્ત અને તાજનો ધણી પેલો ભાગ્યશાલી પરવીઝ પણ વળી કયાં ગયો ? પોતાના વીચારો, તેમજ દોલત તથા રાજપાટની જાહોજલાલીમાં એ એવો હતો કે એના જેવો બીજો કોઇ થઇ ગયો નથી. પણ જોકે જ્યારે તે અહીંયાથી ગયો, ત્યારે કેટલી દલગીરી અને કેટલાબધા ગમ સાથ તેને જવું પડયું.

પાદશાહી નસલનો સીરૂયે કયાં ગયો ! કોઇ પણ પાદશાહને પેટે આવો શાહઝાદો જન્મ લેજ નહી. તાજ અને રાજના લોભને લીધે બાપ અને ભાઇને મારી નાખ્યા, અને છ મહીનામાંજ પોતે પણ ચાલ્યો ગયો. પાદશાહીની પુઠે જતાં ગુનાહમાં પડયો અને પાદશાહીમાં કશી જાતની મજાહ કે કશું સુખ દીઠું નહી. કયાં ગયો નામચીન પાદશાહ અરદશીર, કે જેને તેના દુશ્મને કીનો લઇ મારી નાખ્યો. કયાં ગયો યઝદઝરદ શેહેરીયાર કે જે કયાનીઓનું દીલ, દીન, તથા તખ્ત ધરાવતો હતો. આ પાદશાહ યઝદાં પરસ્ત હતો તે છતાં જ્યારે આ ફાની દુન્યામાંથી જવાનો વખ્ત આવ્યો ત્યારે એક ધંટીની હેઠલ તેને મારી નાખવામાં આવ્યો. તેને મારી નાખવામાં આવ્યો, એટલુંજ નહી પણ તેનું પાદશાહી શરીર પાણીમાં ફેંકવામાં આવ્યું. એક નીચ અને હલકા નોકરને હાથે તેનો રૂહ પોતાના કીરતાર ભણી રવાના થયો. આહ એ ઉપર હજાર ધીક્કાર

હોજો કે જે એક ફુલવાડીમાં ફુલની જગા ઉપર કાંટો બની ગયો. આ દુન્યામાં તો તેને જેવો બદલો મળવો જોઇયે તેવો મળ્યો, પણ પેલી જેહાનમાં તેની ઉપર શું શું ગુજરયું તે હું જાણુતો નથી. જહાને બુજરગો તરફથી નસીબ ફેરવ્યું અને તેઓ ઘણી નાસીપાસીથી આ આલમ છોડી ગયા. અફસોસ કે દુન્યાના આવા બધા નરો અને સરવરો એકદમ માટી તલે ઢંકાઇ ગયા. બાગો અને ખેતરોમાં જે પક્ષીઓ તથા જાનવરો છે તેઓ પોકાર કરયા કરેછે અને આ નરોને યાદ કરી તેઓ પોતાનાં નબળાં દીલે દલગીરી અને અફસોસ જાહેર કરેછે.

આ ઠગાઇનાં ઘરની, એટલે આ દુન્યાની રાહ રસમ એવીજ હોયછે કે ઘડીમાં ઉંચાણુ ઉપર હોયછે, તો ઘડીમાં નીચાણુ ઉપર એકના હાથમાંથી પાદશાહી તખ્ત જાયછે, ત્યારે કોઇ એકનું પાદશાહી ગાદી ઉપર બેસવું થાયછે, એકને ફરમાન તથા હોકમ ચલાવવાનું જ્યારે બંધ થઇ પડેછે, ત્યારે બીજા કોઇ એકનો હોકમ રૂમ કે તાતાર દેશમાં ચાલતો થાયછે. છેલ્લાં આ બંનેનો છેડો ખાકજ છે, અને એ સીવાએ બીજું કશું નથી, અને એથી કાંઇ કોઇના જીવનો છુટકારો થતો નથી. કોઇને કેહેવું નહી જોઇયે કે દુન્યામાં તું જીવ અને જીવા કર, પણ એથી ઉલટું જો કોઇ આવ્યું તો તેને માટે રડવું જોઇયેછે. કોઇ એવો દુન્યામાં આવ્યો નથી કે જે અંહી રહ્યો હોય. જાવેદાન સુધી દુન્યામાં કોઇ રહ્યું કે રેહતું નથી, સીવાય તે દાદગર દાદાર, જે સર્વે ભેદોનો જાણુનાર છે. જે કાંઇ જુતું અને કદીમ હોય, અને તેની પડતી તેમજ તેનો નાશ નહી આવે, તો તેની દાનાવ નજરમાં તદન અશકય અને મહાલ ગણાય. જે કોઇ આ ત્રણ પાંચ દહાડાની ધરમશાળામાં આવી ઉતરે, અને થોડો કે ઘણો વખત પણ

રેહ તો દુઃખ તો છેજ. અરે દુન્યા, મને ખબર નથી કે તું શું છુપો ભેદ ધરાવેછે કે કોઇ પણ સાથે ખરાં દીલે તું મેહરબાન હોતી નથી. તું મેહરબાની કે વફાદારીનો તરીકો તો ધરાવતીજ નથી, ત્યારે શા માટે તારી જફા, કીના, કપટ, અને બેવફાઇ માટે હમો ઇચ્છા ધરાયે. આ દુન્યા એક નાકેથી બીજે નાકે સુધી દુઃખની જગા છે, અને એ સીવાયે બીજું કશું નથી. અને એટલામાટે કોઇ પણ માણસે ખુશીખુશાલી મેળવીજ નથી. આ દુન્યા આટલી નાપાયદાર, અને ઘાતકી હોવાને લીધે, ડાહ્યો માણસ દુન્યા ઉપર કાંઇ દીલ બાંધતોજ નથી. જો તું ડાહ્યો હોય તો પેલી મીનોઇ જેહાન માટે ઇચ્છતો રેહ અને આ ફાની દુન્યામાંથી ધ્યાન બહાર કહાડ.

ખરા દીનદાર પુરૂષ, જ્યારે આ કવીતા તું વાંચે, ત્યારે કાઉસના બેટા ફીરોઝ ઉપર આફરીન કરજે.

## પાદશાહોની છેક નઝદીકીમાં રેહવાની મનાઇ વીશે તથા દુન્યાની ઉપર પ્યાર રાખવાની મનાઇ વીશે.

અરે ભાઇ દુન્યામાં ચાર ચીજ ઘણી જોખમભરેલી છે, વાસતે તેથી જેમ બને તેમ દુર રેહેજે. એક તો એ કે સુલતાનની ઘણી નજદીક રેહેવું, બીજું બદ લોકો સાથે દોસ્તી રાખવી, ત્રીજું પાંચ દાહડાની દુન્યાની ઉપર પ્યાર અને ચોથું ઓરતો તરફ પ્રિતી દેખાડવી. આ બેવફા દુન્યાનાં ભીતરમાં સાંપના જેવું ઝેર છે. જેમ તમે સાંપની ઉપર રંગબેરંગી ચીતાર જોએોછો, તેમ જાહેરમાં દુન્યા પણ રંગબેરંગી છે. જોકે એ દુન્યા ઘણી ખુશનુમા અને સોહામણી દેખાયછે, પણ એનાં ઝેરથી જીવ જોખમમાં છે. એ ચીતારવાળા સાંપ (એટલે દુન્યા) નું ઝેર માણસનો ઘાત કરનારૂં છે વાસતે ડાહ્યા લોકોને અવસયનું છે કે એ

(દુન્યાથી) દુર નાહસે. જેમ નાહનાં બચ્ચાં લાલ, લીલી અને પીલી વસ્તુપર ઝીપલું નાખેછે, તેમ તું ઝીપલું ના નાખ અને જેમ ઔરતો પોતાના ચેહરાની ખુબસુરતી અને બદનની ખુસબો ઉપર ઇતરાએછે તેમ મોહી પડીશ મા. આ દુન્યા તો એક ધરડી ડોસીના જેવી છે, પણ પેલી પરણુતી કન્યાની માફક ધરેણાગાંઠાં પેહડી લોકોને ફરેબ દીયેછે, પણ એ તો બબે દીવસને અંતરે નવો માટી શોધી લાવેછે. સારૂં માણસ તે છે કે જે દુન્યાની સોબતથી દુર રહેલો છે. એ દુન્યાથી પોતાનું મોડું ફેરવી ને તલાક આપે. એ દુન્યા (એટલેજે પેલી ધરડી ડોસી) પોતાનું હસ્તું મોડું ધણીને દેખાડેછે પણ પછી દંત વડે તેને જખમી કરેછે.

## પાદશાહોની અસલત વીશે.

આએ જહાનમાં ચાર ખશલત પાદશાહોના હકમાં ઘણી નુકસાનકારક છે. એક તો એ કે પાદશાહ હદથી ઝીયાદા હસવું કરે તો કાંઇ શંદેહ નથી કે તે (પાદશાહ) પોતાનો દબદબો અને રોબ ઓછો કરી નાખે. અગર પાદશાહ સર્વે ગરીબ ગુરબા સાથે ફકીર દોસ્ત બની જાય તો તે પાદશાહ લોકોની નઝરમાં હલકો દેખાશે. જો એક પાદશાહ રાત દહાડો ઔરતો સાથે ખેળવતમાં પડી રેહશે તો તે પાદશાહનો મોભો જતો રેહશે. જે પાદશાહ ઔરતો સાથે ખેળવતમાં ભરાઇ રેહશે તો યાદ રાખજો કે ચંદરોઝમાં પોતાનો મુલક ખોઇ બેસવાનો. જે શખ્સ કે પાદશાહીનો દબદબો ધરાવતો હશે તે તેની ખાહેશ લોકોને દુઃખ દેવામાં નહી હશે. પાદશાહને ઘટેચ કે અદલ ઇનસાફ કરે અને ગરીબ ગુરબાંની દાદ લીએ કે તેથી તેનો અદલ ઇનસાફ જોઇ આલમના લોક ખુશહાલ થાય. અગર એક પાદશાહ ઝુલમ કરવાનો ઇરાદો-રાખે તો તેની પાસે ગમે

એટલું મોટું પૈદલ અને ઘોડેસ્વાર લશ્કર હોય પણ તેથી કશો ફાયદો થવાનો નથી. જ્યારે એક પાદશાહ આદેલ હોય અને તેનો ચેહરો હસમુખ હોય તો જાણજો કે તેનો મુલક લાંબા દીવસ ટકી રેહવાનો. જ્યારે પાદશાહ પોતાનાં લશ્કરપર રેહમદીલ હોય તો તેને મદદ કરવા સારૂં આશા-નીથી શો શો જીવ ફીદા કરવા તૈયાર થાશે.

## નેકબખ્તી વીશે.

ચાર ચીઝથી નેકબખ્તીની નીશાની ઝાહેર થાયછે માટે જે ધણી આ ચાર નીશાની ધરાવતો હોય તો સર્વે કોઇના વાહલો થઇ પડે. જેની બુન્યાદ સારી હોય તેને નેકબખ્ત ગણવો, જેની બુન્યાદ સારી નથી તે તાજ અને તખ્તને લાયક નથી. જે લોક નેકબખ્ત હોય તેઓના વીચાર પાક હોય પણ જેના વીચાર બદ હોય તે સદાનો દુઃખી છે. એક બીજી નીશાની એ છે કે જેનું દીલ સાફ હોય અગર તેનું દીલ કીના કપટથી સાફ હોય તો તેને કસી વાતનો ડર નથી. જે કોઇ ખોદાતાલાના અઝાબથી બેપરવા હોય તો તે દીનદાર નથી પણ પક્કો કાફર છે. આ દુન્યાના આયુસ થોડા દીવસના છે તેથી વધારે નથી. જે શખ્સ અગમચેત્યો નથી તે તો એક ગાફેલ જેવો છે. આ દુન્યાની મોજમઝાને તરક કરવી જોઇયેછે અને જે લોક પાક પરહેઝગાર છે તે લોકની સંગત પક-ડવી જોઇયે. હવશની મોજમઝાની પુઠમાં પકડ અને ફના થનારી દુન્યાની દોસ્તી મેળી દે. આ દુન્યાનાં દુઃખ ઉઠાવવાની તુને કશી જરૂર નથી અંતે મરવું તો બરહકછે. જારે તારો પ્રાણ તારાં બદનમાંથી નીકળી જશે તારે તારાં હાડકાં માટીમાં મળી જશે. તુને તારો જાન આપ્યા વગર છુટકો નથી અને તારો લુંડો હવસ તુને આડે રસ્તે લઇ જશે.

## રાસ્તી વીશે.

જો તું સચ્ચાઇને ચાહતો હોય તો રાસ્તીનો દરવાજો ઠોક અને જીઠું બોલવાથી પરહેઝ કર. અરે એ મારા વ્હાલા ભાઇ સચ્ચાઇને વળગી રેહ કે તેથી તું બંધે જહાનમાં બક્ષાવર ગણાશે. જે શખ્સ રાસ્તી સાથે દોસ્તી રાખશે તે શખ્સ ઉંડા દરયામાં ડુબો હશે તો ત્યાંથી બહાર આવી શકશે. જો તું સચ્ચાઇ વાપડશે તો તારો અસબાબ તેથી રોસની પકડશે, વળી તારો ગમ ઘટી જશે અને ખુશાલી વધી પડશે. સચ્ચાઇ છે તે હરએક શખ્સને પસંદ પડતી વાત છે. રાસ્તીથી ચાલનારાઓ દુન્યામાં અકલમંદ ગણાયછે. તું ચોકસ કરી જાણજે કે સચ્ચાઇથી પેલી જહાનમાં તારો છુટકારો થશે. બેશક સચ્ચાઇથી તારો ગુનાહ માફ થશે. સચ્ચાઇથી સર્વે ગેબી ચીઝ તારી આગળ આવી ઉભી રેહશે અને સચ્ચાઇથી તું હકતાલાની નઝદીક ઉભો રેહવા પામશે. સચ્ચાઇ તુંને જુદાઇ અને બેગાંનગીથી છોડવશે અને વળી નેકીનો રસ્તો દેખાડશે. ખોદા એકજ છે તેની તુને સચ્ચાઇથી આગાહી મળશે અને એ રાસ્તી તુંને ખોદાની પાસે રજુ કરશે. આ વાત બેશક અને બેગુમાન તું માની લે કે રાસ્તીથી આ જહાનમાં અને પેલી જહાનમાં તું ખુશ ખુશાલ રેહવાનો છે. જે શખ્સ રાસ્તી બોલનારો છે તેણે નેકી વગર બીજું કાંઇ જોયું નથી. ભાગ્યશાલી તે શખ્સ કે જેણે રાસ્તી અખ્તયાર કીધેલીછે. અરે એ નેકબખ્ત અને નેક ખસલતના માનવી જો તું સદા રાસ્તી અખ્તયાર કરી શકશે તો ચોકસ કરી જાણ કે તુને કોઇબી દહાડે શરમીંદગી હાંશેલ થનાર નથી.

## જુઠું બોલવાના ધિક્કાર વીશે.

"અરે એ ભાઇ કોઇબી દાહાડે જુઠું નો બોલતો કારણકે જુઠું બોલનારને લોક આબરૂ નથી આપતું. જુઠું બોલવાથી માણસ બેહયા બની જાયછે. જો માણસને હ્યા નહી તો તે મુવેલો બેહતર. જુઠાઇથી તું અંતે શરમીંદો થવાનો, જુઠાઇથી તું દલીદર અને ભરોસા વગરનું માણસ ગણાશે. જુઠું બોલનારના મોડાંપર નુરાની રેહવાની નથી. અરે એ મારા ભાઇ જુઠાઇથી તું નુર વગરનો ગણાશે. જુઠું બોલવાથી પેહેલ્લે તો ખુશી થશો પણ પછવાડેથી ઘણું કડવું ઝેહેર ચાખશો. જુઠું બોલવાનું ફળદુખ છે અને તે ગમમા પડવાનો જે ધણી જુઠું નથી બોલતો તેનો જીવ હમેશાં નીચીંત છે. અરે એ મારા વાહાલા ભાઇ જુઠું બોલનારને બોદાતાલા પોતાની સામેથી હાંકી કાહડેચ ત્યારે સ્તાખેઝને દાહડે દેવ અને દરજ તારા સોબતી થવાના. જો તુંને આરઝું હોય તો જુઠું અજમાવી જો કે જુઠાંથી નુકસાન થાયછે. જુઠું બોલવામાં હલાકી છે, (બેશક અને બેગુમાં) જુઠું તુંને જહાનમાં હલાક કરશે. જો તું નેક ખશલતનો અને સવતંતર પુરૂષ હોય તો જુઠાઇથી દુર રેહેજે અને એની પાસ ના જા. જો તું જુઠાઇથી પરહેઝ રેહેશે તો તારી દામનમાં જોખમની ધુલ વલગી બેસવાની નથી. જુઠાઇથી તારે માથે નુકસાનનું ફળ બેસશે વાસતે તારાં દીલના ચરાગને રાસ્તીથી રોશન કર. અરે ભાઇ જુઠાઇ તુંને શાકરના જેવું મીઠું લાગશે પણ તે મીઠાશ એક પલભરબી રેહવાનો નથી.

## મગરૂરીના ધિક્કાર વીશે.

અરે એ મારા દોસ્ત તકોબરી અને મગરૂરી હાથમાં ધરીશ નહી, કારણ કે મગરૂરી છે તે માણસને હલકો પાડેછે. મગરૂરીથી તું ને લોક પગ તળે દાબશે—જો તું મગરૂરી એખ્તયાર કરશે તો તું ને ઉભું રેહવાની જગા નહી મળશે. જે શખ્સ પોતાની ખસલતથી મગરૂરી કરે તો તે આખી દુન્યાની બળા પોતાપર લાવી નાખશે. તકોબરી છે તે તો પેલા લેયાનતી દેવની ખસલત છે અને જે શખ્સ એખ્તયાર કરશે તેનીપરબી લેયાનત વરશશે. મગરૂરીથી માણસ હલકો અને ભરોસા વગરનો થાયછે અને વળી બેશુમાર દુશ્મન સામે આવેછે. અરે એ ભાઇ મગરૂરીથી અને તકોબરીથી પરહેઝ કર, ભાઇ પરહેઝ કર. તું ચોકસ કરી જાણ કે એ મગરૂરી છે તે નુકસાનકારક છે. તું ખરૂં માન કે તકોબરીમાં નુકસાન છે એ તું મારીથી સાચું માન કે એ તારા ફાયદાની વાત છે. તું મગરૂરીની ખાહેશ હરગીઝ ના કરતો, કે એ મગરૂરી એકાએક તું ને બળામાં નાખશે. મગરૂરી છે તે મુરખ લોકો પસંદ કરેછે. અક્કલમંદ માણસ તો એને કદી ફાયદામંદ સમઝશે નહી. જે શખ્સ તકોબરી કરે તેને પાજી સમઝ અને જો પાજી માણસને ઓળખવો હોય તો તકોબરી કરનારને સમઝ. તું એટલો ફઝુલ મા થા અને તું પોતાને મોટા માણસ જેવો ના સમઝ અને ઉંચી જગાપર બેસતો ના. તે જગાને ગમશે નહી. હવે તું સેતારાઓનો દાખલો લે, કે જ્યારે તેઓ છેક ઉંચી જગા (આસમાન) પર ગયા તેથી નીચેના માણસોને ઘણા બારીક નઝર આવેછે. અગર તું તકોબરીનાં ઝાડપરથી ફલ શોધશે તો શીવાય હલકાઇ બીજું કશું હાથ નહી આવશે.

## અદબની તારીફ વીશે.

અરે એા નેકબખ્ત જો તું આબરૂ ચાહતો હોય તો તુંને ઘટેછ કે અદબનાં ઘેરમાં તારો અસબાબ લઇ જા. અગર તું પોતા વીશે સારો વીચાર રાખતો હશે તોપણ અદબ તારી એબને ઢાંકશે અદબ છે તે સર્વે કોઇની ખુશાલીનું કારણ છે. અદબ છે તે ડાહ્યા લોકોનું ઝેવર-છે—અને અદબ છે તે સરદારોના માથાંપર સરદાર છે. જે શખ્સ અદબ ધરાવતો હોય તે માન પામશે—કોઇબી શખ્સ બેઅદબીથી બુઝરગી પામવાનો નથી. અદબ ધરા-વનાર ફકીર પાદશાહ જેવો છે—પણ જો પાદશાહ બેઅદબ હોય તો તે એક ભીખારી સમાન છે. જો કોઇ મર્દ અદબથી ચાલતો હોય તો ગોયા તેણે માથાં ઉપર તાજ પ્રેહરેલું છે—એક જવ બરાબરનું અદબ હાથીદાંતના તખ્ત કરતાં બેહતર છે (વધારે કીમતી છે.) રાત અને દીવસ અદબ ખરીદવાનો ધંધો કર, કે અદબથી તું ઘણી ઘણી આબરૂ પામશે.

---

## બેઅદબના ધીક્કાર વીશે.

અરે એા મારા દીકરા જો કોઇ બેઅદબ થયો તેને માથે ખોઆરી અને ખરાબી વગર બીજું કશું ફળ પ્રાપ્ત થાય નહી. બેઅદબ માણસ લુંડો અને વગર ભરોસાનો કેહવાય—હર જગામાં તું એક પાપી માણસ જેવો શરમીંદો રેહેશે. તે શખ્સની સાથે હર જગામાં લોક બેઅદબીથી વરતે—જો તે પોતાની આબરૂ ખોઇ બેસે તેમાં અજબ થવાનું શું છે. જો બેઅદબ માણસ પૈસે ટકે તવંગર હોય, તોપણ તે શખસ મોટા માણસો આગળ ઘણોજ હલકો ગણાય. જો બેઅદબ માણસ પેગંબરની ઓલાદમાંથી ઉતરેલો હોય, તોપણ તે લોકોની નઝરમાં એક ગધેડા બરાબર છે.

## ભુંડા લોકોની સંગતથી દુરી પકડવા વીશે.

અરે એ મારા વાહાલા ભાઇ જેમ તીરકમાનમાંથી દોડી જાયછે તેમજ તું પણ ભુંડાં માણુસોની સંગતથી દુર નહાસજે કારણકે ભુંડા લોકોમાં અક્કલ ઘણી કોતા રેહેછે (તેથી તેઓને ભુંડાં કામની સમજ નથી.) જો તું કાંઇ અક્કલ ધરાવતો હોય તો ભુંડા લોકો સાથે ભેલાઇશ નહી, કારણકે ભુંડાં માણુસોથી ભુંડાં કામ વગર બીજું કશું નીપજે નહી. જો ભુંડા લોક આતશની સાથે આશ નાઇ રાખે તો આતશથી તુંને નુકશાન વગર બીજું કાંઇ મળનાર નથી. અરે એ દાનાવ અને દરજાવાળા ઘણી બેબુનયાદ અને નાપાક લોકોથી તું ભલાઇની ઉમેદ ના રાખતો. તું બદ માણુસને તારાં ઘેરમાં કાંઇ માન પાન આપતો ના, નહીતર કે તે ભુંડું માણુસ તુંને કુવાને તળીયે નાખશે. અગરજો તું હુશીયાર માણુસ હોય તો બદ લોકો સાથે દોસ્તી માં કરતો કે તેથી અંતે પશેમાનીનું ફળ મળશે. જો ભાઇ અગર તું ભુંડાં માણુસો સાથે ભલાઇ કરશે તો ગેાયા તમોએ ભલા લોકો સાથે ભુંડાસ કીધો. તું બદ માણુસની તારીફ નો કરતો કેમકે તે તો બદ છે. અરે એ દાનાવ આદમી બદ માણુસથી બદી વગર બીજું કાંઇ મળવાનું નથી.

---

## લોકને દુઃખ નહી દેવું અને મીઠી વાતોથી ખુશી કરવા વીશે.

અગર તું પોતે લાયક માણુસ હોય તો બીજા લોકો સાથે લાયકી અને સભ્યતા વાપર, અને રસ્તાખેઝના દાહાડાનો દીલમાં વીચાર કર. લોકોના દીલ દુખવવામાં હરખ કરતો માં, કદાચ તું એ વાતે એક દાહાડે પસેમાની

